આવતી કાલનાં નાગરિકોનું માસિક

વર્ષ ૪૪મું · અંક ૯મો · માહે સપ્ટેમ્બર · ૧૯૬૭

તંત્રી · બચુભાઈ રાવત





ગણેશ

ગણેશ-ચતુર્થીના ઉત્સવો હમણાં પૂરા થયા. આપણે ત્યાં ખાસ કરીને દક્ષિણ તરફ એનો મોટો મહિમા છે. દૂર પૂર્વના દેશોમાંથી યે ગણેશનાં વિવિધ સ્વરૂપો મળી આવ્યાં છે. દક્ષિણ ભારતમાં સદીઓથી નાનાવિધ સ્વરૂપની ગણેશમૂર્તિઓ બનતી રહી છે. તેરમી સદીની આવી આ ૨૫૩ ઇંચ ઊંચી કાંસ્યમૂર્તિ ગયા ફેબ્રુઆરીમાં લંડનના વિખ્યાત લિલામઘર 'સૉધબીઝ'માં (જુઓ આ અંકની કલાવાર્તા) ૧૦,૦૦૦ પાઉન્ડમાં હરાજીમાં વેચાઈ હતી. અહીં એ મૂર્તિનાં સંમુખ અને પૃષ્ઠ દર્શન આપ્યાં છે. આ સાથે ભારતની બીજી પણ દેવમૂર્તિઓનું ત્યાં એક જ દિવસમાં ૬૬,૨૮૦ પાઉન્ડનું વેચાણ થયું. પોતાના કલાસંગ્રહોને સમૃદ્ધ કરવા વિદેશીઓ મબલખ નાણાં ખર્ચે છે ત્યારે આપણે જે છે તે કલાકૃતિઓને યે સાચવવાની ખેવના નથી દાખવી શકતા. [ફોટો : 'સૉધબીઝ'ના સૌજન્યથી]

સપ્ટેમ્બર ૧૯૬૭ • અંક ૫૨૫

અનુક્રમણિકા

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦

વાચકો લખે છે

નવો બોજો

◐ 'કુમાર'માં ચિત્રો આદિના છાપકામ માટે વાપરવા પડતા ખાસ વિદેશી કાગળની કિંમતમાં રૂપિયાના અવમૂલ્યનને કારણે ત્રીસેક ટકાનો વધારો તો થયો જ હતો, તેમાં સરકારે હમણાં પત્રો માટે ટપાલના દરમાં વધારો કરીને નવો બોજો ઉમેર્યો છે—અને તે પણ નાનોસૂનો નહિ, ૨૩૩ ટકાનો! આજ સુધી 'કુમાર'ના જે અંક પર ૩ પૈસા પોસ્ટેજ લેવાતું હતું તેના પર હવે ૧૦ પૈસા લેવાશે! ◐ આ નવા બોજાને પહોંચી વળવા અમારે માટે ત્રણ માર્ગ છે: ૧) પાનાં ઘટાડવાં ૨) લવાજમ વધારવું ૩) જાહેરખબરની વધુ આવક મેળવવા મથવું. આમાંના પહેલા બે માટે જીવ ચાલતો નથી. ત્રીજામાં અમે વાચકોનો સહકાર વાંછીએ છીએ. મળશે? ◐ પોતાની અથવા પોતાના પરિચિત એવા વેપાર-ઉદ્યોગની પેઢીવાળા સંસ્કારપ્રેમી સજ્જનો તરફની, ભલે નાનીસરખી, પણ ચાલુ જાહેરખબર મળ્યા કરે એટલું થશે તો યે કાંકરે-કાંકરે પાળ બંધાશે. અમે ભાવપત્રિકા મોકલીએ?

શ્રી લલિતકુમાર બક્ષીની નવલિકા 'સૂતાં ખંડેરોમાં' બહુ ગમી. છેલ્લા પૅરેગ્રાફથી વાર્તાને જે ઉઠાવ મળે છે તે આહ્લાદક છે. આવી વાર્તાઓ હર વખત આપતા હો તો? ફાધર વાલેસનું નામ જોતાં જ કોઈ પણ સામયિક કે અખબારમાંના તેમના લેખો વાંચવાનું મન થઈ જાય છે, ને તે વાંચ્યા પછી જ શાંતિ થાય છે. આ પણ 'કુમાર'ને લીધે ને? શતરંજની લેખમાળા ચાલુ રહેવી જ જોઇએ, તેમ હું નહિ પણ 'કુમાર'ના અસંખ્ય શતરંજપ્રેમી વાચકો હા ભણશે. ભલે તેઓ પછી કાગળ ન લખે.
(રાજકોટ) —એક વાચક

શતરંજની કલબો ગુજરાત-મહારાષ્ટ્રનાં કયાં શહેરોમાં છે તેની માહિતી કોઈ તરફથી મળે તો આભાર. વલસાડના શતરંજના રસિકોની સંખ્યા ('કુમાર'ના) જૂના નવા વાચકો તરફથી મળે તો અહીં તેવી કલબ સ્થાપવાની પ્રવૃત્તિ હાથ ધરી શકાય. શ્રી સુરેશ મોદીનું પૂરું સરનામું આપશો.*
(વલસાડ) —લલિતરાય શાહ
[*૬/૯ કંદહારી કૉલોની, ચેમ્બુર, મુંબાઈ-૭૧]

શ્રી શિવપ્રસાદ જોષીના ભાવાનુવાદ 'શકવર્તી સફર' અને 'વૉટરલૂનો ભાગ્યવિધાતા' માટે અભિનંદન. સ્ટીફન ઝ્વાઈગ જેવા પ્રખર લેખકનો આ રીતનો પરિચય બહુ રસપદ ને ઉપયોગી બની રહે છે.

આ પ્રમાણે જદુનાથ સરકાર, સરદેસાઈ અને આર્નોલ્ડ ટૉયન્બી જેવા સમર્થ ઇતિહાસકારોનાં સંશોધનોનો લાભ ન મેળવી શકાય?
(ઘાટકોપર · મુંબાઈ) —જયંતીલાલ વ. દવે

પ૨૪મા અંકનો 'પ્રસંગવિશેષ' વિશેષ ગમ્યો. આવા કેટલાક બનાવો તમે અવારનવાર સારા શોધી લાવો છો તે કાયમ જોતો આવ્યો છું. આ અને આવાં બીજાં કેટલાંક કાયમી આકર્ષણો જ પકડી રાખે છે ને!

ક્રિકેટના રસિયા તરીકે પ્રસંગ વાંચ્યાના આનંદ સાથે એક વાત જણાવું તો ઠીક એમ થયું, કે 'ઍશિઝ' માટેનું પાત્ર આપનાર પેલી ફ્લૉરેન્સ મર્ફી જેના પ્રેમમાં પડી તે ઇંગ્લન્ડના કૅપ્ટનનું નામ એચ. આઈ. બ્લાઈ (Ho Ivo Bligh) હતું. કદાચ મારા જેવા ક્રિકેટ-રસિકોને આ માહિતી ગમશે.
(અમદાવાદ) —ભરત ના. ભટ્ટ

ઑગસ્ટ અંકના 'ઍશિઝ'ના લખાણ વિષે:

આપે લખ્યું છે: ઑસ્ટ્રેલિયાએ ઇંગ્લંડની ભૂમિ પર પ્રથમ વિજય મેળવ્યો અને 'સ્પોર્ટિંગ ટાઇમ્સે' ઇંગ્લંડની ક્રિકેટકીર્તિની કલ્પના કરી ત્યારથી 'ઍશિઝ'નું અસ્તિત્વ શરૂ થયું. પરંતુ મારા વાંચવા અનુસાર એ પછીના વર્ષે ઇંગ્લંડ ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ગયું હતું અને ત્યાં ત્રણમાંથી બે ટેસ્ટમાં વિજય મેળવ્યો હતો ત્યારે મેલ્બોર્નના ક્રિકેટ-ચાહકોએ એક સ્ટમ્પને બાળીને તેની રાખ એક કૂજામાં ભરી તે કૂજો ઇંગ્લંડના કપ્તાન ઈવો બ્લાઈને ભેટ આપ્યો હતો અને ત્યારથી આ 'ઍશિઝ'નું અસ્તિત્વ શરૂ થયું. ૧૯૨૭માં જ્યારે ઈવો બ્લાઈ મૃત્યુ પામ્યો ત્યારે તેના વિલ મુજબ તે કૂજો એમ.સી.સી.ને ભેટ આપવામાં આવ્યો, જે આજે પણ લંડનમાં લૉર્ડ્ઝના ક્રિકેટ સંગ્રહસ્થાનમાં છે.
(વલ્લભવિદ્યાનગર) —મણિલાલ અગ્રવાલ

અંક પ૨૪માં પૃષ્ઠ ૩૧૯ ઉપર કંડિકા-૪ની ૧૨-૧૩ લીટીઓમાં જણાવ્યું છે કે 'સૂર્યદેવ પોતાની લીલા સંકેલે છે ને પ્રકાશના અભાવે 'સમીકરણ'ની ક્રિયા અટકી પડે છે.' 'સમીકરણ' શબ્દ ગણિતશાસ્ત્રનો છે; આ જગ્યાએ પ્રકાશસંમિશ્રણ (Photo synthesis)ના અર્થમાં વાપરવાનો હોય તેવું જણાય છે. તો તે સમીકરણને બદલે 'સંમિશ્રણ' જોઈએ.
(માલપરા) —કેશવલાલ મોરડિયા

ઑગસ્ટ અંક પૃ. ૩૦૬-૩૦૭ ઉપર ગોખલેજીની અવસાન તારીખ ૧૯ એપ્રિલ ૧૯૧૫ જણાવી છે. સાચી તારીખ ૧૯ ફેબ્રુ. ૧૯૧૫ છે.
(અમદાવાદ) —રસિકલાલ જાની

શ્રી ગુલાબદાસ બ્રોકરની જર્મન છોકરી વિષેની પ્રસંગકથાને 'કુમાર'માં કયી ગણતરીએ સ્થાન મળ્યું હશે?
(મુંબાઈ) —બાલ મલજી

ગુલાબદાસ શરૂઆતમાં ઝળકયા પછી ફિસ્સા થઈ ગયા લાગે છે. તેમની વાર્તાઓની માફક 'નવા ગગનની નીચે' પણ Sex લઈ આવ્યા! ચંદ્રવદનનાં લખાણો સાથે જો ગુલાબદાસને સરખાવીએ તો...સરખામણી કરી જ ન શકાય. આના કરતાં તો 'અતીતનાં પુષ્પો' વધારે સારાં. જોકે તે પણ કરમાએલાં.
(મુંબાઈ) —જશુ શાહ

ઑગસ્ટ અંકમાં શ્રી વિનોદભાઈ રાવળને 'પત્રમૈત્રી' વિષે માહિતી જોઈએ છે તે: ૧) અમદાવાદથી 'પત્ર-મિત્રમંડળ' નામે માસિક બહાર પડે છે. સરનામું: કુમકુમ પ્રકાશન, ૭૫૦, પાંચપીપળી, જમાલપુર અમદાવાદ-૧ ૨) Mr. G. V. Khokani. 'Penfriends International' Moto Chowk, New Vas, Post Madhapur, Dist. Bhuj.
(અમદાવાદ) —રાજેશ શાહ

'કુમાર' શિષ્ટ વાચન માટે ચિંતા રાખે છે. અંક પર૪માં 'નવા ગગનની નીચે' વાંચી દિલગીરી થઈ. ઊગતી પ્રજાના હાથમાં આવી વાતો ઇચ્છવાયોગ્ય નથી. વધુ જાગ્રત રહેશો.

(મુંબાઈ) —જયંતીલાલ ર. મહેતા

'જીવનપટનાં સ્મૃતિચિત્રો' તથા 'અતીતનાં પુષ્પો' બંધ કરવા કેટલાક વાચકોની સૂચના વાંચી આશ્ચર્ય થયું. અલબત્ત, સૌની રસવૃત્તિ જુદીજુદી હોય તે સ્વાભાવિક છે. મારા જેવો વાચક તો ઇચ્છે કે ભૂતકાળના આવા પ્રસંગોથી નવી પેઢી માહીતગાર થાય તે માટે જેટલા વધારે અપાય તેટલા સારા.

(વાંકાનેર) —છોટાલાલ માનસિંગ કામદાર

'કુમાર'ની જૂની ફાઈલ જોતાં જુલાઇ '૪૭માં 'અદ્ભુત ઘઉં' વિષે માધુકરીમાં લખાણ જોયું. એનો પ્રયોગ રશિયામાં થએલો ને ૩૪૦૮૫મો પ્રયોગ સફળ થયો તે જણાવી અંતમાં જણાવો છો કે 'હિંદ સરકાર આનો વાવણીનો પ્રયોગ કરી રહ્યું છે એમ જણાય છે.' એમાં લખ્યું છે: 'આ ઘઉંની સૌથી આશ્ચર્યજનક બીના એ છે કે તે ગમે તેવા હવામાનમાં ઊગી શકે છે. વરસાદ બિલકુલ ન પડે તો પણ તે સુકાઈ જતા નથી, અને મૂશળધાર વરસાદ પડે તો ય સડી જતા નથી; હિમ પડે તો પણ તેને તે મચક આપતા નથી. વળી તે ગમે તેવી જમીનમાં પાકી શકે છે. જમીનમાં ઘાસ ઊગે છે તેમ તે ઊગે છે અને એક વખત વાવ્યા પછી દર વર્ષે વાવવાની જરૂર પડતી નથી. તે કદી નાશ તો પામતા જ નથી. કૅનેડાના સારામાં સારા ઘઉંના જેવા જ ઉત્તમ ગુણો તે ધરાવે છે.'

આમ જો બને તો એ સારા દેશને અદ્ભુત રીતે દુકાળમાંથી ઉગારી શકે, એટલું નહિ પણ સુકાળમાં ય અપાર સમૃદ્ધિ વધે. પણ આપણા દેશમાં પ્રયોગનું શું થયું? માહિતી આપશો, અગર તો પછી આ વિસરાયેલી હકીકત લાગતાવળગતા સરકારી ખાતા (કેન્દ્ર અને રાજ્ય બંને)ના ધ્યાન પર ન લાવો?

(ભુજ) —રાજેન્દ્ર વૈદ્ય

પર૪ અંકમાં બાળગંધર્વના સંપાદકીય લેખમાં માત્ર ૧૦ વર્ષની વયના હતા ત્યારે 'બાળગંધર્વ'નું બિરુદ આપ્યાનું કહ્યું છે. પરંતુ મૃણાલિની દેસાઈવાળા લેખમાં તે ૧૮ વર્ષની વયના થયા અને 'શારદા'માં પ્રથમ અભિનય આપ્યો, તે જોયા પછી તિલકે એમને બિરુદ આપ્યાનું જણાવ્યું છે. સાચું શું?

(ભરૂચ) —હરીશ ભટ્ટ

'બાળગંધર્વને અંજલિ' (અંક પર૪)માં લેખિકા બહેને સ્વ. બાલગંધર્વના સંદર્ભમાં શાસ્ત્રીય સંગીતના જે વિચારો દર્શાવ્યા છે તેમાં સંગીતની દૃષ્ટિએ ભૂલો જણાય છે. દા. ત. 'નાથ પછીની નવમી માત્રા બાદ અનાઘાત નવ સ્વરોના' વગેરે વાક્ય છે, એમાં ઘણું અસ્પષ્ટ છે. આ પદ 'હારવા મોરા દે' નામની યમનની ધીમા તિન તાલની ચીજ પરથી, એ જ તાલમાં ગવાએલું છે. તેમાં 'નાથ' લગભગ પંદરમી માત્રા પછી આવે છે. તો તેના પછીની નવમી માત્રા કયી? વળી અનાઘાત નવ સ્વરો એટલે શું? તાલમાં અનાઘાત સમ હોય, સ્વર નહિ. નવમી માત્રા એ તિન તાલમાં 'ખાલી'થી ઓળખાય છે.

વળી તિલક કામોદ રાગ ક્ષુદ્ર ગીતાઙ્ગ છે. તેમાં આંદોલિત નિષાદ આવી શકે નહિ. તેનું ચલન વક્ર છે. આંદોલિત કોમલ નિષાદ 'ખટ' જેવા ગમકયુક્ત રાગોમાં કે કાનડાના પ્રકારોમાં આવે છે. તદુપરાંત 'કરીન યદુમની સદના'ની 'લયની બંદિશ' એટલે શું? બંદિશ તો કોઈ પણ રાગમાં ગવાતી ચીજની હોય, જેને સ્વર સાથે નિસ્બત છે. લય એટલે તાલની ગતિ. તેને સ્વરની બંદિશ જોડે લેવાદેવા શી? લય, રાગ, બંદિશ, એ શબ્દો સંગીતની પરિભાષામાં અલગ અલગ રીતે વપરાય છે. ઉપરાંત, 'કરીન યદુમની સદના' એ જંગલાની મશહૂર ઠુમરી 'કાહેરી નનદિયા મારે બોલ' પરથી રચાએલું પદ છે. એ તિલક કામોદમાં ગવાએલું નથી. તેમાં આંદોલિત નિષાદનો કોઈ પ્રયોગ શ્રી બાલગંધર્વે કર્યો જ નથી. એ રાગમાં એવો પ્રયોગ થઈ શકે જ નહિ, તો પછી આવા શ્રેષ્ઠ ગાયક કરે જ કેવી રીતે? તેમણે તિલક કામોદમાં 'મમ સુખાચી ઠેવ દેવા' એ પદ એ જ નાટકમાં 'કરીન યદુમની સદના' એ પદ ગવાતાં અગાઉ ગાએલું છે, જે તિલક કામોદની તેવી જ મશહૂર ચીજ 'સુરસંગત રાગવિદ્યા'ની બંદિશ પરથી લેવાએલું છે. ને તેમાં પણ આંદોલિત નિષાદના કોઈ સ્વરપ્રયોગ નથી. જંગલા કે તિલક કામોદમાં આંદોલિત નિષાદનો પ્રયોગ શાસ્ત્રીય સંગીતની દૃષ્ટિએ વર્જ્ય છે. મને લાગે છે કે લેખિકા બહેન 'આંદોલિત નિષાદ' નહિ. પણ 'મીંડમાં કણ સ્વર તરીકે નિષાદનો પ્રયોગ' કહેવા માગતાં હોય. તો પછી શુદ્ધ કે કોમલ, કયો નિષાદ? ઉપરના રાગમાં શુદ્ધ નિષાદ લેવાય છે; કોમલ તો લેવા ય જ નહિ. મારી પાસે આ બધાં પદોની મૂળ રેકર્ડો છે તેને આધારે મેં આ હકીકત લખી છે.

(અમદાવાદ) —સાધુરામ યોધ

યોગ : માર્ચના અંકમાં શ્રી શેઠે દાખવેલા નિરાશાના સૂરના જવાબમાં શ્રી યાજ્ઞિકે નિરાશા ન સેવવા ઉચિતરીતે જ જણાવ્યું છે. છતાં યોગની પ્રક્રિયાઓ અને તેની પસંદગીમાં ખૂબ સાવધાની રાખવી જરૂરી છે. આશ્રમોમાં કરાવાતી યૌગિક ક્રિયાઓનો લાભ, આરોગ્યના એક નિત્યક્રમ (દૈનિક હાઇજિન) તરીકે સામાન્ય જનતાને લેવાનું શક્ય નથી. આમે હઠયોગની ક્રિયાઓ ગુરુગમ્ય છે. તેના ઉત્તમ ફલાદેશો જ તેની સિદ્ધિમાં રાખવી જોઈતી સાવધાનીનો નિર્દેશ કરે છે. પ્રત્યાઘાતી વિક્રિયા (એલર્જી)નો ખયાલ રાખ્યા વિના સામાન્ય દાક્તરો એન્ટિબાયોટિકો આપ્યા જ કરે, અને સર એ. ફ્લેમિંગ જેવા નિષ્ણાતોના સાવધાનીના સૂર તરફ ધ્યાન ન રાખે, તેમ સિદ્ધ હઠયોગીની ઉચિત દોરવણી કે તેમના આપ્તવાક્યના અભ્યાસ સિવાયની યૌગિક ક્રિયાઓ થતી હોય કે કરાવાતી હોય, તે લાભદાયક તો નહિ પણ નુકસાનકારક થઈ પડે. રસાયનના સેવનમાં રાખેલી ગફલતની જેમ ખૂબ કાળજીથી કરેલી આસનસિદ્ધિ પછી તેવી જ રીતે કરેલા ત્રણ બંધ, અને નાડીશોધન બાદ પ્રાણાયામનો અભ્યાસ અતિ સાવધાનીથી કરવો જોઇએ. અહીં હઠયોગનાં ચાર અંગ પૂરાં થઈ યોગી રાજયોગમાં પ્રવેશવા લાયક બને છે. માટે केवलं राजयोगाय हठयोगो निगद्यते।

શોધન માટે હઠયોગમાં છ કર્મો છે, જે ચોકસાઈથી સમર્થ ગુરુની હાજરી–દોરવણીથી જ થઈ શકે. હઠયોગમાં હ = સૂર્ય અને ઠ = ચન્દ્ર. નસકોરાંમાંથી જમણાથી વહેતા પિંગલા નાડી અને ડાબેથી વહેતા ઈડાનાડીના પ્રવાહને ચન્દ્ર નાડી કહે છે. તે બંને નાડીઓની પરિશુદ્ધિ એટલે જ તનમનનું (સાઈકોસોમેટિક) સંપૂર્ણ આરોગ્ય. છ કર્મો સિવાય અતિ સહેલો માર્ગ નાડીશુદ્ધિ માટે આપ્તયોગીઓએ બતાવ્યો છે. સામાન્યરીતે આરોગ્યસાચવણી માટે જે યૌગિક વ્યાયામ થાય છે તે સહેલાં ત્રણચાર આસનો, યોગકૃતિઓમાં સૂચવેલાં હળવાં પ્રાણાયામોનો છે. આ યુગમાં ખોરાક, હવા ચિંતા, જંતુ, ઈ○ નાં ટૅાક્સિન્સ (વિષ)થી થતાં ઘોવાણ (ઇરોઝન)ની સામે શરીરનું ડિફેન્સ મિકૅનિઝમ (રક્ષણવ્યવસ્થા), યૌગિક વ્યાયામ નિર્માણ કરશે. સર્વાંગાસન મત્સ્યાસન, પશ્ચિમોત્તાન, ભુજંગાસન ઈ. બસ છે. શીર્ષાસન નહિ જ; કારણનું કથન લાંબું છે. અનુલોમ વિલોમ ઉજ્જાયી ૧૦ પ્રાણાયામ બસ છે. પણ સૌથી મહત્ત્વનું છેલ્લું શબાસન, જેના વગર કોઇએ યૌગિક વ્યાયામ ન જ કરવો હિતાવહ છે. કારણ વિસ્તૃત છે. ‘કુમાર’ના ૧૯૫૮ના જૂન અને ઑગસ્ટના બે અંકોમાં ‘યોગ’ પર મારા બે વિસ્તૃત લેખો છે. આ કૅાલમમાં આટલું લખાણ પણ વિસ્તૃત છે. કોઈ પણ માણસ નિર્ભયતાથી ઉપર નિર્દેશેલો યૌગિક વ્યાયામ કરી, રોગ, અકાલ મૃત્યુ ઈ○ની કરુણતાઓ નિવારી શકે છે. પણ ચોંપથી મક્કમતાથી તેનું દીર્ઘકાલ સુધી, શીઘ્ર ફળની અધીરાઈ વગર સેવન કરવાની શરત પહેલી છે.

(પાટણ) —દેવેન્દ્ર પુ. મજમુદાર

૫૨૪મા અંકમાં છેલ્લા પાના પર ખલિલ જિબ્રાનનું વાક્ય જોઈ બહુ આનંદ થયો. જે નાના પ્રસંગમાંથી આ ઉદાત્ત વિચારનો આવિર્ભાવ થયો એ વાચકોને જાણવું ગમશે.

એક વાર જિબ્રાન એમના મિત્ર સાથે મોટરમાં જતા હતા, ત્યાં રસ્તામાં એક વૃદ્ધ મોટર નીચે કચડાતાં સહેજમાં બચી ગયો. જિબ્રાન તરત જ મોટરમાંથી ઊતરી ગયા અને ચાલતા જવાનું પસંદ કર્યું, આથી તેમના મિત્રે કહ્યું કે ‘એમ તો તમે પણ કદાચ કોઇ મોટર નીચે કચડાઈ જાઓ’. ત્યારે જવાબમાં જિબ્રાને એને ઉપરનું વાક્ય કહી સંભળાવેલું. જિબ્રાન જીવનનાં કંઈ કેટલાંયે સૌંદર્યો અને સત્યોને સરળતાથી રજૂ કરનાર જ્ઞાની આત્મા હતા.

(નડિયાદ) —જગદીશ પરીખ

મારા મકાનમાં ઊધઈનો ઉપદ્રવ છે અને કેરોસીન–ડી. ડી. ટી.થી નાશ કરવાના તથા અટકાવવાના પ્રયત્ન સફળ થયા નથી. જેઓ આ વિષે જાણતા હોય તેઓ જણાવશે?

(માહીમ-મુંબાઇ) —ગુણવંત ર. શાહ

સ્વ. પન્નાલાલ ઘોષની કથની તથા કરણી અંગે તેમનું મૌલિક કે અન્ય વડે રચાએલા સાહિત્ય તથા તેમની તસવીર અંગે ક્યાંયથી પણ હું કંઈ મેળવી શકું તો જાણવા ઇચ્છું છું.

(ભુજ) —કિરીટેન્દ્ર વૈષ્ણવ

૫૧૭મા અંકમાં શ્રી રોહિત વોરાએ રજૂ કરેલ સરસ ‘ગાણિતિક યંત્ર’માં હજી (શ્રી ભૂપેન શાહ તથા શ્રી ભાનુશંકર યાજ્ઞિકે અનુક્રમે ૫૧૮મા અને ૫૧૯મા અંકમાં થોડુંથોડું સુધરાવ્યા પછી પણ) બે સુધારા રહી જાય છે : ૧) ‘આમાં એક આંકડો એક જ વાર વપરાય છે’ એ બરાબર નથી; ૮૨ બે વાર આવ્યા છે. ૨) એક ૮૨ની સાથે ૩૨ને બદલે ૬૨ જોઈએ.

૨૮૮૦વાળા કેન્દ્રસ્થ વર્તુળમાંથી ફૂટતી અને ફેલાતી ૧૦ વર્તુળશ્રેણિઓનાં ૩૦ વર્તુળો ત્રિજ્યાસ્થાને ગોઠવાઈને ‘યંત્ર’ને ટૂંકું, ગંઠીલું, ચોટદાર અને દર્શનચારુ એવું પૂર્ણવિકસિત પુષ્પનું વર્તુળાકાર રૂપ આપે છે, એ રજૂઆત ખરે જ હૃદ્ય છે. દસમા ધોરણના ‘પ્રાથમિક ગણિત’ના વિદ્યાર્થીને પણ જાણીતા બીજગણિતના એક સાદા સરળ નિત્યસમ (Identity)-નો કલ્પનારમ્ય વ્યવહારુ ઉપયોગ આમાં કરાયો છે, નિત્યસમનું સૂત્ર છે :

$\text{अब} = \{ \tfrac{1}{2} (\text{अ}+\text{ब}) \}^{2} - \{ \tfrac{1}{2} (\text{अ}-\text{ब}) \}^{2}$. કોઈ પણ સંખ્યાના अ અને ब એવા બે અવયવો પડે તો તે સંખ્યાને આ રીતે બે વર્ગોની બાદબાકીના રૂપમાં મૂકી શકાય. કોઈ પણ સંખ્યાના બે અવયવો અસંખ્ય (infinite) રીતે પડે છે, તેથી તે સંખ્યાને અસંખ્ય રીતે બે વર્ગોની બાદબાકીના રૂપમાં મૂકી શકાય.

જે બે વર્ગો મળે તે પૂર્ણાંક જ જોઈતા હોય તો સંખ્યાના બે અવયવો કાં તો બન્ને એકી-એકી અને કાં તો બન્ને બેકી-બેકી જ જોઈએ, તે સમજી શકાય એવું છે ૨૮૮૦ = ૩ × ૯૬૦ કે ૧૫ × ૧૯૨ કે ૪૫ × ૬૪ પણ થાય. પરંતુ તેમાં એક અવયવ એકી અને બીજો બેકી છે, તેથી તેના અવયવો દરેક વખતે અપૂર્ણાંકોના વર્ગો આપે.

દા.ત. ૨૮૮૦ = ૪૫ × ૬૪

$$= \{ \tfrac{1}{2}(૬૪+૪૫) \}^{૨} - \{ \tfrac{1}{2}(૬૪-૪૫) \}^{૨}$$

$$= \left(\frac{૧૦૯}{૨} \right)^{૨} - \left(\frac{૧૯}{૨} \right)^{૨}$$

આ પ્રમાણે ૨૮૮૦ એ કોઈ વિશિષ્ટ સંખ્યા નથી. ઉપરનું સૂત્ર વાપરી કોઈ પણ સંખ્યા માટે આવી શક્યતાઓ વિચારી શકાય.

દા.ત. $૭ = (૪)^{૨} - (૩)^{૨}$


$૨૪ = (૭)^{૨} - (૫)^{૨}$ કે $(૫)^{૨} - (૧)^{૨}$

$૬૩ = (૮)^{૨} - (૧)^{૨}$ કે $(૧૨)^{૨} - (૯)^{૨}$ કે $(૩૨)^{૨} - (૩૧)^{૨}$

અને એ જ રીતે કોઈ પણ સંખ્યા માટે.


(જૂનાગઢ) —કનુ રા. ડાભી

ફેફસાં






સમગ્ર માનવશરીરમાં ફેફસાંનું સ્થાન ક્યાં અને કેટલું છે તે દર્શાવતી ← આકૃતિ.




માનવશરીરમાં પાંસળીઓના રક્ષણ નીચે ડાબા-જમણા ભાગમાં ગોઠવાએલાં ફેફસાંનું વજન માત્ર બે જ રતલ છે, પણ એમાં ૧/૫૦ ઈંચ જેટલી પહોળાઈ સુધીની અઢી કરોડ સૂક્ષ્મ શ્વાસનલિકાઓ વિસ્તરેલી છે તેને છેડે કોલીફ્લાવર કે દ્રાક્ષના ઝૂમખા જેમ ગોઠવાએલા ટાંકણીની અણીથી યે નાના ૪ અબજ વાતકોષો છે. તેમાં શ્વાસ દ્વારા માણસ રોજ ૨૫૦૦૦ વાર ઑક્સિજનયુક્ત તાજી હવા ભરે છે. આ વાતકોષોનો સમૂહ એ ફેફસાં. જમણું ફેફસું ડાબા કરતાં થોડું મોટું છે ને તેમાં ત્રણ વિભાગો છે. ડાબામાં બે વિભાગ છે. તેના છાતીની મધ્ય તરફના ગાળામાં હૃદય સમાય છે. ફેફસાં વાદળી જેવાં હોઈ પાણીમાં મૂકીએ તો તરે છે. નવજાત બાળકનાં ફેફસાં રંગે ગુલાબી હોય છે, પણ ઉમર વધતાં એના પર હવામાંનો કચરો લાગતો રહી એ ભૂખરા રાખોડી રંગનાં બની જાય છે.

શ્વાસ વડે વાતકોષમાં આવેલી હવામાંનો ઑક્સિજન લોહીમાં કઈ રીતે ભળે છે એ નીચેની બે સરળ આકૃતિઓમાં દર્શાવ્યું છે. વાતકોષ અને તેને વીંટળાએલી સૂક્ષ્મ રક્તવાહિનીઓની વચ્ચે માત્ર વાતકોષની દીવાલનું અતિ પાતળું આવરણ હોય છે. હવામાંનો ઑક્સિજન (આકૃતિમાં પોલા ગોળાકારો) એની આરપાર જઈ રક્તવાહિનીમાંના લોહીમાં પ્રવેશે છે અને એ જ રીતે લોહીમાંનો કાર્બન ડાયોક્સાઈડ(કાળા ગોળાકારો) વાતકોષમાંની હવામાં ભળે છે. રક્તાભિસરણ દ્વારા લોહી શરીરના પ્રત્યેક કોષમાં ઑક્સિજન પહોંચાડે છે.

વાતકોષનાં ત્રણ દર્શન (ઉપર)
(૧) અતિ સૂક્ષ્મ રક્તવાહિનીઓ (કેશવાહિનીઓ)થી વીંટળાએલા વાતકોષ.
(૨) કેશવાહિનીઓના આવરણ વિના ઝૂમખા જેવા દેખાતા વાતકોષ. અને
(૩) આડછેદ વડે દેખાતું વાતકોષોમાંનું અંદરનું પોલાણ.





છાતીમાં તદ્દન શૂન્યાવકાશ વચ્ચે લટકતાં ફેફસાંનું સંકોચન-વિસ્તરણ ઉદરપટલની સહાયથી થાય છે. શ્વાસ મૂકતાં ઉદરપટલ ઉપર ખેંચાય છે. તેથી ફેફસા પર દબાણ આવી એમાંની હવા બહાર નીકળે છે. શ્વાસ લેતાં ઉદરપટલ નીચે ઊતરે છે, ને છાતીમાંનું પોલાણ વધતાં બહારની હવા આપમેળે વાતકોષમાં પ્રસરી જાય છે. શ્વાસોચ્છ્વાસની આપમેળે ચાલતી આ ક્રિયા પર આપણે થોડો કાબૂ પણ રાખી શકીએ છીએ. દસ જ મિનિટ આ ક્રિયા થંભી જાય તો માણસ મરણ પામે છે.

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન અને સંસ્કારઘડતરનું માસિક કુમાર ૫૨૫
સપ્ટેમ્બર ૧૯૬૭
તંત્રી · બચુભાઈ રાવત

પાલવ ફરકે

ભાનુપ્રસાદ પંડ્યા

કટાવ · સવૈયા

છને ટકોરે...
રાતી દોરી મેલી કોરે
પથ્થરના રૂપાળા ઢગલા
ભણી ચરણ દોરાય!
ખેતરવા છેટેથી પેખું
બારીના સળિયા પકડીને
બંદર રમતાં દેખું!
સ્થિર ખાટનાં કડાં
અઘોરી મૌન મૂકી
હરખાય!
હારબંધ લોટા ને પ્યાલા
(આ પહેલાં જે રિસાએલા)
ઊભા દૂરથી મરકે!
અને એટલે
કાયમના ઉદાસ શ્વાનનું
હાસ પુચ્છમાં થરકે!
નળિયા પર ધુમાડો સરકે
પથ્થર વચ્ચે પાલવ ફરકે!
પથ્થર પથ્થર ઘર થઈ બરકે!

દુર્દૈવ / હરિકૃષ્ણ રા. પાઠક

પંડ ઉપર પીઠી ચોળીને,
સુઠ્ઠી ફાટે એવું જોબન
અંગઅંગમાં ભરીભરીને,
મત્ત ઝૂમતી ઊંબી ઝંખે :
સૂસવતો શિયાળો
લઈને હૂંફ ભરેલી ટાઢ
ક્યાહરે આવી મારાં
રોમ રોમને વીંધે,
ક્યારે ભીંસે મારાં ગાત.
ત્યાં તો—
અણધાર્યો આવીને તરસ્યો
મેઘ માવઠું અનગળ વરસ્યો!

(ડૉ.) ચન્દ્રકાન્ત દત્તાણી / પ્રીત

· ગાન ·

આંખમાં કેસરકિરણ, ખૂલ્યું હોઠમાં સોનલ સ્મિત,
ઝાકળને જલ ઝબૂક ઝૂલ્યું ફૂલનું ફોરમગીત;
પલમાં પાંગરી પ્રીત.

પલમાં આંખનાં પંખ ઊડ્યાં ને પલ પરોવી ચાંચ,
વનને રોમેરોમ લીલુડો પ્રગટ્યો ત્યાં રોમાંચ;
અંબવા ઓથે અધર અધર ગ્હેકરતું મિલનગીત,
રેશમ એના સૂરનો કોયલ ટહુકો ઝીલે નીત.

દિન દિસે અવ સોનનો ચંપો, રૂપનું કમલ રાત,
આપસના અજવાશમાં બધું રૂપમ ને રળિયાત;
ઉરનો વેરે વૈભવ એને વ્હાલનું મળે વિત્ત,
ચાંદની જેવા રૂપને મળ્યા ચંદરમા શા મીત.
આભના આખા બાગમાં હવે ફોરતી પૂનમપ્રીત!

મનહર તળપદા / વનવગડે

· શિખરિણી ·

અષાઢી છાયામાં પૂંછ મરડતાં, છાણ લપટ્યાં
મહિષી-ટોળાંને, લથબથ થતાં બાલ (વરસી
રહેલા મેઘે)માં હું ય બટુકડો ગોપ બનીને
ગયો હંકારી સૌ લીલીછમ ક્ષિતિજે, ધસમસી
રહેલાં લીલેરી, ભીની ભીની, મીઠી ગંધ ચરવા!

અને રોંઢા ટાણે જળ ટપકતી ઓઢણી મહીં,
હળેથી છોડીને વૃષભ, (ધરતીને ગલીપચી
કરી!) ને ઢેફાળા, શ્રમિત તનમાં ભૂખ સઘળી
ભરી આકાશેથી, જગત સઘળું બાથ ભરતાં
ભીંસી નાખ્યું!

નાની કૂણીકૂણી ખીલેલી, મધુરપ
ભરી મેંદી શેઢા ઉપર વગડે શીઘ્ર ચૂંટતી
હથેલીઓમાં બે, મુજ હૃદયના રંગ સઘળા
જઈ છાનામાના......!
અષાઢી છાયામાં અદીઠ જગથી મેં પૂરી દીધા!

ગોપજીવનના ત્રણ પ્રસંગોને પોતે નાયક
રૂપે માણતા હોવાના ભાવનું નિરૂપણ

જીવનદર્શન - ૩

સાધ્ય એક · સાધનો અનેક

ફાધર વાલેસ

ચિત્રકારના હાથમાં પીંછી ને રંગો મૂક્યાં છે : પોતાનું કલાસર્જન એ કરી શકે એ માટે.

શિલ્પીના હાથમાં ટાંકણું ને આરસપહાણ મૂક્યાં છે : પોતાની કલ્પનાની મૂર્તિ એ પથ્થરમાં કંડારી શકે એ માટે. તમારા હાથમાં સૃષ્ટિનાં બધાં વાનાં મૂક્યાં છે–પૃથ્વીની સમૃદ્ધિ, માનવજાતના સંસ્કારો અને આધુનિક યુગની સગવડો મૂક્યાં છે : તમારું જીવનલક્ષ્ય તમે સાધી શકો એ માટે.

તમારી આસપાસ જે જે બધી વસ્તુઓ છે—મકાન ને મિલકત, પૈસા ને પુસ્તકો, અરે તમારા દેહ, મન ને બુદ્ધિ સુધ્ધાં, એ તમારે માટે પીંછી ને ટાંકણા રૂપ છે : તમારી કલાકૃતિ સર્જવા સારુ. એ કીમતી છે, આકર્ષક છે, મોહક છે... પણ સાધનો જ છે.

હથિયારો, ઓજારો, સાધનો.

જીવનસંગ્રામનાં શસ્ત્રો. આત્મ-કલાકારની સાધનસામગ્રી.

એમનો છૂટથી ઉપયોગ કરો; કારણ કે એ તમારાં છે. એમાં કંજૂસાઈ ન રાખો; કારણ કે એ તમારી ઉદાર વપરાશ માટે છે. પણ આટલું યાદ રાખો કે એ સાધનો જ છે; સાધ્ય નથી. તે બીજું કોઈ ને સાચા મહત્ત્વનું કામ કરવા માટે છે; તે લઈને બેસી રહેવા કે તેમના મોહમાં પડીને તેમની ઉપાસના કરવા માટે નથી. પીંછી લઇને ચિત્ર ચીતરવાનું છે, નહિ કે પીંછીનું ધ્યાન ધરવાનું. ધનુષ્ય લઇને દુશ્મનની સામે બાણ છોડવાનું છે, નહિ કે ધનુષ્યના સૌંદર્યનું દર્શન કરતા રહેવાનું.

હાથ-પગ, ને પૈસા-વિદ્યા, ને આવડત-સગવડ લઇને જીવનધ્યેય મૂર્ત કરવાનું છે, સમાજનું કલ્યાણ સર્જવાનું છે, નહિ કે હાથ-પગ કે પૈસા-વિદ્યા-સગવડની પૂજા કરવાની.

સાધનનો ધર્મ એમાં છે કે તે કામ આવતું રહે ત્યાં સુધી વપરાય, અને નકામું થાય ત્યારે ફેંકી દેવાય. તમારે વડોદરા જવું હોય તો વડોદરાની ટિકિટ લઇને ગાડીમાં બેસો છો અને વડોદરા સ્ટેશન આવ્યે ઊતરી પડો છો. ગાડી ભલે આગળ જાય, મુંબાઈ સુધી જાય;

તમારે વડોદરાનું કામ હતું, એટલે વડોદરા સુધી ગાડીનો ઉપયોગ કર્યો; પછી છોડી દીધી. સ્વાભાવિક છે; એમાં આશ્ચર્ય જેવું કશું નથી; બધા હમેશાં એમ જ કરીએ છીએ.

એમ? હમેશાં? બીજા એક સાધનનું ઉદાહરણ લઈએ. ખોરાક. એ પણ એક સાધન છે: દેહને ટકાવવા માટે. હવે, આપણે ખાવા બેસીએ ત્યારે દેહનું પોષણ કરીએ ખરા; પણ એ તબક્કો વટાવીને, પાછળ મૂકીને, ને આગળ વધીને સ્વાદને ખાતર જ ખાતા રહીએ છીએ. ઊતરવાનું સ્ટેશન ક્યારનું ય આવ્યું ને ગયું, પણ આપણે ગાડીમાં બેઠા તે બેઠા. પરિણામે દેહને ફાયદો થવાને બદલે નુકસાન પણ પહોંચે છે; એટલે કે એક સાધનનો વિપરીત ઉપયોગ કરવાથી વિપરીત પરિણામ પણ આવે છે. શું આ પણ સામાન્ય અનુભવ નથી?

સાધનનો ધર્મ જેટલો સમજવો સહેલો છે તેટલો અમલમાં મૂકવો અઘરો છે. ઉપયોગી થાય ત્યારે જ લેવાનું, કામ લાગે ત્યાં સુધી જ વાપરવાનું, મદદરૂપ થાય તેટલું જ સ્વીકારવાનું. પ્રથમ સાધ્ય નક્કી કરીને તે પ્રમાણે સાધનોનું માપ લઇને વસાવવાનાં વિવેકની ફૂટપટ્ટી. જીવનની કરકસર. જેટલું...તેટલું; જ્યાં સુધી... ત્યાં સુધી.

આ વાત જીવનના પરમ સાધ્યને, આત્મવિકાસને, જીવનધ્યેયની સાધનાને લાગુ પાડીએ તો એનું વિશેષ મહત્ત્વ તરત નજરે પડે છે; કારણ કે એ પરમ ધ્યેયની આગળ બીજી બધી વસ્તુઓ સાધનો જ છે. એમાં આપણે સાધનને પહેલેથી જ વળગી રહીને સાધ્ય ભૂલી જઇએ ત્યારે કરુણ અનર્થ સર્જાય. છતાં પણ એ એક સામાન્ય ને રોજિંદો અનુભવ છે.

પૈસા એક સાધન છે; તો પણ, આપણે પૈસા ને પૈસા જ જોઇએ છે, બને તેટલા વધુ એમ મનની સાથે પહેલેથી જ નક્કી કરી લીધું છે; પછી એ પૈસા ખરેખર જીવનની સાચી નેમ માટે મદદરૂપ થશે કે નડતરરૂપ થશે એ જોવાની ફુરસદ મળતી નથી.

સત્તા એક સાધન છે, તો પણ આપણે એ ઝૂંટવી લેવા આંધળી દોટ મૂકીએ છીએ; પછી સત્તાને લીધે આપણો ઉદ્ધાર થશે કે પતન એનો વિચાર કરવાની તસ્દી લેતા નથી.

આયુષ્ય એક સાધન છે, પણ આપણને લાંબું આયુષ્ય જ જોઇએ; કીર્તિ એક સાધન છે પણ આપણને ઊંચી નામના જ જોઈએ; સુખ એક સાધન છે પણ આપણને સુખ જ જોઈએ. પહેલી વૃત્તિ સાધનને પકડી લેવાની; પછી એ ખરેખર મૂળ કામ માટે ઉપયોગી થશે કે કેમ એ વાત સાવ વિસારે પડવાની.

ડિગ્રી પણ એક સાધનમાત્ર છે, તો પણ, અનેકવાર, સંજોગોને લઈને, ડિગ્રી માટે અવકાશ કે પાત્રતા ન હોવા છતાં, નાદાન છોકરો કે ઘરનાં નાદાન માણસો-સૌથી પ્રથમ ડિગ્રી લેવા-લેવડાવવાની હઠ પકડે છે. ડિગ્રી તો સાધન છે-અનુકૂળ સંજોગોમાં જીવન વધુ સમૃદ્ધ બનાવવા માટે. તેથી પ્રથમ જીવનની સફળતા નજર સામે રાખવાની, અને પછી આ જ છોકરાનું જીવન સફળ બનાવવામાં ડિગ્રી ખરેખર મદદ કરશે કે વિઘ્ન ઊભું કરશે એ તટસ્થ ભાવે તપાસવાનું. પણ આપણી તો ઊંધી જ ચાલ! પ્રથમ રસ્તો—સાચો કે ખોટો—પસંદ કરવાનો, ને પછી જ્યાં જવું હતું ત્યાં પહોંચવાની આશા રાખવાની! પણ ગામના નામનું પાટિયું જ જોઈને રસ્તો પસંદ કરો; તો ઘેર પહોંચવાની ખાતરી પાકી ને!

પણ આપણે રસ્તાનું લક્ષ્ય બનાવ્યું; અને લક્ષ્યનો રસ્તો બનાવ્યાં. સાધનનું સાધ્ય, અને સાધ્યનું સાધન. ગાડું આગળ ને બળદ પાછળ. તળે-ઉપરની દુનિયા; શીર્ષાસનની સૃષ્ટિ: નીચે માથું અને ઉપર પગ. માયાસુરનો મહેલ: ભીંત ત્યાં હવા અને હવા ત્યાં ભીંત! ખરું કર્યું આપણે માનવીઓએ!

અમેરિકા ખંડની શોધ થઈ અને યુરોપથી સ્પૅનિશ સૈનિકો ત્યાં ગયા ત્યારે ત્યાં છૂટથી મળતું સોનું જોઇને તેઓ લલચાયા. યુરોપ પાછા જતી વખતે પોતપોતાના સામાનમાં તે ભરચક સોનું ભરી લેતા. આટલું સોનું લઇને વતન પહોંચે એટલે પછી જિંદગી આખી સુખેથી પસાર થઈ જવાશે ને!

એમાં એક વાર એવું બન્યું કે સાહસવીર હેર્નાન કૉર્તેસની નેતાગીરી હેઠળ સ્પૅનિશ સૈનિકો મેક્સિકો છોડી પાછા જવાના હતા ત્યારે ત્યાંના આદિવાસીઓએ બળવો પોકાર્યો, ને સૈનિકોને રાતોરાત નાસી જવું પડયું. રાતોરાત ભલે ઊપડવાનું થાય, પણ સોનું કેમ ભુલાય? સોનાનાં પોટલાં બાંધીને ને તેનો ભાર હર્ષથી ઊંચકીને ચૂપકીદીથી નીકળી પડ્યા. પણ આદિવાસીઓએ તેઓને જોયા અને તેમનો પીછો પકડયો, એટલે એ સૈનિકો માટે ખરું ધર્મસંકટ ઊભું થયું: સોનું છોડતાં જીવ ન ચાલે, અને સોનું છોડયા વિના પગ જ ઝડપથી ન ચાલે ને જાન જોખમમાં આવે!

અનેક સૈનિકો પરિસ્થિતિ પામી ગયા છતાં સોનાને વળગી રહ્યા, ને આદિવાસીઓનાં તીર-ભાલાંના થોડા નિશાન બન્યા. સોનું ફેંકી જીવ લઇને નાઠા. સોનું વહાલું, પણ જિંદગી વધુ વહાલી. કૉર્તેસના કહેવા મુજબ અર્ધા ભાગના સૈનિકો સોનાના લોભથી કપાઈ ગયા.

સોનું એક સાધન હતું–બાકીની જિંદગી સુખથી પસાર થવા માટે, એટલે કે જીવવા માટે જ. પણ એ સાધનને સાધ્ય બનાવીને આગળ ધરવાથી અનર્થ થયો. સોનું જીવવા માટે હતું, નહિ કે જીવન સોનાનું રક્ષણ કરવા માટે. પણ જે જીવનનું સાધન હતું એ જીવન કરતાંય વહાલું લાગવાથી મરણનું જ નિમિત્ત બન્યું. સાધન તો સાધનની જ કોટિમાં શોભે; સાધ્યની ગાદી ઉપર બેસાડો તો સત્યાનાશ વળે હાથમાં સોનું પકડીને માર્યા ગએલા સૈનિક જેવું કરુણ દૃશ્ય દુનિયામાં બીજું હોઈ શકે?

પણ દુ:ખની વાત તો એ છે કે એવાં દૃશ્યો અનેક છે. આપણા જમાનામાં યે છે, આપણા જીવનમાં પણ છે. જ્યારે આપણે સાધનનો ધર્મ, ભૂલીને એના મોહમાં પડીને એને અગ્રસ્થાન આપીએ ત્યારે હાથમાં સોનું રાખીને છાતીમાં જીવલેણ તીર ઝીલવા જેવું થાય. સૈનિકોની મૂર્ખાઈ જોઇને આપણે ચોંકી ગયા; પણ આપણી મૂર્ખાઈ કંઈ ઓછી નથી.

એથી ઊલટું, જો આપણે એ વિવેક કેળવીશું, જો યુવાનીમાંથી જ બધી વસ્તુઓને સાધનરૂપે નિહાળવાની ટેવ પાડીશું, તો સમગ્ર જીવનની એક નવી દૃષ્ટિ સાંપડશે, અને જીવનનું સાહસ ખેડવા સાચો વિશ્વાસ દિલમાં ઊગશે. બધી સર્જેલી વસ્તુઓ સાધનો જ છે એમ સમજીને, જરૂર પડશે ત્યારે છૂટથી ને આનંદથી એનો ઉપયોગ કરીશું, ને જરૂર પડશે ત્યારે મનમાં દુ:ખ આણ્યા વિના એનો ત્યાગ કરીશું. યુદ્ધનાં હથિયારો છે માટે સંગ્રામ ખેલવા તે હાથમાં લઈશું, અને વિજય મળતાં તે ફેંકી દઈશું. ગદા પકડવા જેટલી તાકત જોઈએ, તેટલી તે વેળાસર છોડવા માટે જોઇએ!

વર્ષો પહેલાં એક સંત પુરુષનો આશીર્વાદ હું લેવા ગયેલો, અને જીવન ઉન્નત બનાવવા સલાહ માગેલી. એમણે થોડાં જ મંત્રરૂપ વાક્યોમાં ઘણું કહી દીધું:

'સાધ્ય એક, સાધનો અનેક;
સાધ્યની સતત ઉપાસના.
સાધનોનો વિવેકપૂર્વકનો ઉપયોગ:
જોઇએ ત્યારે જ. જોઇએ તેટલો જ;
જ્યાં સુધી સેવા આપે ત્યાં સુધી જ.'

હા, જીવનની સાચી સાર્થકતા માટે, આત્મકલ્યાણ અને સમાજકલ્યાણ માટે, દુનિયાની દરેક વસ્તુ મદદરૂપ થાય ત્યાં સુધી જ તેનો ઉપયોગ, અને તે સિવાય તેનો ત્યાગ કરવો એ જીવન સફળ બનાવવાનો કીમિયો છે.

સતત કર્તવ્યપરાયણ રહી પૂરાં સો વર્ષ જીવવું એ એક અપૂર્વ જીવનપ્રસંગ છે, મહાયોગી-ની સાધના સમું છે. જેમણે આવી જીવનસાધના ચારપાંચ કોડી વર્ષ પર્યંત સ્વસ્થ ને સુંદર રીતે કર્તવ્ય બજાવતાં બજાવતાં કરી છે એવા મહાપુરુષોમાં, વિશ્વકર્મા સમા સર વિશ્વેશ્વરૈયા, સ્ત્રીકેળવણીના પરમ હિતૈષી મહર્ષિ કર્વે, ભારતની સ્વતંત્રતાના મહાન સેનાની સમા દાદાભાઈ નવરોજી આદિનો સમાવેશ કરી શકાય. આ પુરુષોએ લગભગ સો વર્ષનું પૂર્ણાયુષ પ્રાપ્ત કર્યું હતું અને એ સમગ્ર આયુષ્યને પોતાના જીવનધ્યેય માટે અર્પ્યું હતું.



સદ્‌ભાગ્યે આજે પણ દેશમાં આવા જ મહાયોગી સમા એક તપસ્વી, શુદ્ધ કર્તવ્યનિષ્ઠ બ્રહ્મર્ષિ સમા પુણ્યાત્મા, પોતાના જીવનકાર્યથી પ્રેરણા આપી રહ્યા છે એ મહાપુરુષ તે બ્રહ્મર્ષિ શ્રીપાદ દામોદર સાતવળેકર. આ માસ (સપ્ટેમ્બર)ની ૧૯મીએ પોતાના યશસ્વી જીવનનાં સો વર્ષ પૂરાં કરી તેઓ એકસોએકમા વર્ષમાં પ્રવેશ કરે છે.

ગુજરાતમાં વલસાડ પાસેના પારડી ગામની સીમમાં પોતાના 'સ્વાધ્યાય મંડળ'માં આવેલા 'આનંદાશ્રમ'માં રહેતા આ મહાપુરુષનું સો વર્ષનું સમગ્ર જીવન રાષ્ટ્ર, સમાજ અને વેદોની આરાધના કરવામાં જ વીત્યું છે. નિરાશાએ જેના જીવનમાં કદી પ્રવેશ કર્યો નથી એવા આ પરમ આશાવાદી પંડિત અતૂટ શ્રદ્ધાથી માને છે કે આપણા વેદો આજે પણ આપણા રાષ્ટ્ર ને સમાજને સ્વસ્થ, પ્રશસ્ત જીવનસરણી આપી શકે છે, ને વેદોક્ત વિચારસરણી મુજબ રાષ્ટ્રનું સંચાલન થાય તો રાષ્ટ્ર ને સમગ્ર માનવસમાજ સુખી ને સંપન્ન થઈ શકે છે.

આ મહિને
આયુષ્યના ૧૦૧મા વર્ષનો
આરંભ કરતા

શતાયુ પંડિત સાતવળેકર

એમનો જન્મ પ્રકૃતિરમ્ય સહ્યાદ્રિ પર્વતની તળેટીમાં આવેલા સાવંતવાડી રિયાસતના, કેશી નદીને તટે વસેલા કોળગાંવમાં થયો હતો. એમના પિતા ને દાદા બંને શુદ્ધ તપસ્વી બ્રાહ્મણ તરીકે સમ્માનીય હતા અને વંશપરંપરાગત પુરોહિતપણું તેમજ ખેતીકામ કરતા. પિતા શ્રી દામોદર ભટ્ટે બે વાર લગ્ન કર્યા હતાં અને બીજી વારનાં સાધ્વી ને પતિપરાયણ લક્ષ્મીબાઇની કૂખે શ્રીપાદનો જન્મ થયો હતો. એમના જન્મ પૂર્વે લક્ષ્મીબાઈનાં કેટલાંક બાળકો અલ્પાયુ નીવડવાથી એમણે હવે પછી થનાર પુત્રને નરસોબાના દત્તાત્રેયના મંદિરે જઈ ઉપનયન આપવાની બાધા રાખી હતી. માત્ર માતા-પિતા જ નહિ પણ સમસ્ત આર્યજાતિના સદ્‌ભાગ્યે બાધા ફળી, અને બાળપણમાં ખૂબ નિર્બળ હોવા છતાં શિશુ શ્રીપાદ જીવી ગયા. વળી એમની જન્મપત્રિકા અઢાર વર્ષે અકાળ અવસાનનો યોગ બતાવતી હતી. પણ બદ્ધસંકલ્પ અને કૃતનિશ્ચયી બનીને એમણે આસન, પ્રાણાયામ અને સૂર્યનમસ્કારના વ્યાયામ તેમજ નિયમિત જીવન તથા આહારવિહાર વડે દીર્ઘાયુ પ્રાપ્ત કરી ગ્રહયોગને ખોટા પાડ્યા છે.

જનોઈ બાદ એમને કોળગાંવની જ શ્રી પેંઢરકરની ધૂળી શાળામાં ભણવા મૂક્યા. ત્યાં આવતા ૨૦-૨૫ વિદ્યાર્થીઓમાં અહમદખાન નામે એક ધર્મનિષ્ઠ મુસ્લિમ પણ હતો. એને નિષ્ઠાથી કુરાને શરીફ ભણતો જોઈ શ્રીપાદજીને પ્રેરણા થઈ કે હિન્દુ બાળકે પણ આમ સંસ્કૃત ને વેદનું જ્ઞાન મેળવવાં જોઇએ એ જ્ઞાન તો એમના કુટુંબની પ્રણાલી પ્રમાણે ઘરમાંથી મળી રહ્યું; પણ, પછી ઇચ્છા હોવા છતાં યે, મહિને આઠ આનાની ફી ભરવાની શક્તિના અભાવે તે અંગ્રેજી શાળામાં દાખલ થઈ શક્યા નહિ. એમની આવી આર્થિક અવદશાના કારણરૂપ હતો એમના દાદાએ અક્કલકોટથી બોલાવી રાખેલો શ્રીકૃષ્ણ ભટ્ટ નામનો નીચ સંબંધી. શરૂઆતમાં ઘરના માણસ તરીકે જ રહેતા આ સંબંધીએ ખેતીવાડી અને ઘરનો અર્ધો ભાગ પોતાને હસ્તક કરી લઈ શ્રીપાદના કુટુંબને નિર્ધન બનાવી મૂક્યું. આના પરિણામે ચોથા ધોરણથી એમણે શાળા છોડી અને અંગ્રેજી શિક્ષક શ્રી બળવંતરાવ અને વેદશાસ્ત્રસંપન્ન ચિંતામણ કેળકરને ઘેર જઈ સ્વપ્રયત્ને અંગ્રેજી અને સંસ્કૃતનો છઠ્ઠા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો.

આ સમય દરમિયાન એમને ચિત્રકામનો પણ શૉખ લાગ્યો હતો. ઘરમાં ગણેશની મૂર્તિ રંગવામાં રસ લેતા શ્રીપાદે સાવંતવાડીમાં વેસ્ટ્રાપ નામના અંગ્રેજે શરૂ કરેલી ચિત્રશાળામાં દાખલ થઈ ચિત્રની પરીક્ષાઓ પાસ કરી. ત્યાં એમણે સર્જેલાં ચિત્રો વખણાવા લાગ્યાં ને એ જમાનામાં તો મોટી ગણાય એવી પાંચપાંચ રૂપિયાની કિંમતે વેચાવા લાગ્યાં. આમ પોતાની જ કમાણીથી અભ્યાસ વધારી રહેલા શ્રીપાદને મુંબાઈની સરકારી કળાશાળા જે. જે. સ્કૂલ ઑવ આર્ટ્સમાં જોડાવાની ઇચ્છા થઈ. મુંબાઈ જતાં રખે પુત્ર બગડી જાય એ બીક, તેમજ ઘરની આર્થિક સ્થિતિને કારણે એમની ઇચ્છાને અવગણતાં માતાપિતાને અંતે સમજાવીને, એક ઉદાર સજ્જન પાસેથી માસિક છ રૂપિયાની શિષ્યવૃત્તિ મેળવી તે મુંબાઈ ગયા અને કુટુંબના સ્નેહી અને અંગ્રેજીના શિક્ષક બળવંતરાવના મિત્ર જાંભેકરને ઘેર રહી આર્ટ સ્કૂલમાં જવા લાગ્યા. ત્યાં પોતાની ચિત્રકલાથી શિક્ષકોનો પ્રેમ ત્વરાથી સંપાદન કરીને એમણે ટૂંક સમયમાં જ ફોટોગ્રાફોના એન્લાર્જમેન્ટ પર તૈલરંગી તસ્વીરો ચીતરવાનું કામ શરૂ કરી મહિને ૩૦/૪૦ રૂ ની આવક મેળવવા માંડી અને ઘેરથી પૈસા મંગાવવા બંધ કર્યા.

ત્યારના જે. જે. સ્કૂલ ઑવ આર્ટના આચાર્ય શ્રી ગ્રિફિથ્સ આ સ્વાશ્રયી, નિર્વ્યસની અને સાદગીભર્યું જીવન જીવતા વિદ્યાર્થી પર



કલાશિક્ષક હતા ત્યારે

ખૂબ મમતા રાખતા. જીવનમાં આગળ વધવાની અનન્ય લગની ધરાવતા એ તરુણે હવે એન્ગ્રેવિંગનું કામ પણ શીખી લીધું અને ચિત્રકામ સાથે લેખનકાર્ય પણ શરૂ કર્યું. આ સમયે એમણે લખેલી શ્રીમદ્ ભગવદ્‌ગીતા પરની ટીકા નિર્ણય સાગર પ્રેસના માલિકે છાપવાની ના પાડી એમને થોડા નિરાશ કરેલા, પણ એથી તેઓ નાહિંમત ન થયા. વિદ્વાન સમાજ સુધારકોના મિલનસ્થાન સમા શ્રી જાંભેકરના ઘરમાં એમને ઔંધના રાજા (પંત પ્રતિનિધિ) બાળા સાહેબ ભગવાનરાવજીનો પરિચય થયો, જે પાછળથી ગાઢ મૈત્રીમાં પરિણમ્યો.

ઈ. ૧૮૯૭માં કળાશાળાની ત્રીજી પરીક્ષા પ્રથમ વર્ગમાં પાસ કરીને એમણે બે ચંદ્રકો મેળવ્યા જેને પરિણામે ત્યારના અંગ્રેજ આચાર્ય મિ. ગ્રીનવૂડે એમને સ્કૂલમાં જ થર્ડ ગ્રેઈડના વર્ગના શિક્ષક તરીકે રોકી લીધા. તેઓ એ જ સ્થાને ચાલુ રહ્યા હોત તો આગળ જતાં ઊંચે સ્થાને પહોંચત. પણ એમની મનીષા સ્વતંત્ર ધંધો કરવાની હોવાથી ઔંધના રાજવીના આમંત્રણથી ત્યાં ગયા. દુર્ભાગ્યે ત્યાં એમને વિષમ જ્વર લાગુ પડયો અને બાળાસાહેબ તથા એમના પિતાની ખૂબ સેવાચાકરી બાદ બે મહિને સાજા થઈ તેઓ પાછા મુંબાઈ જઈ નોકરીએ ચડયા. પણ એ તો એકાદ વર્ષ કરીને છોડી દીધી અને ફરીથી સ્વતંત્ર ધંધાર્થે પ્રથમ કક્ષાના દેશી રાજ્ય નિઝામના હૈદરાબાદમાં આબીદઅલી રોડ પર શ્રી દેઉસ્કરના બાગમાં ચિત્રકળાનો સ્ટુડિયો ખોલ્યો, જ્યાં એમનાં ચિત્રો હવે હજાર હજાર રૂપિયે વેચાવા લાગ્યાં. અને એમની આવી પ્રશંસા સાંભળી ખુદ નિઝામે એમના સ્ટુડિયોની મુલાકાત લીધી ને એમને તમામ પ્રકારની સહાય કરવાની ખાત્રી આપી.

અહીંથી એમના ક્રાંતિકારી જીવનનો પ્રારંભ થયો. હૈદરાબાદમાં તેઓ આર્યસમાજના ગાઢ સંપર્કમાં આવ્યા. અને તેના સમૃદ્ધ પુસ્તકાલયનો લાભ લઈ એમણે વેદનો, સંસ્કૃતનો અને અંગ્રેજી ભાષાનો તલસ્પર્શી અભ્યાસ કર્યો. અને આર્યસમાજના સભ્ય બની આર્ય સંસ્કૃતિ પર તેમજ વિધર્મી બ્રિટિશ શાસન હેઠળ કચરાતી ભારતીય પ્રજાએ જાગૃત થવાની જરૂર ઉપર તીખાં વ્યાખ્યાનો આપવાનું શરૂ કર્યું. આ ઉપરાંત ત્યાં એક વ્યાયામશાળા ને છોકરાછોકરીઓ માટે પોતાના લઘુબંધુ ડૉ. સીતારામ પંતના આચાર્યપદે રાષ્ટ્રીય ઢબની 'વિવેકવર્ધિની શાળા' ખોલી. આ દરમ્યાન તેઓ લોકમાન્ય તિલક અને ઍની બેસંટના પરિચયમાં આવતાં રાજકારણના રંગે રંગાયા. આ જ અરસામાં એક પ્રતિષ્ઠિત ગૃહસ્થે સાત બકરા હોમી યજ્ઞ કરાવ્યો. એથી આખા દેશમાં ખળભળાટ મચ્યો. આ કાર્યને વેદપ્રામાણ્ય ગણાવવા મોટામોટા વિદ્વાનો એકઠા થયા. એ વિવાદસભામાં સાતવળેકરજીએ એવો સ-માંસ યજ્ઞ એ શાસ્ત્રવિરુદ્ધ છે એવું વેદના આધારે સાબિત કર્યું અને 'યજ્ઞમાં પશુવધ નિર્બંધ' નામે પુસ્તક લખ્યું. એમની આ જીતથી એમને ખૂબ પ્રતિષ્ઠા સાથે 'પંડિત'નું બિરુદ મળ્યું.

આ પછી એમણે વૈદિક યજ્ઞસંસ્થા ઉપર ત્રણ ગ્રંથો, તેમજ જ્ઞાતિ-વ્યવસ્થા, વર્ણવ્યવસ્થા ને અસ્પૃશ્યતાની વિરુદ્ધમાં પુસ્તકો લખ્યાં તેમજ મરાઠી પત્ર 'જ્ઞાનપ્રકાશ'માં સાહિત્ય, કલા, સંસ્કૃતિ આદિ ઉપર વિદ્વત્તાભર્યા લેખો લખવા માંડ્યા, જેમાં ભારતીય ચિત્રકળાની, ખાસિયત, 'વાસ્તવવાદી અને ધ્યેયવાદી કલા' આદિ હતા. એમની લેખિનીની આ દીપ્તિથી પ્રસન્ન થએલા મહારાજા સયાજીરાવ ગાયકવાડે એમને વડોદરે આમંત્રી એમનાં વ્યાખ્યાનો ગોઠવ્યાં અને સારી સહાય કરી. આ ગાળામાં જ એમણે 'ઋગ્વેદાદિ ભાષ્યભૂમિકા' ને મુક્ત વિચારની મસાલ સમી 'યોગત્વાદર્શ'ના મરાઠી અનુવાદ કર્યા.

હૈદરાબાદમાં જ તેઓ સરોજિની નાયડુના પિતા ડૉ. અઘોરનાથ ચટ્ટોપાધ્યાય, નામદાર કેશવરાવ કોરટકર, શ્રી દત્તો પંત, શ્રીમંત વામનરાવ નાયક તથા ડૉ. નાયડુના નિકટના પરિચયમાં આવ્યા. એમની સ્વદેશીની ચળવળને સાતવળેકરજીએ વેદનો આધાર આપી એટલો તો વેગ આપ્યો કે હૈદરાબાદ રાજ્યના દેશી ઉદ્યોગોનો ભરપૂર વિકાસ થવા લાગ્યો. એના પરિણામે પરદેશી વેપારને થતું નુકસાન જોઈ ત્યાંના અંગ્રેજ રેસિડેન્ટે સાતવળેકરજીને રાજ્યમાંથી રૂખસદ આપવાની નિઝામને ભલામણ કરી. પરિણામે સ્વદેશી ચળવળ બંધ કરવાનો નિઝામ તરફથી આદેશ આવ્યો, જેનો એમણે અનાદર કર્યો. આ અરસામાં ૧૯૦૭માં સૂરત મુકામે ભરાએલા તોફાની કૉંગ્રેસ-અધિવેશનમાં એમણે ભાગ લીધાની વાત નિઝામે સાંભળી અને એમને હદપાર કરવાનો નિર્ણય લેવાયો, પણ તેનો અમલ થાય એ પહેલાં તો એ હૈદરાબાદ છોડી હરદ્વાર પહોંચી ગયા.

હરદ્વાર પાસે કાંગડીમાં ગુરુકુળ આશ્રમ ચલાવતા બાબા મુન્શીરામ ઊર્ફે સ્વામી શ્રદ્ધાનંદજીએ સાતવળેકરજીની તેજસ્વી વિદ્વત્તા અને ચિત્રકલાથી આકર્ષાઈ એમને પોતાના આશ્રમમાં વેદના અધ્યાપક તેમજ ચિત્રશિક્ષક તરીકે રાખી લીધા. સાતવળેકરજીને પણ ગુરુકુળનું વાતાવરણ વેદાધ્યયન અને ચિત્રકાર્ય માટે ખૂબ અનુકૂળ થઈ પડયું એમણે પોતાના પુત્ર નારાયણને પણ ત્યાં જ દાખલ કર્યો. જોકે એમનાં પત્ની સૌ. સરસ્વતીદેવીને આ સેવાપરાયણ શિક્ષણકાર્ય બહુ જચતું નહોતું પણ એ પતિપરાયણ સ્ત્રી એ માટે કશો જ વિરોધ કરતી નહિ.

આ દિવસોમાં પંડિતજીએ 'વૈદિક રાષ્ટ્રગીત' લખ્યું, જેનો હિંદી અનુવાદ અમદાવાદથી પ્રગટ થયો. અંગ્રેજ શાસકોને આ પુસ્તકમાં રાજદ્રોહની ગંધ આવી અને પુસ્તકની નકલો જપ્ત કરી બાળી નાખવામાં આવી. આ સાથે જ પંડિતજીનો 'વૈદિક પ્રાર્થનાની વૈજ્ઞાનિકતા' નામનો લેખ કોલ્હાપુરથી નીકળતા 'વિશ્વવૃત્તિ'માં પ્રગટ થયો. એમાંના ઉગ્ર વિચારોથી ખીજાએલી અંગ્રેજ સરકારે એ પત્રના સંપાદક, પ્રકાશક ને મુદ્રક પર રાજદ્રોહનો આરોપ મૂકી એમને ત્રણત્રણ માસની સખત મજૂરી સાથે કેદની સજા કરી અને લેખકને પકડવા વૉરન્ટ કાઢ્યું. આ સમાચાર ગુરુકુળમાં મળતાં એ આશ્રમને હાનિ ન થાય તે માટે પંડિતજીએ જાતે કોલ્હાપુર જઈ પકડાઈ જવાનો વિચાર કર્યો, પણ ઇષ્ટ મિત્રો ને વકીલની સલાહ એથી વિરુદ્ધની હોઈ તેઓ ત્યાંથી નીકળી જઈ છેક દક્ષિણમાં વિઝાગાપટ્ટમ પાસેના પીઠાપુર ગામે વસતા પોતાના મિત્ર સોમનાથરાવને ઘેર છુપાઇને રહેવા લાગ્યા. પીઠાપુરના કલાપ્રેમી મહારાજાએ એમને પોતાના પિતાનું તૈલચિત્ર કરવાનું કામ સોંપ્યું, અને સાથેસાથે બીજાં કામો મળતાં રહીને એમને વર્ષમાં છ સાત હજારની આવક શરૂ થઈ. અહીંના નિવાસ દરમિયાન એમણે અસ્પૃશ્યતાની અશાસ્ત્રીયતા પર એક મનનીય પુસ્તિકા લખી, જેની તમામ પ્રતો પ્રસિદ્ધ થતાં જ વેચાઈ ગઈ એટલું જ નહિ પણ વડોદરાના મહારાજાએ એના માટે રૂ. ૨૦૦નો પુરસ્કાર પણ આપ્યો.

(અનુસંધાન પૃષ્ઠ ૩૫૪ ઉપર)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક - આલેખક
રવિશંકર રાવળ



હરિશંકર
(આજના હરભાઈ)
ત્રિવેદી

એમના પિતા શ્રી દુર્લભજીભાઈ ત્રિવેદી એ જમાનાના એક ચુસ્ત જ્ઞાતિવાદી ભવ્ય બ્રાહ્મણ હતા. ઘણેભાગે રાજગુરુ ગોસાઈ પ્રતાપગીરજીને ત્યાં કારભારી હતા, તથા શ્રી નથુરામ શર્માના અનુયાયી હોવાથી મસ્તરામના સહપાઠી હોવા ઉપરાંત એ નાતે તે બંને વધુ નિકટ મિત્રો બન્યા હતા. મસ્તરામને લીધે તે અમારા બંગલામંડળના સંસર્ગમાં આવ્યા તેથી તેને સારી સંસ્કારી સોબત મળ્યાનો તેના પિતાશ્રી આનંદ વ્યક્ત કરતા ને અમારા સૌની પ્રત્યે બહુ ભાવ બતાવતા. (એ સમયનો સ્કેચ)

૩૨૦ ઔદીચ્ય બ્રહ્મસમાજનું સંમેલન

અમારા જ્ઞાતિસમાજનું ૧૨મું વાર્ષિક સંમેલન આ વર્ષે ભાવનગરમાં ભરાવાનું હતું. ગયું ૧૧મું સંમેલન સૂરતમાં થએલું તેની ચર્ચાઓ કે કમિટીઓમાં મેં કદી ભાગ લીધેલો નહિ, કારણ કે તેમાં થતી દંભી તકરારોથી હું કંટાળતો અને એમાં જે ઠરાવો થતા તેનું પાલન કરવા-કરાવવાનો આગ્રહ કોઈમાં હતો નહિ. છતાં આ વાર્ષિક સંમેલનોમાં સમાન ભાવના અને વિચારોવાળા યુવકો સ્વયંસેવક થઈ આવતા તેમના પરિચયમાં મને આનંદ આવતો. વળી આમાં સમાજના પ્રમુખ તરીકે ગુરુ શ્રી નથુરામ શર્મા વિરાજવાના હતા એટલે હું પણ ભાવનગરના જૂથ સાથે સ્વયંસેવક બની ગએલો.

સંમેલનમાં સ્વયંસેવકો માટે કંઈ ફી ન હતી અને તેમને મહેમાનગીરીનો લહાવ મળતો. સ્થાનિક કાર્યકર્તાઓ બહારના યુવકોને તો શું કામ સોંપે? બહુ તો તેમને બિલ્લા આપી મંડપના વિભાગોમાં ઊભા રાખે. તેમનો હેતુ પણ એ જ હતો કે આ રીતે યુવકો જ્ઞાતિની એકતા સ્થાપવામાં સહકાર આપે. સૂરતમાં મને અમદાવાદના યુવકમંડળ સાથે થોડો પરિચય થએલો. ત્યાં અમે કંઈક સક્રિય કામગીરી બજાવવાનો નિશ્ચય કરીને સંયુક્તપણે સવાર-બપોરની ચા આપવાનું કામ માથે લીધેલું. બધાનો મુકામ માળવીની વાડીમાં હતો. મેં સમયસર સૌને બેસવા ખુરશીઓનાં વર્તુલો રચીને દરેક જણને વ્યવસ્થિત રીતે ચા મળે એવી યોજના કરેલી, એ વાત અમદાવાદના મારા સમવયસ્ક મિત્ર શ્રી નેષધરાય દવે હજી પણ દરેક સભામાં યાદ કરે છે.

સૂરતની મારી એ કામગીરીએ મને સ્વયંસેવકોમાં નેતા જેવો બનાવી દીધો હતો, તેથી ભાવનગરના સ્વાગતમંડળે કાર્યવાહક સમિતિના સ્વયંસેવક દળમાં પ્રથમ મારી ભરતી કરીને સંમેલન અગાઉ એક મહિના પહેલાં પરિષદનું કાર્યાલય ડૉ. શિવનાથના મકાનના મેડા પર ખોલાવી આપ્યું. સ્વાગત મંડળના મહામંત્રી શ્રી ઓધવજીભાઈ બધેકા હતા અને સહાયક મંત્રીઓ તરીકે શામળદાસ કૉલેજના વિજ્ઞાનના પ્રાધ્યાપક શ્રી મણિશંકર ભટ્ટ તથા શ્રી વેણીભાઈ ભટ્ટ હતા. અમે બેચાર જણે રોજ રાત્રે બે કલાક તેમની મદદમાં હાજરી આપવા માંડી. સ્વાગત પ્રમુખ તરીકે ધ્રાંગધ્રા દરબારના અંગત મંત્રી શ્રી મણિશંકર ગૌરીશંકર ભટ્ટ હતા. તેઓ કૉંગ્રેસની બેઠકોમાં હાજરી આપતા, દેશના પ્રશ્નો સમજતા અને પ્રગતિશાળી વિચારો ધરાવતા. તેમના સમવયસ્કો વચ્ચે તો તે અમને એક વીર નાયક જેવા લાગતા.

૩૨૧ સંમેલનમાં

સંમેલનમાં સમગ્ર જ્ઞાતિના વાડા, સંપ્રદાયો અને તડાં દૂર કરવાની વાતો થતી, પણ ખુદ ભાવનગરમાં જ અમુક સંપ્રદાયો સામે વિરોધ હતો. સ-પંક્ત અ-પંક્તની તીવ્ર તપાસ રખાતી. આને ખાતર બ્રહ્મસમાજને જાહેરાત કરવી પડતી કે સ-પંક્ત ઔદીચ્યો માટે જ આમંત્રણો મોકલાય છે. અંગત વિખવાદ અને કન્યાના વહેવારની તકરારને કારણે પંક્તિ બહાર થએલા ઘણા સંભાવિત અને પ્રગતિશાળી ગૃહસ્થોને જડ જ્ઞાતિવાદીઓની નજરથી બચવું પડતું. એકબે સંમેલનોમાં જ્ઞાતિનો બહિષ્કાર પામેલાને પોતાની પંક્તિમાં આવતા જોઈ વિરોધીઓ ક્રોધભરી આંખે હાથ ધોઈ ઊઠી જતા મેં જોએલા. વેદો અને શાસ્ત્રોની મંગળ પ્રાર્થનાઓ તથા 'સહનાવવતુ'નો મંત્ર દંભ જ બની રહેતાં. સ્ત્રીઓને તો જ્ઞાતિસંયોજનોમાં કશું સ્થાન જ ન મળતું, અને આજે પણ એ દિશામાં પ્રગતિ નથી.

આ સંમેલનના મંડપની વ્યવસ્થા, સુશોભન અને વિજ્ઞાપનપત્ર તૈયાર કરવાનું મારી નેતાગીરી નીચે એક સ્વયંસેવક મંડળે દીપાવેલું. સંમેલન ચાલુ હતું એ દરમ્યાન તાર આવ્યો કે મારા પિતાશ્રીને સરકાર તરફથી 'રાવસાહેબ'નું બિરુદ મળ્યું છે, એટલે તે પ્રસંગ ત્યાં મહત્ત્વનો બની ગયો. સંમેલનનો છેવટનો આભારવિધિ કરવા માટે શ્રી મણિશંકર ગૌરીશંકર તાવની પથારીમાંથી ઊઠી આવીને બોલવા ઊભા થયા હતા, છતાં તેમની સબળ વક્તૃત્વશક્તિએ તેમનો જબરો પ્રભાવ બતાવ્યો. પ્રમુખથી માંડી સર્વશ્રેષ્ઠ પુરુષો, મહેમાનો અને કાર્યકર્તાઓને બિરદાવ્યા પછી તેમણે મારી સ્વયંસેવા અને કાર્યની એટલી ભવ્ય પ્રશંસા કરી કે સભાજનોએ મને મંચ પર હાજર થવાની ફરજ પાડી. ત્યારે હું ખૂબ જ ક્ષોભ અનુભવી રહ્યો હતો. આ વખતે જ્ઞાતિનો સ્ત્રીસમાજ ઉપરની ગૅલેરીમાં હતો તેમાં મારાં કુટુંબીજનો પણ હતાં.

૩૨૨ 'પહેલાં સારા માણસ બનો'

આ સંમેલનના પ્રભાવ નીચે ભાવનગરમાં જ્ઞાતિનું 'શામજી રાવળ વિદ્યાર્થીભવન' સ્થપાયું. આજ સુધી જ્ઞાતિમાં વિદ્યાવૃદ્ધિ અર્થે મોટું દાન કરનાર શ્રી નથુરામ શર્મા એક જ હતા. પણ યુદ્ધકાળના સંજોગોમાં મુંબાઈમાં વસતા ઘણા જ્ઞાતિજનોને સારો તડાકો પડ્યો હતો તેમને આ સંમેલને દાન કરવાની તેમજ નામ કરવાની એક સુંદર તક આપી હતી. બીજાઓએ પણ મોટી રકમો આપી, અને એવા કેટલાક તેના ટ્રસ્ટી મંડળમાં બેસવાનો કાયમનો અધિકાર તેમજ કેટલાક પોતાના મોકલેલા વિદ્યાર્થીઓ માટે જગ્યાઓ મુકરર કરાવી શક્યા. પરિણામે તંગ હાલતની જ્ઞાતિઓના વિદ્યાર્થીઓ માટે આ ભવનનો લાભ લેવાનું અશક્ય જેવું બન્યું. હજી જ્ઞાતિના શ્રીમંતોમાં વિશાળ જ્ઞાતિભાવના અને સામાજિક એકતાનો ભાવ ઊંડેથી જાગ્યો ન



બંગલા-મંડળના મિત્રો: ડાબી બાજુથી અનુક્રમે–પોપટભાઈ (હીરાલાલ) પંડ્યા, હરભાઈ (હરિશંકર) ત્રિવેદી, ઊભેલા: નાનાસાહેબ (પ્રાણજીવન) પંડ્યા, પાઘડીમાં: રવિભાઈ (રવિશંકર) રાવળ, ઊભેલા: મસ્તરામ (માણેકલાલ) પંડ્યા, છેલ્લા: પરમાનંદ કાપડિયા





અમારા મંડળના એક સાથી કેશવલાલ ચંદારાણા એડનની એક વેપારી પેઢીમાં જોડાઈ હોદ્દીદા ગયા હતા. તે જગ્યા યુરોપી (પ્રથમ) યુદ્ધમાં તુર્કીને હાથ પડી હોઈ એમના કશા સમાચાર ન હોવાથી એમનાં કુટુંબીજનો ચિંતાતુર બની ગયાં હતાં. (ડાબી બાજુનું રેખાંકન: ગયા અંકમાંના નાટકનો પડદો બાંધવાના પ્રસંગનું)

હતા, પણ યુવાનોમાં અરસપરસ વધુ નિકટતા પ્રકટેલી જણાવા લાગી હતી. આ સંમેલનમાં મોટાભાઈ (શ્રી હરગોવિંદદાસ પંડ્યા)ના આદેશથી શ્રી નાનાભાઈ ભટ્ટે ભોજનવ્યવસ્થાની દેખરેખ રાખી હતી, તેમજ ગુરુશ્રીની આજ્ઞાથી તેમણે સંમેલનમાં એક વિચારપ્રદ વ્યાખ્યાન પણ આપ્યું હતું. તેમનો મુખ્ય મુદ્દો એ હતો કે પહેલાં સારા 'માણસ' બનો, પછી સારા 'બ્રાહ્મણ' થઈ શકશો.

૩૨૩ મિત્રમંડળ

અમારું મિત્રમંડળ હવે માત્ર બે માસમાં જ ભેગું થતું. લગભગ એકેએક જણ ભાવનગર બહાર જુદાંજુદાં ક્ષેત્રોમાં કે સંસ્થામાં પોતાનો અભ્યાસ વધારી રહ્યો હતો. કેટલાક સરકારી નોકરીની શરત સ્વીકારી દાક્તરી ભણવા અમદાવાદ કે મુંબાઈ ગયા હતા, કેટલાક એન્જિનીઅર કે વકીલ થવાની તૈયારી કરતા હતા. દરેકના ઘરમાં કુટુંબવિસ્તાર વધવા લાગ્યો હતો, એટલે અભ્યાસ પૂરો થતાં નોકરી મેળવી લેવાની ચીવટ જાગી હતી. માત્ર બેચાર જણ શહેરમાં દુકાનો કે એજન્સીનાં કામોમાં જોડાયા હતા. એમાંના એક સાથી કેશુભાઈ ચંદારાણા એડનમાં એક વેપારી પેઢીમાં જોડાઈ હોદ્દીદા ગયા હતા. તે જગ્યા લડાઈમાં તુર્કોને હાથ ચડી હતી, તેથી તેમના કોઈ સમાચાર નહોતા. તેમનાં માતાપિતા અને યુવાન પત્ની ચિંતાતુર બની ગયાં હતાં લડાઈ પછી પાંચ વર્ષે તે પાછા આવ્યા હતા.

જૂનના પ્રારંભમાં યુરોપી લડાઈનું સ્વરૂપ અત્યંત વિસ્તાર પામ્યું હતું. અગાઉ કદી કોઈ કાળે આટલી સંખ્યામાં માનવજાત યુદ્ધમાં રોકાઈ ન હતી, અને સંહાર પણ લક્ષાવધિ થયો હતો. મહાભારતનું યુદ્ધ પણ ફિક્કું લાગતું હતું. પણ ભારતના યુવાનો માટે તેનો અર્થ કંઈ ન હતો. એક બાજુ બ્રિટિશ સરકાર યુક્તિપૂર્વક ગામડાં અને પહાડોમાંથી યુદ્ધની સેવાને માટે હજારો માણસોને ભરતી કરી લઈ જતી હતી, અને નાગરિક કોમોને તો અત્યારે ધંધા અને કમાણીની તકો દેખાતી હતી. શાળા-કૉલેજો અને સંસ્થાઓમાં યુવકોમાં સાહિત્ય અને રાષ્ટ્રીયતાનો પવન શરૂ થઈ ગયો હતો, પણ નેતાગીરી કે ઝુંબેશ કદી લેવામાં આવતી ન હતી. માત્ર દક્ષિણામૂર્તિ ભવન એક નવું કેન્દ્ર થયું હતું, જ્યાં વિરલ વ્યક્તિઓ અને વિદ્યાર્થીઓના મેળા થઈ જતા.

આ વેળા, હરિશંકર ત્રિવેદી જે આજ સુધી મારાથી કૈંક અલિપ્ત રહેતા હતા, તેમણે મારામાં કંઈક રસ બતાવ્યો; કારણ કે તેમણે એકબે મિત્રોની સહાયથી ફોટોગ્રાફીના સામાનની એજન્સી મેળવીને પુષ્કળ પ્લેટો, કાગળો, દવાઓ વગેરે મંગાવ્યાં હતાં. તેમણે પોતાના ભાગીદાર રૂપસિંહજી તથા અમૃતલાલનો મને પરિચય કરાવ્યો. તેમણે નથુરામ શર્માની કેટલીક છબિઓ પાડી તેનાં મોટાં એન્લાર્જમેંટ તૈયાર કર્યાં હતાં, એટલે શિષ્યમંડળમાં તેની સારી ઘરાકી મળશે એવી આશા બાંધેલી. એકબે એવા મોટા ફોટોગ્રાફો ઉપર રંગ કરવાનું થોડું કામ મને સોંપ્યું. પણ કોઈમાં ધંધાર્થી બુદ્ધિ ન હતી, એટલે એ કંપની ચાલી નહિ. એ સમયનાં મહાત્માશ્રીનાં મેં પેસ્ટલથી રંગેલાં એકબે બસ્ટ ભાવનગરમાં છે ખરાં. એક તો મારા ઘરમાં મેં વર્ષો સુધી જોએલું.

હરિશંકર મારા પરિચયમાં પ્રથમ તો મસ્તરામના સહાધ્યાયી તરીકે આવેલા. તેમણે વળી મહારાજગીરજી (ભાવનગરના રાજ્યગુરુ વંશના)ના પુત્ર પ્રતાપગીરજી વગેરે સાથે મેળ કરાવ્યો. હરિશંકરના મોટા ભાઈ ઇચ્છાશંકર, તેમજ નિશાળમાં ભણતા નાના ભાઈ રામશંકર પણ આ વખતે જ પરિચયમાં આવ્યા. પણ અંતરંગ મંડળમાં તો અમે બેચાર જણ જ હતા. પરમાનંદ રજા પૂરતા ભાવનગરમાં રહેતા પણ દરેક મિત્રને મળતા રહેતા તેમજ પરિચયો ગાઢ બનાવતા.

જૂનના પ્રારંભમાં મુંબાઈ જવાની તારીખો નજીક આવી તેમ ત્યાં જઈ મુકામનું ઠેકાણું કેમ પડશે તેની ચિંતા થવા લાગી. એવામાં જાણ્યું કે મસ્તરામને મેડિકલ લાઈન માટે મુંબાઈની કૉલેજમાં દાખલ થવાનું છે, તેના નાના ભાઈ નાનાસાહેબ(પ્રાણજીવન)ને ખાણવિદ્યાની તાલીમ માટે ગોરધનદાસ ભટ્ટ ઝરિયા લઈ જવાના છે, અને તેમના પિતાશ્રી તથા માતુશ્રી પોપટભાઇની પાસે નીલગિરિના ચાના બગીચામાં આરામ લેવા જવાના છે. મસ્તરામે એવો ઇરાદો જણાવ્યો કે મુંબાઈમાં અમારે બંનેએ પાસેપાસે કે સાથે જ રહેવાની ગોઠવણ કરવી. પહેલાં મારો વિચાર મારી પત્નીને મુંબાઈ લઈ જવાનો હતો, પણ બાળક નરહરિ સાથે તેને મારા સસરા તેડી ગયા, એટલે એ વાત ભવિષ્યની ટર્મ પર છોડી.

(ચાલુ)

મૃત્યુને મેં મારા જીવનનું ધ્યેય માન્યું અને એની સિદ્ધિ માણવા હું ઊપડ્યો. મેં એ મૃત્યુને જોયું પણ ખરું, ને....

....ને હું પાછો ફર્યો

વિભૂત શાહ

ઠેઠ નાનપણથી જ હું જીવન તરફ ઉદાસીન હતો, ને ભીરુ તથા શરમાળ પ્રકૃતિને લીધે જગતથી દૂર ને દૂર જ રહેલો. લગભગ અઢાર વર્ષની કાચી વયે હતાશાની મનોદશામાં મેં કોઈ લેખકનું કથન મારી ડાયરીમાં નોંધેલું પણ ખરું, કે 'મૃત્યુની ઇચ્છા સેવો ત્યારે જ તમારી જીવનની સમજશક્તિ પાંગરી કહેવાય'; અને ત્યારથી જીવનની ઉપાસના કરવાને બદલે હું મૃત્યુના જ વિચાર કરતો. જીવનને ભોગવી લેવાની નાનીમોટી શક્યતાઓ હું જતી કરતો ત્યારે મને એમાં એક જાતનો વિચિત્ર આનંદ આવતો, અને તે પણ એટલે સુધી કે મારા હક્કની વસ્તુઓ હું જાણીબૂજીને બીજાને આપી દેતો.

મારી આ મનોવૃત્તિનું કારણ કદાચ એ પણ હોય કે બહુ જ વહેલી વયે મેં મારાં માતાપિતા ગુમાવ્યાં હતાં. મને કોઇએ પણ લાડ લડાવ્યા હોય એવું મને સાંભરતું નથી. મારી પીઠ પર કોઇએ વહાલપૂર્વક હાથ પસવાર્યો હોય એવું પણ બન્યું નથી. અલબત્ત, મારા કાકાએ મને ખૂબ કાળજીપૂર્વક ઉછેર્યો હતો, મારી નાનીમોટી જરૂરિયાતો પૂરી કરી હતી અને મને ખૂબ સારીરીતે ભણાવ્યો હતો. તેઓ જીવનના સર્વ વ્યવહારોમાં અત્યંત નિયમિત અને વ્યવસ્થિત હતા. કર્તવ્યનિષ્ઠા એ એમના જીવનનો પ્રધાન ગુણ હતો, પરંતુ એમનામાં ઉમળકાનો અભાવ હતો. તેઓ લાગણીથી કશું અનુભવતા નહિ. ઓછું બોલતા. એમની પાસે જ હું નાનેથી મોટો થયો હોવા છતાં અમારી વચ્ચે ક્યારેય આત્મીયતા સ્થપાઈ શકી નહોતી. કેવળ ફરજના ભાનથી જ એમણે અમારો સંબંધ નિવેડ્યો હતો. એમના કડક અંકુશને લીધે બીજા કોઇનું હેત પણ હું પામી શક્યો નહિ. પરિણામે હું એકાકી ને અંતર્મુખ થતો ગયો. જીવનમાં માયા-મમતાનો પાશ બેઠો જ નહિ. વિરક્તિનો ભાવ મનમાં ઊગતો ગયો અને જીવનનો કોઈ હેતુ કે અર્થ ન લાગતાં તરુણ વયે જ જીવનને બદલે મૃત્યુને વાગોળતો થઈ ગયો.

એટલે જ્યારે હું એમ. બી. બી. એસ. થયો ત્યારે મારી સામે બે વિકલ્પો હતા: કાં તો પૅથૉલૉજીમાં લેક્ચરર બનવું ને હજુ અસાધ્ય ગણાતા રોગોના જીવાણુઓ વિષે ઊંડામાં ઊંડું સંશોધન કરવું—પોતાનો જાન જોખમમાં મૂકીને, લૂઈ પાસ્તરે કર્યું હતું એમ; અથવા તો લશ્કરમાં જોડાઈ જવું. બન્નેમાં અંગત જીવનનો ભોગ આપવાનો હતો, મૃત્યુનો સતત સંપર્ક રહેવાનો હતો,—જે મારી મનીષા હતી.

વિચાર કરતાં મને લાગ્યું કે લૅબૉરેટરીમાં મારું જીવન વધુ એકાકી બની જશે; સંશોધન માટે આસપાસની બીજી વ્યક્તિઓ પર વધુ આધાર રાખવાનો રહે અને જે સિદ્ધ કરવા માગું છું તે લાંબા ગાળે પ્રાપ્ત થાય કે ન પણ થાય; ત્યારે લશ્કરમાં જવાથી મરજીવાના ખમીરથી ભર્યાભર્યા માનવજીવનના સીધા સંપર્કમાં આવવાનું બને. એમાં મૃત્યુનો સ્પર્શ વધુ રોમાંચક ને વધુ જલદ બને.

એટલે હું લશ્કરમાં જોડાઈ ગયો. ૧૦૪ નંબરની મોબાઇલ ઑસ્પિટલ મારા ચાર્જમાં આવી. મારા નામની પાછળ સરનામામાં '૫૯, એ. પી. ઓ.' લખાવું શરૂ થયું. મારું રહેવાનું સ્થળ તથા મારી હેરફેર એ બધું જ ગુપ્ત બની ગયું. હું ગમે ત્યાં હોઉં પણ '૧૦૪, મોબાઇલ ઑસ્પિટલ, ૫૯, એ. પી. ઓ.'ના સરનામે મને પત્ર મળી જાય. આવતા-જતા પત્રો સેન્સર થાય. એમાં કશી અંગત લાગણીઓ કે ત્યાંના વાતાવરણ વિષે પણ લખી શકાય નહિ. આમ, મારી ઇચ્છા હતી તેમ, મારું સ્થળ અને મારું અંગત જીવન બંને મટી ગયાં.

બે વર્ષ પછી મને પ્રોમોશન મળ્યું. મારી આજુબાજુ લશ્કરી જીવનનો સંદર્ભ ગૂંથાતો ગયો. દેશના ઘણા ભાગોમાં મારે જવાનું થવા લાગ્યું. લશ્કરી શિસ્ત પ્રમાણે મારે અમુક ગુપ્તતા જાળવવાની હોઈ ઘણીબધી વાતો હું કહી શકું તેમ નથી. પરંતુ એક વાર મારે એક મોટા કૅમ્પમાં જવાનું હતું. હું પૂના સ્ટેશને ઊતર્યો. તરત જ અમારા કમાન્ડરની સહીવાળો એક પરિપત્ર મને આપવામાં આવ્યો, જેની સાથે પૂનામાં રહેતી શંકાસ્પદ (suspect) વ્યક્તિઓની યાદી હતી. એમાં મોટા ભાગની સ્ત્રીઓ હતી. એ વ્યક્તિઓથી સાવચેત રહેવાનું હતું અને એમની સાથે બહુ નહિ ભળવાની સલાહ હતી; કેમ કે એ બધી વ્યક્તિઓ જાસૂસ હોઈ શકે એવી શંકા હતી. યાદી પર નજર ફેરવતાં જ હું ચમક્યો. એમાં મારી સાથે અભ્યાસ કરતી એક પરિચિત છોકરીનું નામ હતું. પરંતુ કોણ જાણે શાથી, મને એને મળવાનું કે એને વિષે વધારે જાણવાનું બિલકુલ કુતૂહલ થયું જ નહિ. પણ બીજા દિવસે, મારા આશ્ચર્ય વચ્ચે, મારા પર એ જ છોકરીનો ફોન આવ્યો. એણે મારો પરિચય તાજો કર્યો અને મને મળવાની ઇચ્છા વ્યક્ત કરી. પરંતુ તે દિવસ જ કૈંક વિચિત્ર હતો. સવારનાં પત્રોમાં જ સમાચાર હતા કે પડોશી દેશે આપણા દેશની સરહદ ઓળંગી હતી—યુદ્ધનો સંચાર થયો હતો. એ જ દિવસે સાંજે મારે સરહદ પર જવા પૂના છોડવું પડ્યું.

યુદ્ધને હું ક્યારેય સમજી શક્યો નથી. યુદ્ધ વિષેનાં પુસ્તકો મેં વાંચ્યાં નથી. ના, એના સિદ્ધાંતો પણ નહિ, અને વર્ણનો પણ નહિ. શરીરમાં થતા રોગની માફક તે અણધાર્યું આવી પડે છે. એક દિવસ યુદ્ધની વાત નીકળી ત્યારે કૅપ્ટન મહેતા અને ડૉ. વીરેન વચ્ચે જે ચર્ચા થઈ હતી તે યાદ આવી ગઈ. કૅપ્ટન મહેતા કહેતા હતા કે 'ક્યારેક ન્યાયને પક્ષે પણ યુદ્ધ લડાય છે. કેટલાંક યુદ્ધો સેતાની હોય છે ખરાં, પણ ઠેઠ પ્રાચીન કાળથી યુદ્ધ અનિવાર્ય બળ તરીકે સ્વીકારાયું છે. એટલે જ ન્યાયી યુદ્ધ ધર્મ તરીકે—' વચમાં જ ડૉ. વીરેને આવેશમાં જવાબ આપેલો: 'ન્યાયી યુદ્ધ ને સેતાની યુદ્ધ એવા ભાગ પાડી શકાય જ નહિ; કોઈ પણ સંજોગોમાં યુદ્ધ એ અધર્મ જ છે.'

પણ હવે તો યુદ્ધની ઉત્તેજનામાં હું પ્રત્યક્ષ રીતે સંડોવાયો. મેં આ પરિસ્થિતિને હોંશથી આવકારી. છતાં યુદ્ધના તંત્ર ને કૈંક અમાનુષી વાતાવરણથી હું ટેવાઈ શક્યો નહિ. ઘવાએલા—ક્યારેક તો બિહામણી રીતે છુંદાએલા સંખ્યાબંધ જવાનોને અમારી પાસે લાવવામાં આવતા. ઘણી વાર મારી હાજરીમાં જ એમની આંખોનું તેજ ઓલવાઈ જતું. એમના વેદનાભર્યા ચહેરા પર અંકાએલી લિપિ હું ઉકેલી શકતો નહિ. એમની વાતો એમની સાથે જ ઢબુરાઈ જતી. એકનો એક જ પ્રશ્ન મારા મનમાં સળવળ્યા કરતો: 'શું આ બધા મારી માફક મરવાની ઇચ્છાથી આવ્યા હશે? આવા સામૂહિક મૃત્યુમાં, જંતુની

માફક ચગદાઈ જવામાં, કોઈ વ્યક્તિગત આનંદ હોઈ શકે ખરો?

જોકે એમાંના કોઇને હું આ પ્રશ્ન પૂછી શકતો નહોતો. એવામાં એક વાર સખત રીતે ઘવાએલા એક જવાનને સ્ટ્રેચરમાં મારી પાસે લાવવામાં આવ્યો. એની નજદીકમાં જ બૉંબ પડયો હતો. એને કયાં કયાં ઇજાઓ થઈ છે એ જોવા મેં એના શરીરને તપાસવા માંડયું. પાછળ ફેરવતાં એના પૅન્ટના ખિસ્સામાં નાનકડા કદની ચોપડી જેવું મને કૈંક લાગ્યું. બહાર કાઢીને જોયું તો ભગવદ્‌ગીતા હતી. ડ્રેસિંગ કરતાં-કરતાં મેં એને પૂછયું: 'કયા નામ હય આપ કા?' ઢાળેલાં પોપચાં ઊંચાં કરી મારા પર દૃષ્ટિ ટેકવી એણે ધીમેથી કહ્યું: 'જોરુ.' ગીતા બતાવી મેં એને પૂછયું: 'પઢને કા વખ્ત મિલતા હય?' એણે ફરી પાછી એની દૃષ્ટિ મારા પર ઠેરવવા પ્રયત્ન કર્યો અને મારી સામે કયાંય સુધી જોઈ રહ્યો. પછી એના ક્ષીણ અવાજમાં સહેજ જોર લાવી બોલ્યો: 'બટવારે કે પહલે મંય લહોર મેં રહતા થા. સામનેવાલે સબ મુઝે ભાઈ જૈસે લગતે હય. ઇસિ લિયે ઉન કે સામને બંદૂક ચલાને કે લિયે મૈં ગીતા...' પછીના શબ્દો એના ગળામાં જ અટવાઈ ગયા. બીજા દિવસે નમતા પહોરે તો તે મરી ગયો.

યુદ્ધ ઠંડું પડી ગયું હોય ત્યારે ઘણી વાર રાત્રે હું આકાશની સામે જોઈ રહેતો. એ રીતે જોવું મને ગમતું. તંબૂની બહાર ચત્તોપાટ સૂતો હોઉં અને ઉપર આભ તોળાયું હોય ત્યારે નિરભ્ર અને નિઃસ્તબ્ધ આકાશમાંથી શાંતિનું બિંદુ ધીમેધીમે નિર્ઝરતું મારી ભીતરમાં ઊંડેઊંડે સરતું હોય એવી લાગણી મને થતી. એના અસીમ વ્યાપ નીચે સીમાડાઓ પર લડાતા યુદ્ધની નિરર્થકતા વધારે છતી થતી.

પરંતુ ફરી પાછી ટૅન્કો આગળ ધસતી, ગોળા ફેંકાતા, માથા પર વિમાનો ચકરાવો લેતાં, બૉંબવર્ષા થતી, ને આકાશ ધુમાડાઓથી છવાઈ જતું. ફરી પાછા ઘવાએલા-છુંદાએલા જવાનોનાં શરીરો આવવાં શરૂ થઈ જતાં, શબોને અલગ તારવવાનું કામ ચાલુ થઈ જતું, ને લાલ ક્રૉસ લગાવેલો મારો ઍપ્રન પહેરી ટાંકા લેવા માટે હું મારી સોય તૈયાર કરતો.

ખેમકરણ સેક્ટરમાં એક ગામડાને ઓળંગી અમે આગળ વધતા હતા ત્યાં મારી દૃષ્ટિ એક વૃદ્ધ સ્ત્રી પર પડી. એના હાથમાં ભૂરા આંતર્દેશીય પત્રોની થોકડી હતી. આગળ કૂચ કરતા જવાનોને તે એ વહેંચતી હતી અને કહેતી હતી: 'મેરે બેટે, યે જીત ઔર ખુશી કે ખબર ઘર પે ભેજના; બીબી ઓર અમ્માકી દુઆએં તુમ કો ઔર આગે બઢાયેગી.' હું ત્યાં અટકી ગયો ને નીચે ઊતરી એની પાસે ગયો. એણે તરત જ ભૂરો કાગળ મારી સામે ધરી એના પાકટ ઘસાતા અવાજે કહ્યું: 'લીજીયે, બીબી ઔર અમ્મા કી દુઆએં —' મેં કહ્યું: 'અમ્મા, મેરે લિયે તો સિર્ફ આપકી દુઆએં કાફી હય.' એણે એનો ધ્રૂજતો હાથ ઊંચો કર્યો. મેં માથું નમાવ્યું ને પૂછયું: 'આપ કા નામ?' આકાશને છેવાડે બિડાઈ જતી ક્ષિતિજ તરફ મીટ માંડીને એણે કહ્યું: 'વખતબા.'

નામ સાંભળીને મને નવાઈ લાગી, કારણ કે એ પ્રદેશનું એ નામ નહોતું. પૂછયું: 'અમ્મા, કહાં કી રહનેવાલી હો?' થોડી વાર અટકીને એણે જવાબ દીધો: 'ગુજરાત કી'. હું તરત જ બોલી ઊઠયો: 'માજી, હું યે ગુજરાતનો છું. ડૉક્ટર છું. ગુજરાત છોડીને તમે આટલે દૂર કેમ વસ્યાં? ઘરનાં બીજાં માણસો—' મને અધવચ્ચે જ અટકાવી તે બોલી: 'એ બહુ લાંબી વાત છે. અત્યારે એ કહેવાનો સમો કયાં છે? બેટા, તું તો ડૉક્ટર છે, મરતાં માણસોનો તારણહાર. તારી તો એક મિનિટ પણ ન બગાડાય. જા બેટા, જલદી જા. મરતા માણસને ઘૂંટડો પાણી પાવાનું યે પુણ્ય છે, ત્યારે તું તો માણસના અંગારા જલતા રાખનારો. જા બેટા, મારા આશીર્વાદ છે: સો વર્ષ જીવજે.'

એ વૃદ્ધ સ્ત્રીના શબ્દો વિદ્યુતના પ્રવાહની જેમ મારા લોહીમાં ઝણઝણી ઊઠયા. કેટલા સાચુકલા હૈયે એણે એની વાણી ઉચ્ચારી હતી! મેં જવાબ આપ્યો: 'ભલે માજી; પાછા વળતાં હું તમને મળીશ. તમે અહીં જ રહો છો ને?' એણે કહ્યું: 'હા બેટા, હું આ ગામડામાં એકલી જ રહું છું. ચાદરો વણી ગુજરાન ચલાવું છું. જે કાંઈ બચે છે, એમાંથી આ કાગળો વહેંચું છું. દરેક ઘેર કાગને ડોળે એની રાહ જોવાતી હશે. એને માટે કદાચ કોઈ માનું હૈયું તલસતું હશે. લે બેટા, તું પણ એક કાગળ લેતો જા.' કાગળ લેતાં મેં કહ્યું: 'આવજો માજી. તમારા આશીર્વાદથી બધું હેમખેમ પાર ઊતરશે. પાછા ફરતાં હું તમને જરૂર મળીશ.' આટલું કહી હું મારી ઍમ્બ્યુલન્સમાં ચડી ગયો.

અમે થોડી કૂચ કરી હશે, ત્યાં જ અમારે અટકી જવું પડયું. લશ્કર ભારે જુસ્સામાં હતું છતાં ય આગળ ન વધવાનો આદેશ આવ્યો હતો. અમારી ચારે બાજુ વેરાન પ્રદેશ હતો. થોડાં છૂટાંછવાયાં છોડ-ઝાંખરાં ઊગ્યાં હતાં. અહીં વરસાદ ખૂબ જ ઓછો પડતો હશે એવું લાગતું હતું. વગડાઉ વનસ્પતિ ધરતીમાંથી રસ ચૂસીચૂસીને વર્ષો સુધી જીવતી હોય છે. પેલી વૃદ્ધા એકલીઅટૂલી કયા આશાતંતુ પર જીવતી હશે? મારી સ્મૃતિ પર એની દૃઢ છાપ અંકાઈ ગઈ હતી. યુદ્ધના સંદર્ભમાંથી નીકળી કયારેક હું મારા અંતર્ગત જીવનમાં ડોકિયું કરવા મથતો. બહારની અશાંતિ કરતાં મારા મનની અશાંતિનો કોલાહલ વધુ થતો.

આવી જ રીતે એક વાર હું મારા તંબૂની બહાર અંધારામાં બેઠો હતો. રાત ઠંડી અને ખુશનુમા હતી; ત્યાં તો આકાશમાં ઓચિંતાં સંખ્યાબંધ વિમાનો દેખાયાં અને જોતજોતાંમાં તો અંદર ધસી આવી આજુબાજુનાં બેત્રણ ગામડાં પર બૉંબ ઝીંકી દીધા. આ બાજુથી પણ તોપો ડણકી ઊઠી. તેજના લબકારા થયા. બેત્રણ વિમાનો તૂટી પડયાં હતાં ને એના ભંગારમાંથી ભડકા ઊઠતા હતા.

એમને વળતો જવાબ અપાય તે પહેલાં તો બીજે જ દિવસે યુદ્ધવિરામની જાહેરાત થઈ, ને ત્રણચાર દિવસમાં લશ્કરને પાછા વળવાનો આદેશ મળ્યો. પાછા ફરતાં પેલા ગામડામાં મેં પેલી વૃદ્ધ સ્ત્રીની તપાસ કરી; પરંતુ જાણવા મળ્યું કે હજુ બે દિવસ પર જ એ મરી ગઈ હતી! કેટલાકનું એમ કહેવું હતું કે છેલ્લા હુમલા વખતે એના ઘરની પાસેના ખેતરમાં બૉંબ પડેલો અને એની ધાકથી જ તે મરી ગઈ; ત્યારે કેટલાકનું કહેવું એમ હતું કે કુદરતી રીતે જ એનું મોત થએલું. જે હોય તે; એની વાત કહેવા તે રહી નહોતી.

ને હું યુદ્ધેથી પાછો ફર્યો; કેટલી યે ન કહેવાએલી વાતોનો સંભાર લઈને.

—ને હું યુદ્ધમાંથી પાછો ફર્યો, કયારે ય ન ભૂલાય એવા એક ચહેરાની સ્મૃતિ લઇને: પોતે જેને ભાઇઓ માનતો હતો એમની સામે બંદૂક ચલાવવા માટે ગજવામાં ગીતા લઈ ફરતા જોરુની સ્મૃતિ.

—ને હું યુદ્ધમાંથી પાછો ફર્યો, આંતરડી ઠારે એવી દુઆ લઇને... ગુજરાતના સીમાડાઓથી દૂર દૂર, નિર્જન સરહદ પર, ચાદરો વણી રોટલો રળતી પેલી એકલીઅટૂલી વૃદ્ધ સ્ત્રીનો આશીર્વાદ લઇને. માનવજીવનના અસ્તિત્વમાં અને એના ગૌરવમાં શ્રદ્ધા વ્યક્ત કરતો, મારી વિરક્તિને શમાવતો એનો આશીર્વાદ: 'બેટા, સો વર્ષ જીવજે' અત્યારે પણ મારા મનમાં પડઘાય છે.

પ્રાચીન ખગોળ પાછળ વૈજ્ઞાનિક દૃષ્ટિ

અનકુચન્દ્ર ભાયાવાળા



પોતાનું એક વ્યાખ્યાન આપતા લેખક

આધુનિક સંશોધન દ્વારા આજના ખગોળશાસ્ત્રમાં જે વૈજ્ઞાનિક સત્યો સ્વીકારવામાં આવ્યાં છે એ સત્યોનું જ્ઞાન ભારતની પ્રજાને તો સૈકાઓથી હતું અને આપણાં પ્રાચીન સાહિત્યોમાં એના ઉલ્લેખો પણ છે; પરંતુ પાછળથી થએલા એના ખોટા તરજૂમા અને અસ્પષ્ટ અર્થોને લીધે આજે એનું મહત્ત્વ લેખામાં લેવાતું નથી. પોતાના આ અભિપ્રાયના સમર્થનમાં વર્ષોથી એ અંગે સંશોધન કરી રહેલા આ લેખના લેખક, સૌરાષ્ટ્રના સનાલા–ભાયાવદરના દરબાર શ્રી અનકચંદ્ર ભાયાવાળાએ સંખ્યાબંધ પુરાવા એકઠા કર્યા છે. ભારતના પ્રાચીન સાહિત્યમાં રુદ્ર, બ્રહ્મા, જગન્નાથ, નારાયણ, ઈશ્વર, પરમેશ્વર આદિ, તેમજ સૂર્યમંડળ, બ્રહ્માંડ, જગત, મહાલોક કે વિશ્વ વગેરેના પ્રારંભ, રચના, ગતિ, વિકાસ ને વિલય અંગે, તથા મનુષ્યના એની સાથેના સંબંધો વિષેની કલ્પનાઓ પાછળ શુદ્ધ વૈજ્ઞાનિક પુરાવાઓ પડેલા છે, એવી પોતાની માન્યતા પ્રસ્થાપિત કરતા એમના મુંબઈની રૉયલ એશિયાટિક સોસાએટી સમક્ષ અપાએલા વ્યાખ્યાનની વિદ્વાનોમાં પણ સારી કદર થઈ હતી, જેમાં નરસિંહ ચિંતામણ કેળકર જેવા વિદ્વાનો પણ હતા. તેઓ આ વિષયમાં અવારનવાર લખતા રહે છે.

આ લેખ તો એમણે એ દિશામાં જે વિસ્તૃત કાર્ય કર્યું છે એની એક પરિચયાત્મક વાનગી રૂપ જ છે.


આ 'ક્વાસર્સ'*ના યુગમાં આજે જ્યારે માણસ વિશ્વની સીમાઓને આંબવા આંતરગ્રહીય અવકાશયાત્રાઓની ફલાંગો મારી રહ્યો છે ત્યારે આધુનિક ખગોળશાસ્ત્રી પોતાનાં સંશોધનોમાં પૂરક હકીકતો મેળવવા માટે પુરાણાં શાસ્ત્રો તપાસવાનું હાસ્યાસ્પદ ગણશે; કારણ કે ઘણું પૌરાણિક સાહિત્ય એના પાછળથી થએલા ભૂલભરેલા અર્થો અને ખોટા અનુવાદોને લઇને વિકૃત બની ગયું છે, અને પરિણામે તે ગાથાઓ ને પૌરાણિક વાર્તાઓમાં ગણાઈ જાય છે. પરંતુ એ પ્રાચીન સાહિત્ય-ભંડારમાંથી જો સમજપૂર્વક વૈજ્ઞાનિક હકીકતો તારવવામાં આવે તો આધુનિક સંસ્કૃતિ કરતાં પણ ઊંચી, તે વખતની વૈજ્ઞાનિક સંસ્કૃતિની હસ્તી પ્રત્યક્ષ થાય છે.

ઍસીરિયા, બૅબિલોનિયા, ઇજિપ્ત, ભારત, ચીન, ગ્રીસ, બ્રાઝિલ અને પેરૂની પ્રાચીન સંસ્કૃતિઓ પૈકી, ભારત, ગ્રીસ અને ચીન દેશો એવા છે કે તેમની જીવંત ભાષાઓ આપણને તેમના પૌરાણિક કાળ સાથે જોડી શકે છે, જ્યારે બીજી સંસ્કૃતિઓ અંગેનું જ્ઞાન તેઓની પ્રાચીન લિપિઓના ઉકેલ પછી જ મેળવી શકાય છે. આમ, સંસ્કૃત, ગ્રીક, અને ચીની–ત્રણે જીવંત ભાષાઓથી મળતું પ્રાચીન સંસ્કૃતિનું જ્ઞાન, અન્ય લિપિ-ઉકેલથી મેળવેલા તેવા જ્ઞાન કરતાં શ્રેષ્ઠ ગણાય. આ જીવતી ભાષાઓમાં પણ કેટલાંક પ્રાચીન લખાણોમાં યે અમુક બાબતો તે વિષયના વિદ્વાનોને પણ સમજાતી નથી. તેનું એક કારણ એ છે કે તેઓ એવી માન્યતાથી શરૂઆત કરે છે કે પ્રાચીન સાહિત્ય રચનારાઓ ભટકતી જાતિના લોકો હતા, અને પાછળથી ધીરેધીરે ઊંચી કક્ષાએ પહોંચ્યા હતા. પરિણામે એમના સાહિત્યમાંનાં ઘણાં પાસાંને દંતકથાઓ ગણવામાં આવે છે. બીજું એક કારણ એ છે, કે એના પછીથી થએલા અસ્પષ્ટ ને ભૂલભરેલા અનુવાદો અને ભાષ્યો પણ ખોટે રસ્તે દોરે છે.

વર્તમાન સમયમાં ૮૮ નક્ષત્રો (Constellations) માન્ય થયાં છે, અને આંતરરાષ્ટ્રીય ખગોળ સંઘે (ઈન્ટરનૅશનલ ઍસ્ટ્રૉનૉમિકલ યુનિયને) તેની સીમાઓ નક્કી કરેલી છે. ક્લૉડીઅસ ટૉલીમૅકસના રજિસ્ટર (દસ્તાવેજી નોંધ) મુજબ ૪૮ નક્ષત્રો છે, જે પૈકી ૨૧ ઉત્તર ગોળાર્ધમાં, ૧૨ રાશિપટ ઉપર અને ૧૫ દક્ષિણ ગોળાર્ધમાં આવેલાં છે. એ નક્ષત્રોને ઓળખવા પ્રાચીન કાળમાં અમુક ચોક્કસ આકૃતિઓ કલ્પવામાં આવી છે, જેમાંના ઘણા આકારો પૂર્વ અને પશ્ચિમમાં લગભગ એકસરખા છે, અને હજીયે કાળાનુક્રમે થોડા ફેરફાર સાથે એની અસલ કલ્પના સાથે એ ઓળખચિત્રો પ્રચલિત છે.

પ્રાચીન લખાણોમાં એ નક્ષત્રોનાં નામ સાથે એનાં વર્ણનો પણ મળે છે અને એને માટેની સૂચક આકૃતિઓ પણ કલ્પેલી છે; પરંતુ મોટે ભાગે આ અંગે એવી માન્યતા છે કે જેતે નક્ષત્રોમાં આવેલા તારાઓને જોડતી રેખાઓ દ્વારા તેની જે આકૃતિ રચાય એના પરથી એ નામ અપાયાં છે. પરંતુ ગમે તેટલી કલ્પના દોડાવીએ તો પણ, એક વૃશ્ચિક રાશિ સિવાય કોઈ પણ નક્ષત્રમાંના તારાઓથી રચાતા આકાર તેના નામ પ્રમાણેની આકૃતિને મળતા નથી. પણ ગ્રીક અને ભારતીય પંચાંગોમાં નક્ષત્રોનાં જે સૂચક ચિત્રો આવે છે તેની આકૃતિ 'નક્ષત્રો'ના આકાર સાથે નહિ, પણ એ નક્ષત્રોના વિસ્તારમાં (યા તેની નજીકમાં) આવેલી 'નિહારિકા'ઓના આકાર સાથે ઘણું સામ્ય ધરાવે છે.


એની સાબિતી માટે, આ લેખ સાથે ત્રણ પ્રકારનાં ચિત્રો આપવામાં આવ્યાં છે: (૧) જે તે નક્ષત્ર (Constellation)ના નામાભિ-





'સપ્તર્ષિ'માંની નિહારિકા એન. જી. સી. નં. ૩૫૮૭ (એમ. ૯૭)નો દેખાવ ઘૂવડ (આઉલ)-ના મોં જેવો, કે મ્હોરા (માસ્ક) જેવો છે. એના પરથી એને 'આઉલ' કે 'માસ્ક' નેબ્યુલા કહે છે. આ નિહારિકા પોતાના ગ્રહમંડળવાળી છે. ૧૦ સપ્ટેમ્બરે સૂર્યની તેની સાથે યુતિ થાય છે. સૂર્યને પણ પોતાનું ગ્રહમંડળ છે, એ પરથી કદાચ એના ઓળખચિત્રમાં પૂર્વ તેમજ પશ્ચિમમાં મોં-મ્હોરું દર્શાવાય છે.

*ક્વાસર્સ: અવકાશમાં અતિ અતિ દૂરથી રેડિયો-સંકેતો પ્રસરાવતા અદૃશ્ય સ્રોતો.



'ધન'રાશિમાં'ઓમેગા' નિહારિકા: એન.જી. સી. ૬૬૧૮; ધનુર્ધારી નર-અશ્વની કલ્પના



'મૃગ'નક્ષત્રમાં હયગ્રીવ નિહારિકા:આઈ.સી. ૪૩૪; શ્વાન જેવો સ્પષ્ટ આકાર



નિહારિકા એન. જી. સી. ૪૪૪૯. શીંગડાંવાળા ઘેટાનો આકાર.

Sagittarius – ધનુ





શ્વાન – Cannis Major






મેષ – Aries







'કન્યા' રાશિમાં નિહા૦ એમ-૧૦૪: હોડીમાં બેઠેલી કન્યા (કે પદ્માસના લક્ષ્મી)ની કલ્પના



વૃષભ નક્ષત્રમાં આવેલી કર્ક નિહારિકા: એમ.-૧ કરચલાનો આકાર



'મોનોસેરસ' નક્ષત્રમાં નિહા૦ એન. જી. સી. ૨૨૬૪; ગણેશની સૂંઢ અને લાડુની કલ્પના


કન્યા – Virginis (કુમારિકા)





કર્ક – Cancer






ગણેશ – Canis Minor





ધાન પાછળની નિહારિકાની આકૃતિની કલ્પનાનું સૂચન કરતાં વૈદિક પંચાંગમાં અપાતાં ચિત્રો; (૨) એ જ રીતે ગ્રીક કલ્પનાનાં સૂચક આલેખનો અને (૩) તે તે નક્ષત્રમાં (અને કેટલાકમાં કાળાંતરે સ્થાન-ફેર પામી હાલ એની આસપાસ કે થોડે દૂર) દેખાતી નિહારિકાનાં, અદ્યતન ફોટોચિત્રો, જે જુદીજુદી વેધશાળાઓએ મોટાં દૂરબીનોની સહાયથી લીધેલાં છે. નિહારિકાઓના એ આકારો સાથે એના પરથી અપાયેલાં નામવાળાં નક્ષત્રોનાં પ્રાચીન ઓળખચિત્રો પાછળનો ખયાલ કેટલું સામ્ય ધરાવે છે એ આના પરથી સમજાશે, અને સ્પષ્ટ થશે કે એ ઓળખચિત્રો 'નિહારિકાઓ'ની આકૃતિઓ ઉપર જ આધારિત છે, 'નક્ષત્રો' પર નહિ. પાછળથી મૂળ નિહારિકા ભુલાઈ જઈને જે તે નક્ષત્રમાંના તારાઓને જોડતી રેખાના આકારમાં મૂળ કલ્પનાને બંધ બેસાડવાના પ્રયત્નોને લીધે, તથા કેટલાંક દૃષ્ટાંતોમાં કાળાનુક્રમે એ આકૃતિઓને શોભનાત્મક સ્વરૂપ આપવાના પ્રયાસોને લીધે, આજે નિહારિકાના અસલ આકારના ખયાલ સાથે એનો પૂરેપૂરો મેળ બેસતો ન યે લાગે વળી, હજારો વર્ષોના ગાળા દરમિયાન નિહારિકા-ઓમાંના આંતરિક ફેરફારો તેમજ સૂર્યમંડળની આપણા તારાજગત (ગૅલેક્સી)ના કેન્દ્ર આસપાસની પ્રદક્ષિણાની ગતિને કારણે અમુક આકાશી તત્ત્વો નજીક આવવાથી કે દૂર જવાથી થયેલા સ્થાનફેરને



કુંભ રાશિમાં 'રિંગ' નિહારિકા: એન. જી. સી. ૭૨૯૩; કુંભ-મુખ જેવો આકાર



'હંસ'માં નિહારિકા એન. જી. સી. ૭૦૦૦. ઊડતા હંસનો આકાર



'ગરુડ' નજીક 'સર્પ' નક્ષત્રમાં નિહારિકા એન. જી. સી. ૬૬૧૧; ઊડતા ગરુડનો આકાર


કુંભ – Aquarius

હંસ – Cygnus

ગરુડ – Aquila















'મૃગ'માં નિહારિકા એમ. ૪૨ રુદ્રના વાહન વૃષભનો આકાર



'શશક'માંની નિહારિકા: 'ગણેશ'ના ચરણ પાસે હોઈ 'મૂષક'ની કલ્પના



'ખગાશ્વ'માં નિહા૦એન.જી.સી.૭૩૧૭-૨૦; (વચ્ચેની નિહા.માં) ઊડતા ઘોડાની કલ્પના

વૃષભ – Taurus

મૂષક (ઉંદર) – Lepus (સસલું)

અશ્વ – Pegasus















લીધે પણ આકૃતિઓમાં વિભિન્નતા સંભવી શકે. પૃથ્વીની પોતાની અયનચલન ગતિને કારણે પણ આવો તફાવત માલૂમ પડી શકે. છતાં મૂળ કલ્પનાને લક્ષમાં રાખીને એની સરખામણી કરીએ તો જણાશે કે આ નક્ષત્રોનાં નામ પાછળના પૌરાણિક ખયાલમાં ઘણું તથ્ય છે. આવું સામ્ય અપવાદિક અકસ્માત ન જ હોઈ શકે.


આના પરથી એટલું સાબિત થાય છે કે આજનાં નક્ષત્રોનાં નામ અને તેના સૂચક આકારની કલ્પના પ્રાચીન કાળમાં જે તે નક્ષત્રના વિસ્તારમાં આવેલી 'નિહારિકાઓ'ના આકારો પરથી કરેલી છે, અને નહિ કે તે તે 'નક્ષત્રમાંના તારાઓ'ની ગોઠવણ પરથી. મતલબ કે પૌરાણિક સાહિત્યના ખગોળશાસ્ત્રના કેટલાક અંશમાં જ્યાં માત્ર દંતકથા કે કેવળ કલ્પના જોવામાં આવે છે ત્યાં જો પૂરતું અને સાચું સંશોધન કરી જોવામાં આવે તો આવાં અનેક વૈજ્ઞાનિક સત્યો પ્રાપ્ત થઈ શકે; અને એ પરથી પ્રતીતિ થાય કે પ્રાચીન સંસ્કૃતિમાં ખગોળનું વૈજ્ઞાનિક જ્ઞાન પૂરતો વિકાસ પામેલું હતું.


(વધુ ચિત્રો જુઓ પાછળ)



મકર રાશિની ઉત્તરે નિહા. એન. જી સી. ૭૪૭૯; પાણીમાં તરતા મૃગમુખ મકરની કલ્પના.


મકર – Capricornus (જળબકરો)





'કાલીય'માં નિહા. એન. જી. સી. ૬૫૪૩નાં બે ચિત્રો. શેષ (મહા સર્પ)ની કલ્પના.


શેષ–Draco





મીન રાશિમાં નિહા. એન. જી. સી. ૨૫૪; નાનીમોટી તરતી માછલીઓની કલ્પના.

મીન – Pisces (માછલીઓ)



ફોટોવાર્તા

ભૌમિતિક ભાતની કળા

આધુનિક કલામાં છેલ્લે છેલ્લે 'પૉપ (POP) આર્ટ' પછી હવે 'ઑપ (OP) આર્ટ'નો પ્રસાર થયો છે માત્ર ભૌમિતિક આકાર-આકૃતિઓ વડે જ ગતિનો આભાસ આપતો દૃષ્ટિભ્રમ પેદા કરતો, રંગ અને રેખાનો ચાતુરીભર્યો વિન્યાસ એટલે 'ઑપ આર્ટ'.


'ઑપ આર્ટ' આજની એક અગ્રિમ (કલા?) શૈલી થઈ પડી છે, એટલું જ નહિ પણ એની પુરોગામી શૈલી પૉપ (POP) આર્ટને એણે પાછી પાડી દીધી છે. આધુનિક જીવનનાં દ્યોતક એવાં પોસ્ટર, ઓળિયાં, ખોખાં વગેરે જેવા કારુ કલાના નમૂનાઓને સાંકળી લઇને કરાતાં ચિત્રો અને શિલ્પોનાં સર્જનોને 'પૉપ આર્ટ' કહે છે. ઈ. ૧૯૫૦માં ઇંગ્લંડમાં એનો આરંભ થયો, પરંતુ ૧૯૬૦થી અમેરિકા આ દિશામાં અગ્રસ્થાને રહ્યુ છે.

ઑપ આર્ટને 'ભૌમિતિક ભાતની કળા' પણ કહી શકાય. પરંતુ એમાં આંખને આરામ આપતું તૃપ્તિકર તત્ત્વ ઓછું છે. કલાકારની અભિવ્યક્તિના અર્થઘટનને આ શૈલીમાં તક નથી. ઑપ આર્ટમાં અમુક રંગ કે આકાર અમુક ચોક્કસ વસ્તુ સૂચવે છે એ કહી ન શકાય. જોનાર કોઈ પણ કૃતિનાં રંગ રેખાને સમજી શકે છે, પછી ભલે તેણે કલાશિક્ષણ લીધું હોય યા નહિ. મૉડર્ન આર્ટની કૃતિ ચિમ્પાન્ઝી કે નાનું બાળક પણ સર્જી શકે, એમ આને વિષે કહી નહિ શકાય.

ઑપ આર્ટની કૃતિનું સ્વરૂપ સૌકોઈ સમજી શકે તેવું છે. રંગ-રેખાની રમતના એમાં આવતા પરિણામને તેઓ માણી પણ શકે છે. એ કેમ થાય છે કે એની પાછળ કયા સિદ્ધાંત કામ કરે છે એવું કૈં સમજવાની ખાસ જરૂર પડતી ન હોવાથી એને 'યુનિવર્સલ' (સર્વસામાન્ય) ગણવામાં આવે છે. આમ, અવૈયક્તિકપણામાં સર્વસાધારણતા પ્રાપ્ત કરવી એ ઑપ આર્ટનું એક ખાસ લક્ષણ છે.


ત્રિકોણ, ચોરસ, ચકરડાં કે વળાંકાનાં વૈવિધ્યભર્યા આયોજનો પર આધારિત એવી ભૌમિતિક આકારોની અટપટી રચનાઓથી આંખને ખેંચતી (ને ક્યારેક થકવતી) એ ઑપ (ઑપ્ટિક્સ ઉપરથી) શૈલીનો હવે ફોટોગ્રાફીએ પણ ટેકો લઈને સુંદરતાના નવા સીમાડા ઉઘાડ્યા છે. પણ ઑપ આર્ટમાં ફોટોની એ રજૂઆત સારીપેઠે ઘડાએલી સૌંદર્યદૃષ્ટિ માગી લે છે. એમાં યે વિવસ્ત્ર સ્ત્રીદેહની લય-લલિત રેખાઓ સાથે 'ઑપ'ના ભૌમિતિક આકારોનો સૌંદર્યમય મેળ બેસાડવો ઘણો મુશ્કેલ છે. ચેકોસ્લોવાકિયાના ગ્રાફિક કલાકાર ઝેનેક વર્ટે એના કેટલાક સુંદર પ્રયોગો કર્યા છે. સામે એમની એવી ત્રણ ફોટોકૃતિ આપી છે: ચિત્ર (૧) એક જ સપાટી પર ભૌમિતિક આકારોના ઊલટાસુલટા પલટામાં પણ સુંદરતાથી રજૂ થતો દેહવિન્યાસ; (૨) પાત્રના દેહને વધુ ઉઠાવ આપતી ચટાપટા વાળા છાયા-પ્રકાશની સુંદર રમત; (૩) બે કે વધુ નેગેટિવની સહાયથી ઉપજાવેલી સ્વપ્નમય ભૂમિકા.

ફોટોગ્રાફીમાં આવી રમત 'ઑપ' આવ્યા પહેલાંથી થતી રહી છે. નીચે આપેલી જર્મન




અમેરિકન કલાકાર વિકટર વેસેરેલીની એક શુદ્ધ 'ઑપ' કૃતિ: 'મેટાગૅલેક્સીઝ.' નીચે: જર્મન કલાકાર ગ્રાવેનહૉર્સ્ટની ફોટો-રમત.









અમેરિકન કલાકાર જૅક બેકર


મુંબાઈની પંડોળે આર્ટ ગૅલેરીમાં હમણાં યોજાએલા અમેરિકન ચિત્રકાર જૅક બેકરનાં ૨૧ ચિત્રોના વૈયક્તિક પ્રદર્શનમાં ભારતના એમના આ ત્રીજા પ્રવાસ દરમિયાન કરેલાં અહીંનાં દસ દશ્યચિત્રો પણ હતાં. જૅક બેકરે અમેરિકા, યુરોપ ને આફ્રિકાના પ્રવાસો પણ ખેડેલા છે અને ત્યાંનાં સુંદર ચિત્રો પણ એમણે કર્યાં છે; પરંતુ ભારતનાં ગામશહેરો, લોકો અને એમની રસમો, અહીંનાં પચરંગી બજારો તથા અવનવાં શોભનોથી ખચિત કલાકારીગરીનું, ખાસ કરીને આપણાં શોભન-આલેખનો ને અહીંનાં રંગતેજનું એમને ઘણું આકર્ષણ છે.

આધુનિક ભારતીય કલાકારોની સર્જનશક્તિ અને પ્રગતિથી પ્રભાવિત થયા છતાં જૅક બેકરને એમનું કામ પ્રાયોગિક લાગે છે. તેઓ માને છે કે આજના ભારતીય કલાકારો અસલ હિંદી કળાનો અણુયુગ સાથે મેળ બેસાડવા મથી રહ્યા છે, પણ એ કાર્ય અતિ મુશ્કેલ છે. અંતે તો શુદ્ધ ભારતીય કલા જ પોતાનો આગવો વિકાસ સાધી રહેશે એમ તેઓ માને છે.

કલાવિક્રેતા સૉધબી ઍન્ડ કંપની

લંડનની વિખ્યાત કલાવિક્રેતા પેઢી 'સૉધબી ઍન્ડ કંપની'–ટૂંકમાં 'સૉધબીઝ'નો કેટલોક પરિચય અગાઉ અંક ૪૯૮માં આવી ગયો છે. વૅલિંગ્ટનસ્ટ્રીટમાંથી ન્યૂ બૉન્ડ સ્ટ્રીટમાંના એમના આજના સ્થાને આવ્યાનું આ પચાસમું વર્ષ હોઈ આ સાલ એ પેઢી એની અર્ધ-શતાબ્દી ઊજવી રહી છે. આ નિમિત્તે પિકાસોનાં દસ સુંદર ચિત્રો વેચાયાં હતાં. ગયા જૂનની ૨૭મીએ માત્ર મિનિટોમાં જ એ ચિત્રો ૨,૪૨,૧૦૦ પાઉન્ડમાં વેચાઈ ગયાં, જેમાંનું એક ચિત્ર પાછળ આપ્યું છે. એ એક જ દિવસમાં 'સૉધબી'એ ૭,૧૮,૮૯૦ પા.નું ચિત્રવેચાણ કર્યું હતું. મધ્યપૂર્વના આરબ-ઈઝરાએલ સંઘર્ષની આ કલાવેચાણ પર કોઈ અસર પડી જણાઈ નહિ. અગાઉ વિશ્વવિગ્રહો દરમિયાન પણ આવી ભીતિ ખોટી ઠરી હતી.


ઈ. ૧૭૪૪માં જૂનાં પુસ્તકો અને ક્વચિત્ કલાકૃતિઓના વેચાણમાં હર્રાજીની પ્રથા અપનાવીને તેના એક કાયમી વ્યવસાયનો સૅમ્યુઅલ બેકરે આરંભ કર્યો હતો. ઈ. સ. ૧૭૬૭માં એણે નિવૃત્તિ લેતાં એના ભાણેજ સૉધબીએ આ પેઢી સંભાળી અને એના નામ પરથી 'સૉધબી' નામ આવ્યું. ઈ. ૧૮૬૧માં સૉધબી કુટુંબના સભ્યોના નિધન બાદ પેઢીના બે માલિકો બદલાયા : ટૉમ હોજ ને પછી ૧૯૨૨/૨૩માં મજૂર પ્રધાનમંડળના સભ્ય બૅરિસ્ટર બાર્લો. બુકબાઈન્ડિંગમાં નિષ્ણાત અને કલાગ્રંથોના કર્તા મેધાવી જ્યૉર્જ હૉબ્સન સાથે ફેલિક્સ વેર આ પેઢીમાં જોડાયા. આરંભમાં વર્ષે માત્ર આઠસો-નવસો પાઉન્ડનો



કલાકાર ગ્રાવેનહૉર્સ્ટની કૃતિ પણ એવી એક ફોટો-રમત છે. અલબત્ત, ઑપ આર્ટ સર્જવાના ધ્યેયથી એ કરેલી નથી, પણ નજરને જકડવાની, થકવવાની શક્તિ તો આમાં યે છે જ.



'સૉધબીઝ'નું હાલનું મકાન



જમણી બાજુ : આખલા યુદ્ધ–પિકાસોની આ એક કૃતિ માત્ર ગણતરીની મિનિટોમાં જ ૨,૪૨,૧૦૦ પાઉન્ડમાં વેચાઈ ગઈ હતી.

વકરો કરતી આ પેઢી વધતી વધતી એક જ દિવસમાં લાખો પાઉન્ડનું વેચાણ કરતી થઈ ગઈ. લૉર્ડ પેમબ્રૉકના કલાસંગ્રહનું પાંચ લાખ ડૉલરનું એણે પ્રથમ મોટું વેચાણ કર્યું.

આમ, વર્તમાન કે ભૂતકાળના વિખ્યાત કલાકારોની કૃતિઓના અવારનવારના વેચાણમાંથી લાખો પાઉન્ડનો વકરો થતો રહ્યો છે. દેશપરદેશના કલાસંગ્રાહકો અહીં વારંવાર આવતા જતા રહે છે. લાખોનું વેચાણ કરતી આ સંસ્થા આવાં મોટાં વેચાણો વખતે ગ્રાહકોને આકર્ષવા એ કૃતિઓ અને એના કર્તા વિષે સુંદર સચિત્ર પરિચયો પણ છપાવીને વહેંચતી રહે છે. અનેકવિધ માહિતીઓ આપતી એમની આવી પત્રિકાઓ પણ, મોંઘી કૃતિઓ નહિ વસાવી શકનાર સામાન્ય માનવી માટે, સંઘરવા જેવી બની રહે છે. અને છાપે ન ચડી હોય એવી નાનીનાની હરાજી તો અહીંની રોજિંદી કારવાઈ છે. દુનિયાભરની કળા ને પુરાતન મહત્ત્વની ચીજવસ્તુઓને માટે 'સૉધબીઝ'માં અદના સંગ્રાહકોથી માંડી સંગ્રહસ્થાનો જેવી મોટી જાહેર સંસ્થાઓના પ્રતિનિધિઓની સતત ઘરાકી રહે છે. વર્ષોથી સંઘરાઈ રહેલી, દુનિયાથી અજાણ એવી ચીજવસ્તુઓને 'સૉધબી' પ્રકાશમાં લાવે છે.

આ ૧૧ જૂનથી ૧૦ જુલાઈ દરમિયાનનો એનો ૩,૦૩,૬૫,૪૫૫ પાઉન્ડનો વકરો વિશ્વભરના અન્ય કલાવિક્રેતાઓના વાર્ષિક વકરાથી યે વધુ હશે. **રમણિકલાલ સોલંકી**

(ફોટા : લેખક તથા 'સૉધબીઝ'નાં પ્રેસ ઑફિસર કુ. મૉનિકાના સૌજન્યથી)


'વ્હિટની ઍન્યુઅલ'

ન્યૂ યૉર્કના 'વ્હિટની મ્યૂઝિયમ ઑવ અમેરિકન આર્ટ' દ્વારા ઈ. ૧૯૩૨થી યોજાતા આવેલા 'વ્હિટની ઍન્યુઅલ' નામે જાણીતા વાર્ષિક કલાપ્રદર્શનમાં આંતરે વર્ષે ચિત્રકૃતિઓ ને શિલ્પકૃતિઓ રજૂ થાય છે. એમાં ઈનામો અપાતાં ન હોવા છતાં ત્યાં અમેરિકાના અદ્યતન કલાપ્રવાહોનો ખયાલ મળે છે, કેમકે એ પ્રદર્શન માટેનું આમંત્રણ ખાસ ચુનંદા કલાકારોને જ મળતું હોઈ એ એક બહુમાન ગણાય છે.

આ વર્ષની ૧૪૮ ચુનંદી શિલ્પકૃતિઓમાં આભને આંબવા મથતી નળીઓ, કોઈ અજાણ પ્રદેશમાં ઊડી જવા ફફડતી પાંખો કે અપતરંગી આકારની ધાતુની કૅપ્સ્યુલો જેવી કૃતિઓ આજના વિજ્ઞાનયુગના પ્રતીક જેવી હતી, તો બીજી બાજુ તદ્દન સાદા છતાં મધુરસુંદર આકારો પણ હતા. કાંસું, માટી, કાષ્ઠ ને પથ્થર જેવા પ્રચલિત પરિચિત પદાર્થોની સાથોસાથ ઍલ્યુમીનિયમ, વિનિલ, ક્રોમ, ફાઇબરગ્લાસ ને પૉલિસ્ટર રેઝિન જેવા અદ્યતન પદાર્થો તથા વીજળીના ગોળા ને કાપડ જેવી ચીજો પણ એમાં માધ્યમ તરીકે વપરાએલી. સામે નીચે : 'સમર સૉલસ્ટિસ' (૨૧મી જૂનનો લાંબો દિવસ) એવું નામ ધરાવતા આ ભાવશિલ્પને માત્ર નીચલી ધાર પર ટેકવીને સમતુલા સાધવામાં કલાકાર ડી. હૅયેટે, એ દિવસે વિષુવવૃત્ત ઉપર અલ્પ સ્થિરતા ધારણ કરતી સૂર્યની સ્થિતિ ધ્વનિત કરી હશે? અને આ



'સ્પાઈરલ' : ઉપરાઉપર વળિયા લેતા જ્યૉર્જ ઍકરના આ લલિત ધાતુશિલ્પની ચળકાટવાળી સપાટી પર પ્રતિબિંબિત થતી તેજછાયા, આજનાં જડકાકૃતિ શિલ્પોને પડછે હૃદ્ય લાગશે.



શબ્દકથા: 'ઘોલ્લો'

નાતમાં વગર નોતરે જમવા ધૂસી જનારને 'ઘોલ્લો' કહે છે. 'ઘોલો', 'ઘોલૈયો' અને કટાક્ષમાં 'ઘોલ્લા મહાજન' પણ કહેવાય છે.

શબ્દનું આવું સ્વરૂપ સૂરત વગેરે અમુક પ્રદેશમાં પ્રચલિત છે; તે સર્વત્ર વ્યાપક રૂપ નથી. સૌરાષ્ટ્રમાં તે 'ગોધલો', 'ગોધલા મહાજન' એવે રૂપે મળે છે. અને તે ઉપરથી પ્રયોગનું મૂળ કાંઈક સ્પષ્ટ થાય છે. 'ગોધલો' એટલે 'આખલો'—જે માણસ આખલાની જેમ વગર બોલાવ્યે ધૂસી આવે, ખૂંટની જેમ ખેતરમાં ધૂસીને ચરી જાય તે 'ગોધલો', એવી અટકળ કરી શકાય.

સુરતી બોલીમાં કેટલીક બાબતમાં સંધિ થએલું ઉચ્ચારણ હોય છે ત્યાં સૌરાષ્ટ્રની કેટલીક બોલીઓમાં મૂળ રૂપ પ્રચલિત છે. જેમ કે 'ચાંલ્લો'—'ચાંદલો', 'ટોલ્લો'—'ટોડલો', 'પલ્લું'—'પડલું', 'ગાલ્લી'—'ગાડલી', 'હાંલ્લી'—'હાંડલી', 'ફિલ્લું'—'ફીંડલું', 'કલ્લી'—'કડલી', 'સાલ્લો'—'સાડલો', 'ડાંલ્લો'—'ડાંડલો'. ('ફિલ્લું' પણ મૂળ 'કીડલું' ઉપરથી છે.)

એ જ પ્રમાણે મૂળ 'ગોધલો' ઉપરથી 'ઘોલ્લો'. આને જ મળતો ફેરફાર તે 'નાંધલું' (=નાન+લું) ઉપરથી 'નાંલ્લું.'

એક પક્ષીનું નામ 'દિવાળીનો ઘોલ્લો' બોલાય છે. અન્યત્ર તે 'દિવાળીઘોડો' કહેવાય છે, તે જોતાં અહીં 'ઘોડલો'નું 'ઘોલ્લો' થયું જણાય છે.

જોડણીકોશમાં 'ગોધલો' શબ્દનો ઉપર્યુક્ત અર્થ નોંધાયો નથી. અને તેથી તેમાં 'ઘોલ્લો'-ના મૂળ ઉપર પણ કશો પ્રકાશ પાડયો નથી.

હરિવલ્લભ ભાયાણી

નવા કાવ્યસંગ્રહો

અવલોકન

પ્રો. ચન્દ્રકાન્ત શેઠ

સ્પર્શ

શ્રી પ્રિયકાંત મણિયારની ૭૯ કૃતિઓના આ સંગ્રહમાં, 'સંયોગ', 'ગાલ્લું', 'ગીત એક ગાયું', 'ફૂલ', 'દિવસે ડૂબ્યું', 'વ્હાલું વાય', 'એક સમય', 'ઝરૂખે', 'સાંજ સમાનો દીપ', 'પથ', 'કેળનાં પાન', 'ઝાલાં', 'વર્ષો પછી', 'તળાવ ભણી' અને 'એકે ય એવું ફૂલ' આટલાં કાવ્યો એમની કવિત્વશક્તિનો લાક્ષણિક પરિચય આપી રહે છે. તેમાં યે 'સંયોગ', 'ગાલ્લું', 'ઝાલાં' ને 'તળાવ ભણી' જેવી રચનાઓમાં એમના કવિત્વનો પરિપાક છે.

'સંયોગ'ની લપસણી ભૂમિ પર કાવ્યલક્ષ્મીનાં ચંચળ ચરણને તેઓ પ્રશસ્ય રીતે પ્રતિષ્ઠિત કરી શકયા છે અને સંયોગનો યથાતથ અનુભવ રજૂ કરતા છતાં અશ્લીલતાને પરી રાખી શકયા છે. સંયોગ-સ્પર્શની અનુભૂતિ પ્રત્યક્ષ કરવામાં એમણે જે પ્રતીકો લીધાં છે તે પણ ધ્યાનપાત્ર છે. વહેરાતા થડના પ્રતીક દ્વારા પુરુષ અને સ્ત્રીના જાતીય સંબંધ લાક્ષણિકરીતે નિરૂપી એમના અદ્વૈતમૂલક ભાવસંબંધને વ્યંજિત કરવાની તક પણ ઝડપી છે. ઇન્દ્રિયાનુભવ કાવ્યના કેન્દ્રમાં છતાં કાવ્યની અનુભૂતિ ઇન્દ્રિયગ્રાહ્ય ભૂમિકાથી વિસ્તરી ઇન્દ્રિયાતીત ભૂમિકા સુધી પહોંચે છે. એટલે જ કાવ્ય રસજ્ઞોને સ્પર્શક્ષમ બની શકે છે.

'ગાલ્લું'માં પણ પરોઢના અનુભવને કવિએ સબળ પ્રતીકો દ્વારા પ્રત્યક્ષ કર્યો છે. કવિની આંખ પ્રત્યક્ષ રૂપને એના મનોગ્રાહ્ય પરિમાણમાં સાકાર કરવા જે રીતે અપ્રત્યક્ષ રૂપ-સામગ્રીનો વિનિયોગ કરે છે તે એમની અનુભૂતિની એકાગ્રતા, તીવ્રતા અને તેથી પ્રેરિત કલ્પનાશક્તિનો પરિચય કરાવે છે. રૂપનો ચાક્ષુષ સ્પર્શ જ નહિ પણ આંતરસ્પર્શ પણ વ્યંજનાગર્ભ પ્રતીકો દ્વારા લાઘવમાં શબ્દસ્થ થઈ કાવ્યની અનુભૂતિને ઊંડી અને વ્યાપક બનાવે છે થોડીક પંક્તિઓ જોઈએ :

'દૂર ઘંટના થાય ટકોરા : વાગ્યા ત્રણ કે ચાર,
એક નાનકી ઠેસ ખાઇને કાળ પસાર;
ચોકીદારની લાકડીઓનાં લથડે-ખખડે પગલાં,
લાલટેનને હવે બગાસાં ઢગલા;
ઠર્યાં દીવાની વાટ સરીખા ચીલા ટાઢા રામ,
ભવિષ્યનો શું ભાર લઇને
પરોઢ કેરું ગાલ્લું આવ્યું ગામ?'

અહીં જે કલ્પનાની તાઝગી છે, વ્યંજનાની તીવ્રતા છે, તે સ્પષ્ટ છે. કાવ્ય અંત ભાગમાં કવિની સઘનતર થતી, અનુભૂતિની અપેક્ષાએ બહુત્તર વ્યાપ સાધે છે. રૂપની વાત તેઓ વિવિધ રૂપોના મદદથી અસરકારક રીતે કરે છે. ઉપમેય-ઉપમાનની સંબંધલીલાનું આસ્વાદ્ય વૈચિત્ર્ય એમની કવિતામાં મળે છે અને એ વૈચિત્ર્ય આ કાવ્યની એક વિશેષતા છે.

ફૂલ, પંખી, પવન, સૂર્ય આદિ ચિરપરિચિત પ્રકૃતિસત્ત્વોથી મર્યાદિત પ્રિયકાન્તની કાવ્યસૃષ્ટિમાં જેમ ગાલ્લાનો, તેમ ઊર્ણનાભ (કરોળિયા)નો પ્રવેશ પણ ચમત્કારક લાગે. 'ઝાલાં'માં એમણે ઊર્ણનાભનો જે રીતે વિનિયોગ કર્યો છે તે ફરી ફરીને આસ્વાદ્ય બની શકયો છે. ઊર્ણનાભ અને સૂર્યને સાંકળતી એમની કવિદૃષ્ટિનું લક્ષ્ય તો એ બંનેની યે પાર છે, ને એ છે મનુષ્ય. શા વિષમ સંજોગો વચ્ચે પણ આંતરબળે તે આ કરોળિયાના જાળા જેવો સંસાર ટકાવી રાખી એના કેન્દ્રમાં વિરાજ્યો છે! જુવારનાં ડૂંડાં વચ્ચે ઝુલતા ઊર્ણનાભના સામાન્યલાગતા દૃશ્યદ્વારા, કવિત્વબળે, અદૃશ્ય એવા માનવજીવનના અંતર્ગૂઢ રૂપને અહીં શબ્દોના અંતરાલમાંતે બાંધી શકયાછે.


'તળાવ ભણી'માં તો, ફૂલને ગટગટાવીને જેણે પીધાં છે એ પ્રિયકાન્તની શિશુસહજ કૌતુકરસથી ભરી કવિનજરને સિદ્ધ થઈ શકે એવું દર્શન લાધે છે. મોલ લચે એમ પંખી-ટોળાને આવતું જોવું, જવના દાણા જેટલું ટીપું પાણી પીતું એક નાજુક પક્ષીને જોવું, એથી પુલકી ઊઠતા તળાવને નિહાળવું, ને એ પંખીના ઊડી ગયા બાદ ધાનના ઢગની જેમ તળાવને શાંત થએલું નીરખવું—આ કવિદર્શનની આસ્વાદ્યતા વિષે શું કહેવું? કયાં તળાવ, ને કયાં ધાનનો ઢગ! આ બે અત્યંત વેગળા લાગતા પદાર્થોને જે રીતે એક સંબંધ સૂત્રથી લીલયા બાંધે છે એ ખરેખર એમની અપૂર્વવસ્તુનિર્માણક્ષમતાની પ્રતીતિ કરાવે છે. મોલ ને પંખી-ટોળા વચ્ચે, જવના દાણા ને ટીપા વચ્ચે, ધાનના ઢગ ને તળાવ વચ્ચે અન્યથા અસ્વાભાવિક કે નિવાર્ય લાગે એવા સંબંધને અહીં સ્વાભાવિક અને અનિવાર્ય લાગે એ રીતે નિરૂપવામાં તેઓ સફળ થયા છે.

'પ્રતીક' અને 'અશબ્દ રાત્રિ'થી પ્રિયકાન્ત કેટલા આગળ ગયા બતાવવા માટે એ કાવ્યોની ઉપસ્થિતિ પૂરતી છે. આ ઉપરાંત, ઉપર ગણાવ્યાં તે કાવ્યોમાં પણ એમની કોઈ ને કોઇ વિશેષતા પ્રતીત થયા વિના રહેતી હતી. પ્રિયકાન્ત ઢાંચાબંધી ખયાલોમાંથી ઠીકઠીક પ્રમાણમાં મુક્ત છે, ને તેથી એમની કવિતાસૃષ્ટિ પર કોઈ વાદ-વિચારનો અણછાજતો ભાર નથી, જીવનનું કોઈ પરમ સત્ય પામવાની અધીરાઈ અને ઉતાવળ એમને નથી. જે કંઈ આજુબાજુ છે તે જોવું, માણવું અને બને તો એમાંથી કોઈ કવિતાનું નવનીત ચાખવું-

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર : ચંપકલાલ મહેતા





કવિ, વાર્તાકાર, વિવેચક; જન્મ: મિયાંમાતર (ભરૂચ) ૧૯૦૮; ગુજરાત વિદ્યાપીઠના 'સાબરમતી' ત્રૈમાસિકથી કલમ-કારકિર્દી આરંભી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદનું ગુજરાતીનું પ્રથમ પારિતોષિક મેળવી સ્નાતક; 'જ્યોતિસંઘ' આદિથી લોકશિક્ષણનું કાર્ય કરી હાલ શ્રી અરવિંદ આશ્રમ પૉંડીચેરીમાં 'દક્ષિણા'ના તંત્રી અને મુદ્રણ-સંચાલક; નોંધપાત્ર સંગ્રહો: 'કાવ્યમંગલા', 'વસુધા', 'યાત્રા'.

૧ સ્વયં વહેતા જીવનને કાવ્યનું પ્રેરક ન બનાવી શકાય? શક્ય હોય, તો કેવી રીતે?

ઉ બનાવવાનો પ્રશ્ન જ રહેતો નથી, કેમ કે સામાન્ય રીતે આસપાસના જીવનમાંથી પ્રેરણા લઇને જ કવિ લખે છે. પણ કાવ્યની ઉત્તમોત્તમ પ્રેરણા તે સામાન્ય જીવન ન હોઈ શકે. જીવનનું જે ઉચ્ચોચ્ચ તત્ત્વ છે તે પ્રેરણા બનવું જોઇએ. ને મહાન કવિતા આવી મહાન વિશ્વવ્યાપક પ્રેરણામાંથી મળતી હોય છે.

૨ કાવ્યની આપની અંગત વ્યાખ્યા?

ઉ વાણીના સૌન્દર્યમાં વ્યક્ત થએલું સત્ય.

૩ આધ્યાત્મિક જીવન ને કાવ્યને પરસ્પર સંબંધ?

ઉ ખરો, પણ હમેશ નહિ. આધ્યાત્મિકતાના ખાસ સ્પર્શ વિના પણ બાહ્ય જીવનની કવિતા બની શકે.

૪ સાહિત્યક્ષેત્રે સર્જનાત્મક થવા માટે આંતરમંથનની આવશ્યકતા ખરી?

ઉ આંતરમંથન તો કોઈ ને કોઈ રીતે થતું જ હોય છે. સર્જનાત્મક થવા માટે ઊર્ધ્વ સર્જક ચેતનાની અનુભૂતિમાં પહોંચવું જોઈએ.

૫ ગુજરાતી સાહિત્યે ઊંચું ધોરણ સાચવી રાખવા શું કરવું જોઈએ?

ઉ 'ગુજરાતી સાહિત્ય' એ કોઈ વ્યક્તિ નથી. દરેક લેખક જે વસ્તુને ઉચ્ચ સમજતો હોય તેને લક્ષ્યમાં રાખી પ્રવૃત્તિ કરે.

૬ 'કવિતામાં છંદ તો હોવો જોઈએ' એવો આગ્રહ તમે શા માટે રાખો છો?

ઉ લયના સર્જન માટે છંદ મદદરૂપ વાહન છે. તેની પોતાની વિશિષ્ટ શક્તિ પણ છે.

૭ કવિ સમાજને સહાયક કઈ રીતે બની શકે? ઉ ઉત્તમ કાવ્ય-સર્જન દ્વારા.

૮ ગુજરાતી કવિતાનું વહેણ તમને કઈ દિશા તરફ જતું લાગે છે?

ઉ વિકાસક્રમની રીતે યોગ્ય, વિશાળતર અને ઉચ્ચતર દિશામાં.

૯ ઊગતા કવિઓને તમારી શી સલાહ છે?

ઉ અંતઃકરણમાં વધુ ને વધુ ઊંડા જાઓ; વિરાટ ચેતનામાં અને તેથી યે ઊંચે આવી રહેલી પરમ ચેતનાના સંપર્કમાં આવો; તેની પાસેથી પ્રેરણા મેળવો.

ચખાડવું એ એમનો ઉપક્રમ છે. એમની પાસે જીવનના કોઈ ભારેખમ સત્યની માગણી કરવાને બદલે આ લખનાર તો ચણીબોરની જ માગણી કરે! ચૂડીઓના આ વેપારીના ખિસ્સામાં રૂપિયાની નોટો પાછળ એક ચણીબોર પણ સંતાડેલું છે, એ તો એમની કવિતાના આશકો જ જોઈ શકે! એમની 'સ્પર્શ'ની કવિતા ગુજરાતી કવિતાની જે પરંપરા છે તેની સાથે સંબંધ ધરાવે છે એટલું જ નહિ, એમની નિજી કાવ્ય-પરંપરા સાથે પણ સંબંધ ધરાવે છે. ઉપરની યાદીમાં જે કાવ્યો નથી એમાંનાં કેટલાંક જોવાથી તરત ખાતરી થશે. તેમ છતાં તેઓ બાપદાદાની વખારના માલથી 'શબ્દનો વેપાર' કરવાને બદલે પોતાના ગાંઠના માલથી આ વેપાર કરવો વધારે પસંદ કરે છે. ('વેપાર' શબ્દ કોઇને ખૂંચવો ન જોઇએ.) તેઓ એ રીતે સાહસિક છે. કેવી નાની—ક્ષણિક ઘટના કાવ્યનો વિષય થઈ શકે છે એ જાણવાના જિજ્ઞાસુને હું તો પ્રિયકાન્ત વાંચવાનું કહું. ક્ષણમાં છુપેલા સનાતન રૂપને પ્રતીત કરાવવામાં એમનાં કાવ્યો સફળ થયાં છે—અલબત્ત, થોડાંક. કેટલાંક કાવ્યો કેવળ કોટિકાવ્યો જેવાં બને છે, કેટલાંકમાં વ્યાપ જેટલી ગહરાઈ પ્રતીત નથી. પણ એ બધાંની નોંધ અહીં લેવાની જરૂર શી? જે બગીચામાંથી પાંચ-સાત પણ ખૂબ જ મનગમતાં ફૂલ મળી ગયાં એ બગીચામાં કેટલા કાંટા છે, અથવા કેટલા પગમાં વાગ્યા એ કહેવામાં તો કૃપણતા લાગે છે. કદાચ એમ કહેતાં પેલાં મનગમતાં ફૂલોનો અનાદર પણ થાય. એ અનાદરનું પાપ ન કરું.

મૌન

શા માટે શ્રી હરીન્દ્ર છંદોબદ્ધ કાવ્યો લખતા હશે?—એમનાં કેટલાંક સુંદર ગીતો વાંચતાં-સાંભળતાં પ્રશ્ન થયો. અહીં શ્રી હરીન્દ્રનાં છંદોબદ્ધ કાવ્યો છેક કવિતારહિત છે એમ કહેવાનો આશય નથી, પરંતુ એમનાં ગીતોની તો વાત જ ઓર છે. એમનાં કેટલાંક ગીતોનો તો ઉપાડ જ મનને કામણ કરી લે છે: 'વનમાં વન', 'હોઠ હસે તો', 'પ્રેમનો મર્મ', 'નેણના ઉલાળો', 'મઝધારે મુલાકાત', 'તેડું', 'ઉખાણું' 'મેણાં બોલમાં', 'નેહ ઝરોખે', 'નજરું લાગી' 'કાનુડાને બાંધ્યો છે હીરના દોરે', 'શ્યામ શમણે મળ્યા કે' અને 'માધવ ક્યાંય નથી મધુવનમાં' જેવાં પ્રથમ નજરે જ મનમાં અને પ્રથમ શ્રવણે જ હોઠે વસી જાય એવાં ભાવસૌન્દર્ય નીતરતાં કાવ્યો માણ્યા પછી એમનાં છંદોબદ્ધ કે ગદ્યકાવ્યો તરફ વળવાની જાણે હોંશ થતી નથી. આમે ય એમના કવિત્વનો ઉત્તમ આવિર્ભાવ ગીતોમાં છે. છંદના કે ગદ્યના લયમાં જાણે એ જામતા નથી. આપણી પરંપરાગત પદશૈલી, લોકગીતોની શૈલી અને રાજેન્દ્ર શાહના કોઈ કોઈ ગીતની લઢણ એમનાં ગીતોમાં પકડી શકાય છે, પણ મહદંશે એ એમની પોતાની આગવી શૈલીના જ એક અંશ રૂપે પ્રતીત થાય છે. લોકગીતોની રજૂઆતશૈલીને તો એમણે એમનાં ગીતોમાં ખીલવી પણ છે. ઉપરની યાદીમાં કેટલાંક ગીતો જોતાં એ પ્રતીત થશે. વળી ભાવની સૂક્ષ્મ રેખાને કલ્પનાબળે નજાકતથી અને સરલ તથા ઊછળતી ભાષામાં રજૂ કરવાની એમની આગવી હથોટી છે. ઉપર બતાવ્યાં તે ગીતોમાં અને અન્યત્ર પણ કેટલાંક ગીતોમાં, એમના ઊછળતા કવિત્વના અણસાર વરતાય છે. ગીતોમાંયે સ્નેહના કસુંબી રંગની વાત કરતાં તેઓ વધુ ખીલે છે. કેટલાંક પરંપરાગત ભાવપ્રતીકોને નવી રીતે કાવ્યમાં યોજી બતાવી અપૂર્વતાની સબળ પ્રતીતિ તેઓ કરાવી શકે છે. વળી અમૂર્ત ભાવને ઇન્દ્રિયસંવેદ્ય કરવાની એમની રીત પણ કેટલાંકમાં આસ્વાદ્ય છે. આ વાતની પ્રતીતિ બેએક ઉદાહરણોથી સ્પષ્ટ થશે.

'માધવ ક્યાંય નથી મધુવનમાં' એ ગીતમાં કવિ ફૂલ, ભમરો, યમુના, કદંબ, લહર,

ગોરસમટુકી વગેરે ચિરપરિચિત સામગ્રી લાવે છે, પણ એનો વિનિયોગ જુદી જ રીતે કરે છે. માધવ મધુવનમાં નથી એ વાત જે વિવિધ સંદર્ભો દ્વારા પુનરાવૃત્ત થાય છે તેથી માધવની ખોટનું દર્દ સઘન રીતે પ્રગટ થાય છે. વળી જે રીતે એક જણ બીજાને ને બીજું ત્રીજાને કહે એવો કથનનો ઉપક્રમ રાખ્યો છે તે પણ સૌન્દર્યપોષક છે. કાલિન્દીનાં જલ પર ઝૂકેલી કદંબડાળીને પણ કૃષ્ણની ખોટ સાલે છે એમ કલાત્મક રીતે દર્શાવી એમના ભાવવિશ્વની વ્યાપકતા અને ગહરાઇને પણ પ્રત્યક્ષ કરી બતાવે છે. ઉપરાંત લયની તરંગ-ગતિ પણ અહીં આસ્વાદ્ય છે.

'તેડું' ગીતમાં બે સ્નેહી જનો વચ્ચે જે રીતે મધુર સંવાદ ચાલે છે તે ક્રમશઃ ભાવની ઉત્કટતાને પોષે છે. ગોરીના રંગીન અને મસ્ત મિજાજનું જે ચિત્ર આ સંવાદ દ્વારા ઉઠાવ પામે છે તે મર્મસ્પર્શી છે. વળી છેલ્લે જે કારણે ગોરી પોતાના સાંવરિયાને મળવા તૈયાર થાય છે તે કેટલું નજીવું—ને તેથી જ સૌથી વધુ રસપ્રદ છે! એમનાં આવાં કેટલાંક સુંદર ગીતોની અહીં વાત કરવા કરતાં એનું પુનઃપઠન (કે ગાન) જ વધુ અસરકારક છે.

એમનાં છંદોબદ્ધ કાવ્યોમાં સ્નેહ ઉપરાંત જીવનની વૈવિધ્યપૂર્ણ અનુભૂતિઓને સાકાર કરવામાં આવી છે. 'નવી કવિતા'ની અભિવ્યક્તિની જે લાક્ષણિકતાઓ છે તે પણ તેઓ એમાં સિદ્ધ કરવા મથે છે; પણ એ મથામણો જ રહે છે. એમાં એમની કાવ્યાનુભૂતિની તીવ્રતાની પ્રતીતિ થતી નથી. ક્યારેક તો તેઓ જાણે નિજી ચાલ છોડી પરાઈ ચાલે ચાલતા હોવાની સૂક્ષ્મ અસ્વાભાવિકતા યે દેખાય છે.

શ્રી હરીન્દ્રને હું તો એક અચ્છા ગીતકવિ તરીકે પિછાનું છું. અને 'ગીત'ને ઊતરતી કવિતા કહેવાનું કોણ પસંદ કરશે?

એકાંત

શ્રી સુરેશ દલાલનું 'એકાંત'–કવિનું એકાન્ત–કેટલીક રીતે આસ્વાદ્ય બની રહે એવું છે.

'તમે કહો તે સાચું વ્હાલમ! તમે કહો તો હાર્યાં?'—આમ કહેનારનો કવિમિજાજ છાનો રહેતો નથી. હારવા પાછળની એની દાનત સમજાય એવી છે! અને એની તો મજા છે.

નજરુંના કાંટાની ભૂલ મારા વ્હાલમા;
વીંધે હૈયું ને તો ય ફૂલ મારા વ્હાલમા!

~

તારો તે સંગ: ઊન્હે પ્હોર જાણે પીપળો.

~

હું મારા એક અંકુરેથી
વૃક્ષ થઇને વેરું લીલા ટહૂકા.

~

અંધારાનો કાળો આરસ
ચમકે તારાં નેણ નિખાલસ!

~

હવામાં ઊડે છે વિહગ લઇને છંદ નભનો.

~

મારગની માટી પર ચીતરે છે લ્હેરખી
પરિમલનું રણઝણતું રૂપ.

~

સૂરની સુંવાળી કેડી વ્હાલમા
મ્હાલવાની મોજ મને આવે.

~

ફૂલ થઈ ફોરે છે પંખીના સૂર.

~

પંખીવિનાના ઝાડનેજોતાંપાંદડાંપીળાંલાગ્યાં

~

પડેલાં પીછાંને કલરવતણી ચીસ વળગી!

~

—હજુ પણ આ યાદી લંબાવી શકાય. પણ ઉપર આપેલી પંક્તિઓ શ્રી સુરેશ દલાલના કવિત્વનો સ્પષ્ટ અણસાર આપવા સમર્થ છે. કવિ રૂપસર્જનમાં જે પ્રક્રિયાઓનો આશ્રય લે છે તેનું દર્શન પણ ઉપરની પંક્તિઓમાં કરી શકાશે. શ્રી સુરેશ પોતાની કાવ્યાનુભૂતિનાં વિસ્તાર અને ઊંડાણ સાધવા ઠીક ઠીક મથામણ કરે છે. એ મથામણને પરિણામે 'તમે કહો તે', 'કાંટાની ભૂલ', 'કે-', 'આવી કસૂર', 'શૈલ્યાનો થાક', 'વિધિયોગ', 'વિસ્મય', 'અમે', 'વ્હેતું ના મેલો', 'મોરલી', 'તો જાણું', 'રાતરાણી ને સૂરજમુખી' 'શબ્દોને', 'રે મૃત્યુ પણ', 'ઝાલ્યો તે હાથ', 'દ્વાર દીધેલાં', 'નીંદરદરિયે', 'કહો, શું છે?' 'અનુભૂતિ' જેવી કેટલીક આસ્વાદ્ય રચનાઓ મળી રહે છે. એમની કૃતિઓમાં ગીતરચનાઓ વધુ હૃદ્ય લાગે છે. એ રીતે એમનામાં અને શ્રી હરીન્દ્રમાં સામ્ય છે. તેમની સારી રચનાઓ પરંપરાના અનુસંધાન રૂપે પ્રતીત થાય છે. પણ આમાં કશું ખોટું નથી. એમ ન થાય તો નવાઈ. આધુનિક જીવનરીતિને કાવ્યમાં પ્રગટ કરવા જતાં તેઓ નિરૂપણની તીવ્રતા અને બળ ક્યારેક ગુમાવી બેસે છે. નિરૂપણમાં આધુનિકતા સિદ્ધ કરવાની તેમની સભાનતા સ્પષ્ટ રીતે દેખા દે છે; જોકે એ કાવ્યો પણ એમની કવિતાપ્રવૃત્તિની નિશાનાં દ્યોતક તો બની જ રહે છે. એમની કવિતામાં ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો લાગે છે. ઉપર ગણાવી એ રચનાઓમાંની કેટલીક તો ખરેખર ફરીફરીને માણવા જેવી છે.

કવિની અનુભૂતિ અને તેનું દર્શન, આ બેની સંબંધમીમાંસામાં અહીં ઊતરવાનો અવકાશ નથી; પરંતુ એમનાં કેટલાંક કાવ્યો એક કવિના સાચા અનુભવનાં જેટલાં દ્યોતક છે, એટલાં દર્શનનાં નથી. વિવિધ કાવ્યાનુભૂતિઓમાંથી સાકાર થતું ઊંડું અને વ્યાપક અખંડ ને સુરેખ દર્શન અહીં પામવું મુશ્કેલ છે.

'સમન્વય'

સાહિત્યમાં નવો પ્રવાહ

સાહિત્યમાં એક યા બીજા નામે 'નવોદિતો' અને 'જૂનવાણી' વચ્ચે સતત ઘર્ષણ ચાલ્યા જ કરે છે. આ ઝગડો વધતો જઇને વ્યક્તિગત બનવા લાગ્યો છે. વસ્તુતઃ આ બે છાવણીઓમાંથી એકેયની લાક્ષણિકતાઓ ક્યાંય સ્પષ્ટ રીતે બહાર પાડેલી નથી. 'પ્રોગ્રેસિવ' કોની સામે, શાની સામે બળવો કરે છે? જૂનાં મૂલ્યો સામે? એમ તો અત્યારે 'રીઍક્શનરી' ગણાએલામાંથી ઘણાએ એમના જમાનાના ચીલાચાલુઓ સામે પણ શું બળવો ઉઠાવ્યો નથી? સમય જતાં હાલના 'મૉડર્નિસ્ટો' પણ 'ટ્રૅડિશનાલિસ્ટ' નહિ થઈ જાય?

ટૂંકમાં આ બે લેબલ નિરર્થક છે, એવા મત પર કન્નડના સાહિત્યકારો આવ્યા. 'જૂના' તથા 'નવા' વચ્ચેની લડાઈને મિટાવી દેવા તેમણે 'સમન્વય'નો સંપ્રદાય ચાલુ કર્યો છે. જુવાનો ને ઘરડા સામસામા લડે તેકરતાં એમની વચ્ચે સમન્વય થાય તો કંઈક રચનાત્મક પરિણામ જોવા મળે એવી શ્રદ્ધા 'સમન્વય'ના જન્મદાતા બનેલાઓ ધરાવે છે. આ સંપ્રદાયની આગેવાની 'વિનાયક' (પ્રો. વી. કે. ગોકાક), હેમંત કુળકર્ણી, ડૉ. શિવરુદ્રપ્પા, કે. એસ. નિરંજન, શંકર મોકાશી, રંજન ભટ, કુ. સી. એન. મંગલા આદિએ લીધી છે.

આ 'સમન્વય' સંપ્રદાયના નિવેદનમાં જાહેર કર્યું છે કે સતત વિકસતું વિજ્ઞાન ક્રાંતિ પર ક્રાંતિ પેદા કરી રહ્યું છે અને માનવી તો બીચારો આ અણુયુગમાં કોઈ પ્રચંડ યંત્રના એક નાનાશા ચક્રના દાંતા જેવો બની ગયો છે. વિજ્ઞાન રાજકારણનું હથિયાર બન્યું છે અને જનતામાં પરસ્પરના દ્વેષ ઉગ્ર બનાવવા તેનો ઉપયોગ થાય છે. એનો ઉપાય સહિષ્ણુતાની ભાવના વધારવામાં જ રહેલો છે. એમ થશે તો માનવજાતના ઇતિહાસમાં એક જ્વલંત પ્રકરણનો પ્રારંભ થશે. 'સમન્વય'ના પ્રયોજકોની ઇચ્છા એમની આ દૃષ્ટિના પ્રચાર માટે એક સામયિક પ્રગટ કરવાની પણ છે. (ગુજરાત સમાચાર)

એ પ્રાપ્ત થઈ શકે એવા સમર્થ કવિઓ પણ આપણે ત્યાં કેટલા? શ્રી સુરેશની કવિતામાં ભાવતત્ત્વ ને વિચારતત્ત્વ એકરસ બની પરિપક્વરૂપે પ્રગટ થતું હોય એવાં દૃષ્ટાંતો, ભલે થોડાં, પણ જરૂર મળે છે. એ માટે કવિના એકાંતમાં જરૂર કરતાં વધુ સમય રહેવું પડે તો એનો અફસોસ શા માટે કરવો?

પૂર્વી

શ્રી ગીતાબહેનના આ કાવ્યસંગ્રહમાં સો કાવ્યો ચૂંટીને મૂકવામાં આવ્યાં છે, જે એમની કાવ્યરીતિ, ને કાવ્યક્ષેત્રે એમની વિકાસયાત્રાનાં દ્યોતક છે. આપણી કાવ્યપરંપરાને એમણે સારી રીતે આત્મસાત્ કરી છે તે પણ અહીં સ્પષ્ટ જોઈ શકાય છે. જોકે એમની કવિતામાં મૌલિક અંશોની અપેક્ષાએ રૂઢ અંશો વિશેષ પ્રમાણમાં છે, અને જીવન પ્રત્યેનો એમનો અભિગમ ઓછેવત્તે અંશે ગતાનુગતિક્તાનો દ્યોતક છે. એમના મૌલિક દર્શનની કોઈ વિશિષ્ટ છાપ એમાં ઊઠતી નથી, અને તેથી એમની કવિતામાં પણ અનુભૂતિની ગહરાઈ યા અપૂર્વતા થોડાક પુણ્ય અપવાદો બાદ કરતાં જોવા મળતી નથી. એમનાં કાવ્યોમાં કસબની સફાઈ જેટલી છે એટલી સૌન્દર્યાનુભવની તીવ્રતા નથી. કેટલાંક કાવ્યોમાં તો પરંપરાગત વિચારભાવ કે આલેખરીતિના પડઘા પણ સંભળાય છે. વળી કેટલીક વાર દલપતરામીય શબ્દચમત્કૃતિ કે અર્થચમત્કૃતિથી બહુ આગળ એમની કવિતા જતી નથી.

આ મર્યાદાઓ છતાં એમના આ સંગ્રહમાંથી કેટલીક વાંચવા લાયક રચનાઓ જરૂર ચીંધી શકાય. 'પગલું', 'રેખ', 'વૃદ્ધિ', 'રસ', 'ભગવો વૈરાગ', 'ક્ષણઝરૂખે', 'પગથિયાં', 'પ્રવેશ', 'સૌન્દર્ય', 'ચાંદરણું', 'શ્રાવણી રાતે' જેવી રચનાઓ એમના કવિત્વનો ઉચિત પરિચય આપી શકે એમ છે.

દાંપત્ય ને વાત્સલ્યરસની એમની રચનાઓમાં અનુભૂતિની ગહરાઈ ને વિલક્ષણતા વિશેષભાવે પ્રતીત થાય છે; અને એ રચનાઓ એમની કવિતાની આગવી વિશેષતાની દ્યોતક છે. 'પગથિયાં' જેવી રચનામાં એમની કવિતાનાં કેટલાંક આગળ તરી આવતાં લક્ષણો સમન્વિત સ્વરૂપમાં એકઠાં થએલાં જોવા મળે છે. શિશુજન્મની અનુભૂતિને સૂક્ષ્મતાથી અને તીવ્રતાથી રેખાંકિત કરવામાં એમની કલમે નોંધપાત્ર સિદ્ધિ બતાવી છે. 'પગલું' જેવી ગીતરચનામાં ઊર્મિનો ઉછાળ આરંભે હૃદ્ય રીતે અનુભવાય છે. જોકે એમનું કવિત્વબળ સઘનરીતે અને એકાગ્રતાથી પ્રગટ થઈ શકતું નથી. કદાચ સામાજિક અભિજ્ઞતાનો ભારપણ એમાં કારણભૂત હોય. 'પગલું'નાં કવયિત્રી 'પૂર્વી'માં બહુ જ ઓછી વાર આપણને મળે છે એ જેમ અફસોસની વાત છે, તેમ સામે પક્ષે જે નિષ્ઠાથી કવિતાની સમારાધના તેઓ કરતાં રહ્યાં છે તેની ઘણી સબળ પ્રતીતિ અહીં થાય છે; અને એ એક આનંદની બાબત બની રહે છે. શ્રી ગીતાબહેનની સંગીતની જાણકારી એમની કવિતાને લયશુદ્ધ બનાવે છે ખરી, પણ તેથી વિશેષ એ એમની કવિતાને બહુ ઓછી ઉપકારક થઈ લાગે છે. જોકે કેટલીક ગીતરચનાઓ ગવાતી સંભળાય ત્યાર પછી જ આ વિષે આખરી અભિપ્રાય ઉચ્ચારી શકાય.

નિરમાળ

શ્રી નિનુ મઝુમદારની ૯૮ રચનાઓ ઉપરાંત આ સંગ્રહમાં સૂરદાસ ને રવીન્દ્રનાથની કેટલીક રચનાઓના તથા બે ભોજપુરી ગીતોના સમગેય ભાવાનુવાદો પણ આપવામાં આવ્યા છે. અહીં કાવ્યદૃષ્ટિએ ઉલ્લેખપાત્ર ગણાય એવી રચનાઓ શોધવામાં કદાચ નિરાશા સાંપડે. કવિ પોતે પણ એ મર્યાદાથી વાકેફ છે. તેઓ સારા સંગીતજ્ઞ છે, પણ એ જ કારણે એમને સારા કવિ માની એમનું અને એમની કાવ્યસાધનાનું અપમાન તો ન જ કરી શકાય. એક સંગીતજ્ઞ કાવ્યની આરાધના કરવા પ્રવૃત્ત થાય એ આનંદની વાત છે; પણ જો રચનાઓ કાવ્યદૃષ્ટિએ પાંખી હોય, અને તે વિષે કવિ પોતે અભિજ્ઞ પણ હોય, તો તે રચનાઓ છપાવવાથી કાવ્યગત કોઈ લાભ ખરો? શ્રી નિનુ મઝુમદારની કાવ્ય પ્રત્યેની દિલચસ્પી માટે આનંદ થાય છે, પણ કાવ્યદૃષ્ટિએ લય, ભાષા, રજૂઆત વગેરેમાં જે ઊણપો છે તે એટલી બધી છે કે એની નોંધ ન લેતાં કેવળ મોઘમ વાત કહી સંતોષ માનવો ઉચિત લાગે છે. તેઓ ક્યાંક ક્યાંક કવિત્વસૂચક ઝબકારો બતાવી જાય છે, પણ એવાં સ્થાનો અત્યંત વિરલ છે. અન્યથા, આ સંગ્રહ ગાનારાઓને ઉપયોગી થાય એવો છે.

(અનુસંધાન પૃષ્ઠ ૩૬૭ ઉપર)

અતીતનાં મુક્તો

ધનસુખલાલ મહેતા

પહેલું વિશ્વયુદ્ધ પૂરું થયા બાદ એમાં અઢળક દોલત કમાનારાઓએ કાંઈકાંઈ કંપનીઓ બહાર પાડવા માંડી. અને થાય પણ એવું, કે કંપનીનું પ્રૉસ્પેક્ટસ બહાર પડે એટલે શેરો ખપી જાય. પણ એ ભરતીમાં આખરે ઓટ આવી. એવામાં હુન્નરઉદ્યોગના અમુક મહારથીઓએ એક મોટી કંપની–એક કરોડની થાપણ સાથે કાઢી. એના ડિરેક્ટરોની પ્રથમ સભામાં ડિરેક્ટરો એક કાગળિયું ફેરવે, જેમાં બધા સહી કરતા જાય. ડિરેક્ટરોમાં સ્વ. મનમોહનદાસ રામજી પણ હતા. એમની પાસે એ કાગળિયું આવ્યું. તે જોઇને મનમોહનદાસે સહી કરવાની ના પાડી. સૌ ડિરેક્ટરોએ કહ્યુ કે શેઠ, આ તો માત્ર રવૈયો છે. બાકી કોને શેર લેવા છે ને કોને વેચવા છે? આ કંપની બહાર પડી કે બે દિવસમાં તો કરોડની થાપણ ભરપાઈ થઈ જશે અને આપણને અંડરરાઇટિંગના પૈસા ફોગટમાં મળી જશે.

પણ મનમોહનદાસ શેઠ પીગળ્યા નહિ. એમણે કહ્યુ કે ભાઇઓ, મારે અન્ડરરાઇટિંગના પૈસા ખાવા નથી, એટલે હું સહી નહિ કરી આપું. શેઠની આ વર્તણૂકથી બીજા બધા માત્ર થોડુંક હસ્યા.

પાછળથી બન્યું એવું કે ઓટને કારણે કંપનીની એક કરોડની થાપણ પૂરી ભરાઈ શકી નહિ. માત્ર ચારેક લાખના શેર ભરાયા, અને તે પણ ગરીબ-ગુરબાંઓના! એટલે ડિરેક્ટરોએ સભા બોલાવી અને કંપનીને ફડચામાં લઈ જવાનો ઠરાવ લાવ્યા. વધારામાં એમ પણ લાવ્યા કે જેમણે શેર લીધા છે તેમની પાસેથી 'અગાઉથી થએલા ખર્ચના' પૈસા કાપી લેવા ને બાકીના પૈસા તેમને આપી દેવા. મનમોહનદાસ શેઠ આ ઠરાવની સામે પડયા. તેમણે કહ્યુ: 'તમે સૌએ આ કરોડની થાપણ અંડરરાઇટ કરી છે, એટલે કાયદાની નજરે તમારે જ આ ખોટ ખમી લેવી જોઇએ, ને ગરીબ શેરહોલ્ડરોને પૂરા પૈસા આપવા જોઇએ.' બધાએ ઘણું સમજાવ્યું પણ મનમોહનદાસ શેઠ એકના બે થયા નહિ, ને આખરે બીજા બધા ડિરેક્ટરોએ 'અગાઉથી થએલો ખર્ચ' વહેંચી લેવો પડયો ને શેરહોલ્ડરોને પૂરા પૈસા મળ્યા.

મુંબાઈમાં આવા પ્રામાણિક, ગરીબ શેરહોલ્ડરોની દયા ખાનારા મનમોહનદાસ રામજી એક વિરલ શેઠ હતા.

આ પણ જૂની જ વાત છે. સાઠેક વર્ષ તો થઈ જ ગયાં એને. એક જુવાન. અલબત્ત, મુત્સદ્દી ગણાતી નાગર–કાયસ્થ કોમના એ પ્રતિનિધિ. મુંબાઈમાં શિક્ષકની નોકરી કરે, પણ એમાં એને રસ નહોતો. એને તો કોઈ ઠેકાણે, કોઈ ખુરસીમાં બેસવાનું હોય, નાની પણ અમલદારની પદવી હોય, એ જોઈતું હતું. મોટાઈનો એને મોહ હતો.

આમ તો કૉલેજમાંથી અધવચે વહાણ ડૂબ્યું હતું, એટલે પરબારી અમલદારી તો ક્યાંથી મળે? પણ કોઈક ઠેકાણે કારકુની પણ મળી જાય તો કાંડાંને બળે, આગળ જતાં, અમલદાર થઈ જવાય એવી ભ્રમણા એના મનમાં ભરાઈને પડી હતી. એટલામાં સંયોગ પાધરા થયા. વડોદરામાં એક ખાતામાં એક કારકુનની જગ્યા માટે અરજીઓ માગવામાં આવી. આ ખાનદાનના અક્ષર મોતીના દાણા જેવા, ને ભાગ્ય કાંઈક કામ કરતું હશે, એટલે એમને નિમણૂક મળી ગઈ અને શિક્ષકની નોકરી ફગાવી દઈ ભાઈ પહોંચ્યા વડોદરે.

ત્યાં ઑફિસ ઊઘડવાને ટાઇમે, કડકડતાં ઈસ્ત્રીબંધ કપડાં પહેરી, માથે નવી નકોર પાઘડી અને ખભે ખેસ નાખી, ભાઈ ઑફિસમાં પહોંચ્યા. શરીર સારું અને આકૃતિ પ્રતિભાભરી, એટલે ઑફિસમાં જે એક પટાવાળો અને એક કલાર્ક હાજર હતા તેમણે આમને બહુમાન સાથે ત્યાંના વડાની ઑફિસમાં બેસાડ્યા.

હવે બન્યું હતું એવું કે તે ઑફિસનો ઉપરી તે જ દિવસથી બીજે ઠેકાણે જવાનો હતો, અને તેની જગ્યાએ નવો જ અમલદાર આવનાર હતો. આ નવા અમલદારને કોઈએ જોયો ન હતો, એટલે આ લોકોએ આને જ તે અમલદાર ધારી લીધેલા. પરિણામ શું થશે એની પરવા કર્યા વગર આપણા આ યુવાન તો મોટી ખુરસી પર બેસી ગયા. ઑફિસ ભરાઈ. કલાર્કો અને પટાવાળાની દોડાદોડ ચાલુ થઈ. આમ ને આમ તે યુવાન ત્રણેક કલાક અમલદારી ભોગવતા બેઠા, એટલામાં એ જાણી ગયા કે સાચો અમલદાર આવે છે! અને તે એ પણ પામી ગયા કે હવે આ ઑફિસમાં પોતાનાથી નોકરી થઈ શકે નહિ. એથી લાગલા જ એ ભાઈ ઑફિસ છોડી રફુચક્કર થઈ ગયા!

મુંબાઈ તો છોડયું જ હતું, એટલે વહેલું આવે સૌરાષ્ટ્ર: એક નાનકડા રાજ્યમાં ફરી પાછા શિક્ષક! જોકે ત્યાં પછી કોઈ કારકુની ખાલી પડી એટલે ત્યાં ગોઠવાઈ ગયા. પછી ત્યાંથી, હવે તો એકદમ અમલદારની ખુરસી પચાવી પાડવાને બદલે ખંત અને ધીરજથી કામ કર્યું અને અંતે શિરસ્તેદાર સુધીની પદવી પ્રાપ્ત કરી લીધી.

પણ જ્યારે જ્યારે પેલી વડોદરાની વાત નીકળતી ત્યારે એ ગૃહસ્થ, જરા પણ ખેદ દર્શાવ્યા વગર, કાંઈક આનંદ અને કાંઈક મગરૂબીથી કહેતાં અચકાતા ન હતા કે 'ભાઈ, ત્રણ કલાક તો ત્રણ કલાક, પણ હું અમલદાર તો થઈ ગયો હતો ને! પછી દુનિયા ઝખ મારે છે!'

ચાલુ નબળી રહેતી તબિયતને લઈને હું એક પણ રમત ચાલુ રમેલો નહિ (હા, માત્ર ટેબલ ટેનિસમાં હું પ્રથમ વર્ગમાં આવવા જેવું રમતો ખરો), પણ એનો બંગ મેં અનેકવિધ રમતોમાં તેના ચુનંદા ખેલાડીઓની રમતો જોઇને વાળેલો. હૉકીમાં ધ્યાનચંદની જાદુગરી જોએલી, ટેનિસમાં ટિલ્ડન, કોશે વગેરેને રમતા જોયેલા, સારાસારા પૉલોની મૅચ પણ માણેલી, અને બિલિયર્ડ્ઝના નિષ્ણાતોને પણ રમતા જોવાનો લાભ મેળવેલો. એટલે બીજું તો કાંઈ નહિ, પણ આપણા નવલકથા ને નવલિકાકારો પોતાની કૃતિઓમાં રમતગમતને લગતા છબરડા વાળે તો મારાથી તે છૂપું રહે નહિ. એવી ઘણી ભૂલો મેં પકડેલી.

એક અતિ વિખ્યાત નવલકથાકારે એની એક કૃતિમાં કૉર્ટમાં ચાલતા ખૂનકેસનું ઝીણવટથી વર્ણન કરેલું. એ વાંચતાં મને શક પડ્યો અને બેત્રણ સારા બૅરિસ્ટર-સોલિસિટરોને પૂછીને ખાતરી કરી કે એવી રીતે કોર્ટમાં કેસ ચાલે જ નહિ. મેં પેલા નવલકથાકારનું ધ્યાન ખેંચ્યું અને કહ્યુ કે આ લખતાં પહેલાં તમે કોઈ સારા ધારાશાસ્ત્રીને પૂછી જોયું હોત તો આવી ગંભીર ખામી રહી જાત નહિ.

પેલા લેખક મહાશયે જણાવ્યું: 'તમે તમારે એવા દૂધમાંથી પોરા કાઢયા કરો. અમને કાંઈ લાગવાનું નથી. લેખક એમ બધી તપાસ કરે તો પછી નવલકથા લખે ક્યારે?'

હવે આની સામેનો દાખલો: એક વિખ્યાત અંગ્રેજ સ્ત્રી નવલકથાકારે એક લેખમાં જણાવેલું કે મેં મારા મિત્રમંડળમાં એક નિષ્ણાત ડૉક્ટર, એક ઈજનેર, એક વકીલ, એક સ્પૉર્ટ્સમૅન વગેરેને રાખ્યા છે. જે જે વિષય પર હું મારી નવલમાં લખવાની હોઉં તે તે વિષય સંબંધે હું પેલા મિત્રોને લખીને પુછાવીને, અથવા જાતે મળીને, તેમનો કાબેલ અનુભવ જાણી લઇને પછી જ તેને નવલમાં આલેખું છું, અને લખ્યા કેડે પાછી હું તેમને બતાવી પણ જાઉં છું. સર્જનોમાં આવી ખામી રાખવી એ નરી બિનઆવડત અને મૂર્ખાઈ છે. (ચાલુ)

અનુસંધાન] **શતાયુ પંડિત સાતવળેકર** [પૃ. ૩૩૮થી

પણ હજી વૉરન્ટનો ભય માથે ઝઝૂમતો જ હોવાથી પંડિતજીએ પીઠાપુર પણ છોડયું અને તેઓ કુટુંબ સાથે કલકત્તા, જગન્નાથ-પુરી, બનારસ આદિની યાત્રા કરતા કરતા કાંગડી ગયા. ત્યાંથી તેઓ ભૂગર્ભવાસમાં ચાલ્યા જવાનું વિચારતા હતા, એવામાં ત્યાંના પોસ્ટ માસ્તરે આપેલી બાતમીના આધારે સરકારે એમની ધરપકડ કરી અને હાથપગમાં બેડી સાથે ક્રૂરરીતે દમન કરી એમને બિજનોર જેલમાં રાખવામાં આવ્યા, જ્યાંથી એક માસ બાદ કોલ્હાપુર લઈ જઈ એમના પર ખૂન અને રાજદ્રોહના આરોપો મૂકી કેસ ચલાવવામાં આવ્યો. અને ખૂનનો આરોપ તો તરત જ ઊડી ગયો; બીજા આરોપ માટેનો કેસ જે એક વર્ષ લંબાયો એમાં પણ અંતે તેઓ નિર્દોષ પુરવાર થયા.

આ કેસ પૂરો થવા સાથે એમના જીવનનો ક્રાંતિકારી તબક્કો પૂરો થયો અને માત્ર વેદોક્ત જીવન જીવવાના ને વેદપ્રચાર દ્વારા રાષ્ટ્રો-દ્ધારા કરવાના નિશ્ચય સાથેનો બીજો તબક્કો શરૂ થયો. આ નિશ્ચયમાં સ્વામી શ્રદ્ધાનંદજીની સલાહ મળતાં તેઓએ લાહોર જઈ અનારકલી માર્ગ પર પોતાનો સ્ટુડિયો શરૂ કર્યો અને ટૂંક સમયમાં ફોટોકલાકાર તરીકે પંજાબ, પેશાવર, કાશ્મીર, હિમાચલ પ્રદેશ ને હરદ્વાર સુધી વિખ્યાત થયા. તે સાથે એમણે પોતાના ધ્યેય અર્થે ગામ-કસ્બાઓમાં ફરીફરીને કરેલાં આખ્યાનોથી એ વેદજ્ઞ પંડિત તરીકેની એમની ખ્યાતિ પણ ખૂબ ફેલાઈ અને એમના પ્રચારથી આર્યસમાજના સ-ભ્યોમાં ઘણો વધારો થયો. પંજાબ-નિવાસ દરમિયાન તેઓ લાલા લાજપતરાય, અંબાપ્રસાદ, લાલા હરદયાળ, લાલા હરકિશન, ડૉ. સત્યપાલ, પં. રામભજ દત્ત ચૌધરી આદિ રાષ્ટ્રવાદી નેતાઓના ગાઢ સંપર્કમાં આવ્યા. મહાત્મા ગાંધીજીનો પરિચય પણ એમને લાહોરમાં જ થયો, અને 'વેદો મેં ચર્ખા' તેમજ અસ્પૃશ્યતા નિવા-રણ પર પુસ્તકો લખવાથી એ ગાઢ બન્યો. ઈ. ૧૯૦૯ થી ૧૯૧૯ના પંડિતજીના આ લાહોરનિવાસ દરમિયાન એમનો પ્રજા પર વધતો જતો પ્રભાવ જોઈને તથા લખનૌ કૉંગ્રેસ અધિવેશનમાં એમણે આ-પેલી હાજરીની અસર જોઇને સરકારે એમને હદપાર કરવાનો નિર્ણય લીધો અને એમના ઘર તથા સ્ટુડિયો પર છૂપી પોલીસ બેસી ગઈ. આખા કુટુંબને ભોગવવી પડતી આ પરેશાની નિવારવા એમણે લાહોર છોડયું અને ૧૯૧૮માં પોતાના જૂના મિત્ર ઔંધના રાજા શ્રીમંત ભવાનરાવ પંતની ઇચ્છાને માન આપી એમના રાજ્યમાં જઇને રહ્યા અને સરકારને એમની મારફત જણાવી દીધું કે તેઓ હવે કોઇ પણ ચળવળમાં ભાગ લેવાને બદલે વેદાધ્યયનમાં જ સમય ગાળશે.

ત્રીસ વર્ષના લાંબા ગાળાના એ ઔંધનિવાસ દરમિયાન સાત-વળેકરજીએ ઔંધમાં ગાંધીજીની સલાહ મુજબ વૈદિક પરંપરાની પંચા-યત યોજવાનું, ભારત મુદ્રણાલય ઊભું કરી વૈદિક સાહિત્યના પ્રકા-શનનું વેદાધ્યયન માટે 'સ્વાધ્યાય મંડળ'ની સ્થાપનાનું આદિ અનેક કાર્યો કર્યાં. જેના લીધે ચારે વેદોની શુદ્ધ સંપૂર્ણ વાચના માત્ર પાંચ રૂપિયાની સસ્તી કિંમતે સુલભ બની એ પંડિતજીનું અતિમૂલ્યવાન પ્રકાશનકાર્ય આ ગાળામાં જ થયું. ઈ. ૧૯૩૬માં તેઓ લોકમાન્ય તિલકના આશીર્વાદ પામેલા હિંદુધર્મની સસ્મિતાની ભૂમિ ધરાવતા 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ'માં જોડાયા. એ જ અરસામાં ઈચલકરંજી-ના મહારાજાના આમંત્રણથી ત્યાં જઈ એમણે વેદ ઉપર આપેલાં સાત વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો એમની કીર્તિના કળશરૂપ નીવડયાં.

સ્વરાજ્યપ્રાપ્તિ બાદ ઔંધ રાજ્યનું વિલીનીકરણ થતાં પંડિતજીએ ત્યાંથી અન્ય કોઈ સ્થાને જવાનો નિર્ણય કર્યો. લાહોર, દિલ્હી, નાગ-પુર, વડોદરા આદિ નગરોના મિત્રોના નિમંત્રણો સાભાર નકારી ૧૯૪૮ની ૧ જુલાઈએ ગુજરાતમાં વલસાડ પાસે આવેલા એક શાન્ત ને નાના પારડી ગામમાં એક અમેરિકન પાદરીનું ૧૮ એકર જમીનવાળું દેવળ રૂ. ૧ લાખે ખરીદી લીધું ને ત્યાં મુદ્રણાલય તથા 'આનંદાશ્રમ' શરૂ કર્યાં. આંબાવાડિયાં અને અન્ય ફળોના બગીચાથી રમ્ય એવા આ સ્થળે પંડિતજીએ વેદમંદિરની સ્થાપના કરી અને ઈ. ૧૯૫૪ના જાન્યુ-આરીની ૧૦મીએ ભૂતપૂર્વ મુંબાઈ રાજ્યના શિક્ષણમંત્રી શ્રી દિનકર-રાવ દેસાઈ પાસે એનું ઉદ્ઘાટન કરાવ્યું. આ મંદિરમાં દર શનિવારે સાંજે ૫-૩૦ વાગ્યે થતી પ્રાર્થનામાં પંડિતજી અચૂક હાજર રહે છે.

વેદ એ ભારતીય સંસ્કૃતિની ભવ્ય જીવનગાથા ગાતા પ્રાણવાન ગ્રંથો છે. આપણા મહામના ઋષિવર્યોની આર્ષવાણી એમાં ઝિલાએલી છે. પણ કમનસીબે, આપણામાંથી લુપ્તવત્ થએલા જ્ઞાને સંસ્કૃતના અને આજના ભૌતિકવાદની ઘેલછાએ વેદો વિષેના સ્પષ્ટ ખયાલ ભૂ-સાઈ ગયા છે. પંડિત સાતવળેકરજીએ એ વેદધર્મને પુનર્જાગૃત કરવા અથાગ પરિશ્રમ કર્યો છે. વેદનાં રહસ્યોને લોકસુલભ બનાવવા માટે એમણે તેના સરળ અનુવાદો કર્યા અને જનસામાન્યને તે સુલભ બને એ હેતુથી ચારે અનુવાદોનો ગ્રંથ માત્ર પાંચ રૂપિયામાં ઉપલબ્ધ બ-નાવ્યો. એમની આ ધગશને જગતભરમાં ધર્મશિક્ષણ અર્થે કામ કરી રહેલી 'બાઈબલ સોસાએટી'ની કાર્યધગશ સાથે સરખાવવાનું મન થાય.

વેદધર્મનો સંદેશ પ્રજાને પહોંચાડવા માટે તેઓ વર્ષોથી કેટલાંક સામયિકો પણ ચલાવે છે: 'વૈદિક ધર્મ'નામનું હિન્દી માસિક ૧૯૧૯થી, 'પુરુષાર્થ' નામનું મરાઠી માસિક ૧૯૨૪થી 'અમૃતકલા' નામનું સં-સ્કૃત ત્રૈમાસિક ૧૯૬૨થી અને (હમણાં દુર્ભાગ્યે બંધ થએલું) 'વસુંધરા' ગુજરાતી માસિક ૧૯૪૮થી. આ પૈકી 'પુરુષાર્થ'માં ભારતીય કલા, સંસ્કૃતિ અને સાહિત્ય આદિ ઉપર પણ લેખો આવે છે. 'વેદપરિચય', 'વૈદિક વ્યાખ્યાનમાળા', 'બાળકોંકો ધર્મશિક્ષા', 'આરોગ્ય ખંડ' એમ

શતાયુની દિનચર્યા

પ્રાતઃકાળે ૫-૩૦ વાગ્યે ઊઠી શૌચકર્મ અને ઠંડા પાણીથી સ્નાન; સંધ્યાપૂજા ને પ્રાણાયામ. (૮૮ની વય પછી સૂર્યનમસ્કાર બંધ કર્યા છે.) એ પછી ગાયનું દૂધ.
૮-૨૦ થી ૯-૩૦: કાર્યાલયમાં પત્રવહેવાર ને અન્ય કામ.
૯-૩૦ ફરી ગાયનું દૂધ અને લખવા-લખાવવાનું કાર્ય.

મધ્યાહ્ને ૧૨ વાગ્યે પ્રાર્થના કરી ભોજન. ભોજન સાથે દ્રાક્ષ ને ચીકુ. કેરી ખૂબ પ્રિય. છેલ્લાં ૬૦ વર્ષથી ભાત ખાવો બંધ કર્યો છે.
૨-૦૦ વાગ્યે કાર્યાલયમાં જઈ લખવા-લખાવવાનું કાર્ય.
૩-૩૦ વાગ્યે ગાયનું દૂધ લઈ ફરી ૫-૩૦ સુધી કાર્યલીન.

સાયંકાળે ૬ થી ૭ વરંડામાં હીંચકે બેસી મુલાકાતીઓ સાથે વાતચીત. ૭ ૦૦ વાગ્યે સાયંસંધ્યા.
૮-૦૦ વાગ્યે રાત્રિભોજન. ૯-૦૦થી નિદ્રા: ઘસઘસાટ ઊંઘ.

દીર્ઘાયુષ્યનું રહસ્ય: (૧) માનસિક સ્વસ્થતા (૨) સતત પરિશ્રમ (૩) નિયમિતતા (૪) વ્યવસ્થિત જીવન (૫) પ્રાણાયામ અને સૂર્યનમસ્કાર (૬) સાત્ત્વિક આહાર (૭) રાત્રે ઘસઘસાટ ઊંઘ (૮) બ્રાહ્મમુહૂર્તમાં ઉત્થાન.

વિવિધ પ્રકારના કુલ ૪૨૫ જેટલા ગ્રંથો લખી કે સંપાદિત કરીને એમણે પ્રકાશિત કર્યા છે અને સંસ્કૃત સરળ રીતે શીખવા માટે ૨૪ પુસ્તિકાઓ પ્રકટ કરી છે. આ ઉપરાંત 'સૂર્યનમસ્કાર' વ્યાયામના અત્યંત આગ્રહી પંડિતજીએ સૂર્યનમસ્કાર, બ્રહ્મચર્ય, યોગાસન આદિ પર પણ ઉપયોગી પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે.

પંડિતજીનું ગૃહસ્થજીવન અત્યંત સુખી ને સંપન્ન છે. ૮૯ વર્ષનાં એમનાં પત્ની સરસ્વતીદેવી આર્ય સન્નારીને શોભાસ્પદ એવું પતિપરાયણ જીવન ગાળે છે. એમનો પ્રથમ પુત્ર નારાયણ તો નાની વયે ગુજરી ગયો, પણ ૧૯૧૩માં લાહોરમાં જન્મેલા એમના બીજા પુત્ર વલ્લભરાવ ૧૯૩૫માં બી. એ. થઈ પિતાના પ્રકાશનકાર્યમાં સહાય કરે છે. અને ૧૯૪૫માં જન્મેલા માધવરાવે પિતાને પગલે ચાલી મુંબાઈની જે. જે. આર્ટ સ્કૂલમાં અધ્યયન કર્યા બાદ પરદેશ જઈ આવી કલાકાર તરીકે નામ કાઢ્યું છે. પંડિતજીના પૌત્રે પણ ચિત્રકલાનો અભ્યાસ કરી છેક પ્રપિતામહ દામોદર ભટ્ટથી ચાલી આવતી કુટુંબ પરંપરા સજીવ રાખી છે. પંડિતજીના ચિત્ર-શિષ્યોની પરંપરા પણ ઘણી લાંબી છે. ગીતા પર 'પુરુષાર્થબોધિની' ટીકા લખનાર આ સમર્થ વિદ્વાને જીવનના અનેક ઝંઝાવાતો સામે પ્રબલ પુરુષાર્થ અને અવિરત સાધના દ્વારા વેદપ્રતિપાદિત તેજસ્વી જીવન જોગવ્યું છે.

આવા જીવન તપસ્વીની કદર કરીને ભારતની ભિન્નભિન્ન સંસ્થાઓએ એમને સન્માનીય પદવીઓ આપી છે. ગોવર્ધનમઠના શંકરાચાર્યે ૧૯૫૦માં એમને 'મહામહોપાધ્યાય'ની, ગીતાપ્રચાર સંમેલને 'ગીતાલંકાર'ની, પ્રયાગ હિન્દી વિદ્યાપીઠે 'સાહિત્યવાચસ્પતિ'ની, કાંગડી ગુરુકુલે 'વિદ્યામાર્તંડ'ની, પ્રયાગમાં યોગરાજ દેવરિયા બાબરિયાએ (પાંચ લાખ સાધુઓના સંમેલનમાં) 'બ્રહ્મર્ષિ'ની અને પૂના યુનિવર્સિટીએ ડિ. લિટ.ની પદવી આપી આ પ્રકાંડ પંડિતનું ઉચિત ગૌરવ કર્યું છે. ભારતીય રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિએ રૂ. ૧૫૦૦નો 'મહાત્મા ગાંધી પુરસ્કાર' આપી એમની રાષ્ટ્રભાષા-સેવાની કદર કરી છે અને ભારત સરકારે એમને સંસ્કૃતના વિદ્વાન તરીકે ૧૫૦૦ રૂ.નું વર્ષાસન બાંધી આપ્યું છે. ગયા વર્ષે ગુજરાત અને મહારાષ્ટ્રના વિદ્વદ્ સમાજે એમનું જાહેર સન્માન કરી ધનનિધિ અર્પણ કરેલો.

ઉત્તમ કોટિના ચિત્રકાર, સનાતન ધર્મના પ્રચારક, વેદના પ્રકાંડ પંડિત, પ્રભાવશાળી વક્તા, ક્રાન્તિકારી રાષ્ટ્રહિતૈષી, સમર્થ સંપાદક, સૂર્યનમસ્કાર આદિ વ્યાયામોના શિક્ષક-પ્રવર્તક અને ઉચ્ચ સાહિત્યના સર્જક એવા આજે શતાયુ થતાં સાતવળેકરજી એમની ઇચ્છા મુજબનું દીર્ઘાયુ ભોગવે અને રાષ્ટ્ર તથા સમાજને પ્રેરતા રહે એ અભ્યર્થના.

જેઠાલાલ જોષી

શ્રી મેઘાણીની ૭૦મી જયંતી પ્રસંગે બે નિબંધ-સ્પર્ધા

(૧) ગુજરાતની કૉલેજો, ગ્રામવિદ્યાપીઠો અને અધ્યાપન મંદિરોના વિદ્યાર્થીઓ માટે નિબંધ-હરીફાઈ: શ્રી ઝવેરચંદ મેઘાણીનાં પોણોસો પુસ્તકો પૈકી કોઈ પણ એકનો રસાસ્વાદ ૨,૦૦૦ શબ્દોમાં, તા. ૩૦ સપ્ટેમ્બર, ૧૯૬૭ સુધી મોકલવાનો છે.

(૨) સૌકોઈ માટે નીચેના છ પૈકી કોઈ પણ એક વિષય પર, ૧૨,૦૦૦ શબ્દોનો નિબંધ: ૧) લોકસાહિત્યકાર મેઘાણી ૨) કવિ મેઘાણી ૩) નવલિકાકાર મેઘાણી ૪) નવલકથાકાર મેઘાણી ૫) વિવેચક મેઘાણી ૬) પત્રકાર મેઘાણી. નિબંધો ૩૧ ઑક્ટોબર; ૧૯૬૭ સુધીમાં મોકલવાના છે.

વધુ વિગત માટે નીચેને સરનામે પત્રવહેવાર કરવો: લોકમિલાપ કાર્યાલય. પોસ્ટ બૉક્સ ૨૩ (બલવંતરાય મહેતા રસ્તો) ભાવનગર.

[૨]

સંગીત-સાધના

કંઠ મધુર હોય કે ન હોય, પરંતુ નિર્બળ તો ન જ હોવો જોઈએ. તે માટે સુદૃઢ શરીર ને શારીરિક વ્યાયામ જરૂરી છે. નબળા દેહમાં અવાજની કુદરતની બક્ષિશ પણ એ લાંબો સમય ટકી નહિ શકે.

ધ્વનિ એ સંગીતનો આત્મા છે. એનું નિયંત્રણ શ્વાસોચ્છ્વાસની ક્રિયા પર નિર્ભર છે. તેથી શારીરિક વ્યાયામની સાથે નિત્ય પ્રાણાયામ કરતા રહો તો સૂર પર અસાધારણ કાબૂ રહેશે. સૂરમાં શ્રી પ્રગટશે. આહાર શરીરસ્વાસ્થ્ય જેટલી જ કંઠને પણ સહાય કરે છે. નિયમિત ને પ્રમાણસર પુષ્ટિકારક સાત્ત્વિક આહારથી ગાયનકલા સારી વિકસે છે.

પણ આ બધા નિયમો પાળવાથી યે ગાયક થઈ જ જવાય એવું નથી. પહેલવાનો ગાયક હોતા નથી. ગાનકલા સૂક્ષ્મ છે, પ્રત્યક્ષ રૂપવાળી છે. ગાનાર કરતાં શ્રોતાની રુચિને એ વધુ આધીન હોઈ સંગીતમાં પરિવર્તન તો સહજ છે. વેદકાલમાં ગવાતું સંગીત આજે સાંભળવા મળતું નથી; છતાં જે સ્વરૂપમાં હાલ એ છે તેમાં તે સમયના સંગીત જેવી જ ચેતનાભરી રસાનુભૂતિ પ્રગટાવવાની શક્તિ તો છે જ. તેથી જ બદલાયું હોવા છતાં કોઈ ને કોઈ રૂપે હજુ સુધી એ ટકી રહ્યું છે. એવી શક્તિ ન હોય તો એ સંગીત પ્રાણહીન બની રહે.

ગાયક થનારની આસપાસનું વાતાવરણ આવા સંગીત સંસ્કારોને પોષે છે. સંગીતકાર કુટુંબમાં જન્મેલી વ્યક્તિને એ સહેજે મળે છે. ઘણા પ્રસિદ્ધ ગાયક-વાદકો પેઢી દર પેઢીથી સંગીતકાર હોય છે, કેમ કે ઘરના સંગીતમય વાતાવરણની એને સંગીન સહાય મળી હોય છે.

સંગીતવિદ્યા માટે હૃદયની સાત્ત્વિકતાની પણ ખૂબ જરૂર છે. સંગીતના સાધકે ભક્તિભાવપૂર્વક નિત્ય ઈષ્ટસ્મરણ કરવું જોઇએ. ગાયક થવા માટે આંતરબાહ્ય શુદ્ધિનું ઘણું મહત્ત્વ છે. આપણું પ્રાચીન સંગીત દેવમંદિરોમાં જ પૂર્ણરૂપે ફૂલ્યુંફાલ્યું છે. અષ્ટછાપ નામે પ્રસિદ્ધ થએલા શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના પ્રમુખ શિષ્યો બધા જ ઉત્તમ ગાયકો હતા, એટલું જ નહિ પણ ઉચ્ચ કોટિના કવિ–ભક્તકવિ હતા. તેમાંના નંદદાસજી તથા કૃષ્ણદાસજી સમય સમયનાં રાગરાગિણીઓમાં ભગવાનની પ્રતિમા સમક્ષ સુબદ્ધ તાલ અને લયમાં એવા તો અપૂર્વ ભાવથી સ્વરચિત પદો ગાતા કે શ્રોતાઓ ઘડીભર ભાન ભૂલી જતા. સંગીતની આ ચિરંતન પ્રેરક શક્તિ જગતના એ પ્રેરણાદાતાની કૃપા વિના નથી પ્રાપ્ત થતી.

વળી, ગાયક થવા ઈચ્છનારે કર્ણેન્દ્રિયની પારગામી સૂક્ષ્મતા કેળવવી પડે છે. એના સ્વભાવમાં જ એ વૃત્તિ વણાઈ જવી જોઈએ. જ્યાં જ્યાં મંજુલ મધુર ગાન કે વાદન થતું હોય ત્યાં ત્યાં એ પહોંચી જ ગયો હોવો જોઈએ. બધું છોડી દઇને, બધું ભૂલી જઈને મનને અવશ બનાવે, અંતરના નિગૂઢ આર્દ્ર ભાવોને જાગ્રત કરે, આપણી ચેતનાશક્તિને આવરી લે તેવું નિતાન્ત કર્ણપ્રિય સંગીત એણે મન ભરાય તેટલું રોજ સાંભળવું જોઈએ. તેને અંતરમાં ઊંડે ઉતારી પોતાના સમગ્ર માનસમાં પૂર્ણપણે પ્રસરાવવું જોઈએ. તો જ સમય આવ્યે પોતાને ગાવું હશે ત્યારે એ ભાવોર્મિઓ આપોઆપ પ્રકટશે.

ભરત મુનિ તુંબરુ કે નારદથી માંડી તાનસેન સુધીના ઉત્કૃષ્ટ સંગીતસ્વામીઓએ કે આજના મશહૂર ઉસ્તાદોએ આ જ રીતે સંગીતારાધના કરી છે. એમની સિદ્ધિનું આ પણ એક રહસ્ય છે. માટે સંગીતકલા સિદ્ધ કરવા ઇચ્છનારે શરીરસ્વાસ્થ્ય અને આંતરશુદ્ધિ પ્રત્યે જરા પણ ઉપેક્ષા કરવી પાલવે નહિ.

સાધુરામ યોધ

હપતો ૪

કનૈયાલાલ મુનશી

એમનું સાહિત્યજીવન

મોટે ભાગે એમના શબ્દોમાં

અને સર્જકપ્રતિભા

લેખક: ડૉ. મધુસૂદન પારેખ

'ભગ્નપાદુકા' પછી તરત ૧૯૫૭માં એમની 'તપસ્વિની' નવલકથા ત્રણ પુસ્તકોમાં પ્રગટ થઈ. તેમાં એમણે ઈ. ૧૯૨૦ થી ૧૯૩૫ સુધીના ગાંધીયુગને ગૂંથ્યો છે. અનેક કથાઓના મિશ્રણથી વિસ્તૃત બનતો વાર્તાપટ, ચબરાકીભર્યા સંવાદો, રંગદર્શી શૈલી, વાર્તામાં ચમત્કારક તત્ત્વોનું નિરૂપણ, અતિમાનુષ પાત્રો સર્જવાનો શોખ: મુનશીની નવલકથાનાં આ લક્ષણો 'તપસ્વિની'માં પણ મોજૂદ છે. અંગ્રેજીમાં જેને chronicle—તવારીખી નવલકથા કહે છે તેવો આ પ્રકાર છે.

છેક તાજેતરમાં લખાતી રહેલી તેમની મહત્ત્વાકાંક્ષી કૃતિ 'કૃષ્ણાવતાર' છે. એ મહાનવલમાં કૃષ્ણને પોતાની વિશિષ્ટ દૃષ્ટિથી અવલોકવાનો તેમનો પ્રયાસ છે. પ્રથમ ખંડના ઉપોદ્ઘાતમાં આ સંદર્ભમાં તેમણે નોંધ્યું છે કે: 'બાળપણનાં સ્મરણો જ્યારથી સચવાએલાં છે ત્યારથી શ્રીકૃષ્ણ મારી કલ્પનાસૃષ્ટિમાં મઢાઈ ગયા છે. નાનો હતો ત્યારે તેમનાં પરાક્રમો સાંભળી દિંગ બની જતો. પછી એમને વિષેનાં કાવ્યો ને કથાઓ વાંચી, એમને ઉદ્દેશીને લખાએલાં પદો ગાઈ એમનો સત્કાર કર્યો... દિવસો વીત્યા, વર્ષો વીત્યાં, એમનો સંદેશ મારા જીવનની પ્રબળ શક્તિ બની ગયો છે...મને એમનાં જીવન અને પરાક્રમોની કથા નવેસરથી રચવાની વારંવાર ઇચ્છા રહ્યા કરતી હતી. આ કાર્ય અશક્ય હતું, છતાં ભારતના અસંખ્ય સાહિત્યકારોની માફક, હું પણ મારી પાસે જે કંઈ કલ્પના તથા રચનાત્મક સર્જકશક્તિ છે એ વડે એમને નાની શી અંજલિ આપ્યા વિના રહી શક્યો નહિ.'

ભગવાન કૌટિલ્ય અને ભગવાન પરશુરામ જેવા લોકોત્તર પુરુષનાં પાત્રો સર્જનાર મહાવ્યક્તિ મુનશી લોકોત્તર કૃષ્ણનું પાત્ર ન સર્જે તો જ નવાઈ! કલ્પના મુજબનું એ પાત્ર તેમણે સર્જ્યું છે એ સંદર્ભમાં ઉપોદ્ઘાતના અંતના તેમના જ શબ્દો ફરી નોંધીએ: 'શ્રીકૃષ્ણ ભગવાનનાં જીવન ને પરાક્રમોને આલેખતી વેળા, ઘણા પુરોગામીઓની માફક, એમના વ્યક્તિત્વ, આચરણ અને દૃષ્ટિબિંદુને સુસંગત બનાવવા માટે મેં કેટલીક ઘટનાઓ ઉપજાવી કાઢી છે. મહાભારતમાં ઉલ્લેખાએલાં કેટલાંક નામોને મૂર્તિમાન કરવાનો પ્રયત્ન પણ મેં કર્યો છે. લોકહૃદયમાં વસી ગએલાં કેટલાંક પાત્રો સાથે મેં અક્ષમ્ય છૂટ લીધી છે ખરી.'

'કૃષ્ણાવતાર'ના પ્રથમ ભાગને—કૃષ્ણના જીવનના પ્રથમ ખંડને એમણે યોગ્યરીતે જ 'મોહક વાંસળી' શીર્ષક આપ્યું છે. કૃષ્ણનું શૈશવ વાંસળી સાથે બહુધા સંકળાએલું છે. એમની વાંસળીએ 'માનવો, પશુઓ, પંખીઓ—બધાં પર એકસરખાં કામણ કર્યાં છે; અસંખ્ય કવિઓએ એ મોહિની ગાઈ છે.' કંસવધની ઘટના સાથે પૂરા થતા એ ખંડ પછીનો બીજો ખંડ રુક્મિણી હરણને વિષય બનાવે છે. તેને 'સમ્રાટનો પ્રકોપ' એ શીર્ષક તેમણે આપ્યું છે અને તેમાં મગધના સમ્રાટ જરાસંધના ગર્વમર્દનની કથા છે. ત્રીજા ખંડમાં પાંચ પાંડવો કેન્દ્રમાં છે ને દ્રૌપદીસ્વયંવર સાથે એ વિરામ પામે છે. એમનો ચોથો ખંડ 'ભીમનું કથાનક' બની રહે છે: એ તેમજ એ પછીની 'સત્યભામાની કથા'ને કુરુક્ષેત્રના રણક્ષેત્રમાં 'શાશ્વત ધર્મગોપ્તા' શ્રીકૃષ્ણ અર્જુનને વિશ્વરૂપ દર્શન કરાવે છે ત્યાં સુધી લઈ જાય છે. છઠ્ઠો ભાગ 'વ્યાસનું કથાનક' છે.

મુનશીની આ સમગ્ર મહાનવલ વિષયની દૃષ્ટિએ મોટા ફલક પર વિસ્તરેલી છે. એક નવી તાઝગીભરી સર્ગશક્તિનો આ મહાકથા પરિચય કરાવે છે. વર્ણનોમાં કે પ્રસંગનિરૂપણમાં કે કૌતુકપ્રિય શૈલીમાં મુનશીની કલમ અહીં ફરી ચમકારા મારતી જણાય છે. યુગને અનુરૂપ એમની નવીન દૃષ્ટિનો સુખદ પરિચય આ 'કૃષ્ણાવતાર' કરાવે છે. એમણે પોતે જ બીજા ભાગના ઉપોદ્ઘાતમાં નોંધ્યું છે તેમ: 'આલેખનમાં ઘણી વાર મહાભારત કે પુરાણમાંનાં પ્રસંગનિરૂપણને મેં નવા અર્થમાં ઘટાવ્યાં છે. અર્વાચીન સર્જક જ્યારે પ્રાચીન જીવનનું નિરૂપણ કરે ત્યારે તેને પોતાની કલ્પનાનો આશ્રય લેવો જ પડે છે; પણ શ્રીકૃષ્ણને મેં જે રીતે જોયા છે એ રીતે જ મારે નિરૂપવા જોઈએ.'

આ નવલમાં નાયકો બદલાતા રહેતા લાગે, છતાં એ સૌનો કેન્દ્રમાં, એક વિવેચકે કહ્યું છે તેમ, કૃષ્ણ પોતે જ રહેલા છે અને સમગ્ર નવલકથામાં કૃષ્ણનો જ પ્રેરક સંસ્પર્શ રહ્યા કરે છે. આ સમગ્ર કૃતિ વિષે એક વિદ્વાન અવલોકનકારના અભિપ્રાય મુજબ 'ભારતીય સંસ્કૃતિના સમૃદ્ધ વારસા પ્રત્યે મુનશીજીનો અમર્યાદ પ્રેમ અને એ સંસ્કૃતિમાં જે કંઈ ઉત્તમ છે તે સ્વીકારવાની તમન્ના આમાં દેખાય છે.'

ઈ. સ. ૧૯૧૩ થી 'ગુજરાતી' પત્ર દ્વારા શરૂ થએલી 'વેરની વસૂલાત' એ સામાજિક નવલકથાથી મુનશીની નવલકથા-પ્રવૃત્તિનો આરંભ થયો એ વાતને બરાબર ૫૪ વર્ષ થયાં. આ ૫૪ વર્ષના ગાળામાં એમણે સામાજિક, ઐતિહાસિક ને પૌરાણિક નવલકથાઓ વિપુલ સંખ્યામાં આપી. એમની નવલકથાઓએ વાર્તાસાહિત્યમાં નવો પ્રાણ પ્રગટાવ્યો. એમની અજબગજબની કથનશક્તિ અને પાત્રચિત્રણ, તેમ જ મેધાના ચમકારા દર્શાવતી શૈલીને કારણે વિશાળ વાચકવર્ગ એમની વાર્તાકલા પર વર્ષો સુધી મુગ્ધ બની રહ્યો. ગોવર્ધનરામ પછી સમર્થ નવલકથાકાર તરીકે મુનશીએ પોતાની પ્રતિષ્ઠા રોશન કરી, અને આજે પણ એમની એ યશપતાકા નીચે નમી નથી.

મુનશીની નવલકથાઓ વિષે એક વાત અહીં નોંધવા જેવી લાગે છે. મુનશી વિદ્વાન, વકીલ ને રાજપુરુષ હોવા છતાં એમના સ્વભાવમાં પહેલેથી જ મજાક કે ટોળ કરવાની, હસવા-હસાવવાની વૃત્તિ રહેલી છે. પરંતુ એમની નવલકથાઓમાં એ ભાગ્યે જ હસતા દેખાય છે. 'ગુજરાતનો નાથ'માં 'હેનપેક્ડ' જોશીના પાત્ર દ્વારા કે 'રાજાધિરાજ'માં નેરા બાબડા દ્વારા કે 'તપસ્વિની'માં મત્તમયૂર દ્વારા મુનશીએ થોડુંક હસી લીધું છે. પરંતુ એકંદરે એમની નવલકથાઓમાં વાતાવરણનું એક પ્રકારનું ગાંભીર્ય વરતાય છે. માનવજીવનના પોતે માનેલા આદર્શોને ગંભીર વિચારકની હેસિયતથી તે નવલકથા દ્વારા વ્યક્ત કરે છે. 'પૌરાણિક નાટકો'માં પણ મુનશી ગંભીર છે. એમના વ્યક્તિત્વનું આ એક પાસું છે; બીજા પાસાનું ચિત્ર એમની ટૂંકી વાર્તાઓ અથવા કૉમેડી કે ફારસ પ્રકારનાં એમનાં સામાજિક નાટકોમાં જોવા મળે છે 'મારી કમળા ને બીજી વાતો' એમનું પહેલું સાહિત્યસર્જન. એ વાર્તાઓએ એમાંની વિશિષ્ટ સામગ્રી અને રજૂઆતથી સાહિત્યકારોનું ધ્યાન ખેંચેલું. 'કામચલાઉ ધર્મપત્ની', 'ગોમતીદાદાનું ગૌરવ', 'શામળશાનો વિવાહ' એ બધી વાર્તાઓમાં મુનશીએ સમાજના રૂઢ માળખાને આઘાત આપવા સાથે હાસ્યના ફુવારા ઉડાડ્યા છે.

'"કામચલાઉ ધર્મપત્ની" એક અનુભવ પરથી મને સૂઝી હતી. હું આગગાડીમાં ભરૂચ જતો હતો ત્યારે એક વૃદ્ધે, કોઈ બીજાની સ્ત્રી તથા છોકરું મારાં છે એમ માની, મને ગૂંચવણમાં મૂકેલો. એ ગૂંચવણ મેં

વાર્તામાં લંબાવી. લગ્નપ્રસંગે નાના સ્ટેશન પર જુદીજુદી જાનો આવી અને એક ડોસાની ભૂલને લીધે રાવસાહેબ—વાર્તાનો નાયક—અને પારકી સ્ત્રી વરવહુ છે એમ લોકોએ માન્યું; અને આખરે એક શયનગૃહમાં બંને મળ્યાં ત્યારે એમણે જાણ્યું કે લોકોએ એમને પતિપત્ની માની લીધાં છે, એટલું જ નહિ પણ તે સંબંધને અનુરૂપ સગવડો પણ આપી છે! એ વાર્તા વાંચી એક વિવેચકે કહ્યું : "આ વાર્તા લખતાં મુનશીનો હાથ કપાઈ કેમ ન ગયો?"

'ગોમતીદાદાનું ગૌરવ'માં રૂઢિને જાળવી રાખવાની મનોવૃત્તિ પર સજ્જડ કટાક્ષ છે; 'શામળશાનો વિવાહ' તો સાદ્યંત હાસ્યકટાક્ષયુક્ત છે. એમાં છેલ્લે : 'બા, બા, આ ડોસો મને મારે છે' એવા અંત દ્વારા વૃદ્ધલગ્ન પર સૉળ ઊઠે એવો ચાબખો લગાવ્યો છે. મુનશી માત્ર થોડીક જ નવલિકાઓ—કેવળ એક જ વાર્તાસંગ્રહ લખીને કેમ અટકી ગયા એ પ્રશ્ન, જેણે એ વાર્તાઓ માણી છે તે, જરૂર પૂછવાના.

મુનશીના ટીખળી સ્વભાવનો સરસ પરિચય એમનાં સામાજિક નાટકોમાં મળે છે. 'બે ખરાબ જણ', 'બ્રહ્મચર્યાશ્રમ', 'વાવાશેઠનું સ્વાતંત્ર્ય', 'કાકાની શશી', 'વાહ રે મૈં વાહ!' વગેરે તેમની ટીખળવૃત્તિનાં ઉત્તમ ઉદાહરણો છે. એ પૈકી પહેલું નાટક 'વાવાશેઠનું સ્વાતંત્ર્ય' એમણે ૧૯૨૧માં રચ્યું. એમાં તેમજ 'બે ખરાબ જણ' અને 'આજ્ઞાંકિત' જેવાં નાટકોમાં એમણે સમાજની અધમતા પર આકરા પ્રહાર કરી તેને ખુલ્લી પાડવાનો પ્રયાસ કર્યો છે.

વ્યક્તિ-સ્વાતંત્ર્ય એ એમનાં નાટકોમાં ચર્ચાએલો મુખ્ય પ્રશ્ન છે. 'વાવાશેઠનુંસ્વાતંત્ર્ય'માં શેઠાણીના પંજામાંથી છુટકારો મેળવવા વાવાશેઠ જે મરણિયા પ્રયાસ કરે છે તેનું રમૂજી ચિત્રણ છે. 'બે ખરાબ જણ'માં રંભા પોતાના સ્વાતંત્ર્ય માટે છેક સુધી લડે છે અને બાપે શોધી કાઢેલા મૂરતિયા રામદાસ ડગલીવાળાને થાપ આપી પોતાના શોધેલા મોહન મેડિકોને પરણે છે. 'આજ્ઞાંકિત' નાટકમાં સમાજની કન્યાવિક્રયની બદીની ભયંકરતા નગ્નરૂપે રજૂ કરી છે. સવિતા પોતાના સ્વાતંત્ર્ય માટે ભારે જંગ ખેલે છે. એની માતાએ પચીસ હજારમાં એક બુઢ્ઢા હરકિશનદાસને તેનું વેચાણ કર્યું છે, પરંતુ સવિતા એવા બુઢ્ઢા વરને વશ થવા કરતાં વેશ્યા થવાનું વધારે પસંદ કરે છે! 'પૌરાણિક નાટકો'માં દેવયાની સ્વાતંત્ર્યસંગ્રામ ખેડે છે. 'નમે તે નષ્ટાત્મા' એ તેના પિતાએ આપેલો મંત્ર તેણે બરાબર પચાવ્યો છે, ને છેક સુધી યુયુત્સા દાખવીને તે ઈન્દ્રને પણ મહાત કરે છે. 'ધ્રુવસ્વામિનીદેવી'માં પણ ધ્રુવસ્વામિની ઘણી યાતનાઓ પછી પોતાના માનેલા ચંદ્રગુપ્તને વરે છે.

મુનશીનાં નાટકોનાં સ્ત્રીપાત્રો વિષે વિવેચક નવલરામ ત્રિવેદીએ એક સરસ નિરીક્ષણ કર્યું છે, જે દ્વારા એમની નવલકથાઓનાં અને નાટકોનાં સ્ત્રીપાત્રો વચ્ચેનો ભેદ સૂચવાય છે : 'શ્રી મુનશીની નવલકથાઓમાં (જેવાં) પ્રતાપી સ્ત્રી અને પુરુષ પાત્રો જોવામાં આવે છે તેવાં જ પાત્રો અહીં પણ (નાટકોમાં) દેખાય છે, પણ તેમાં એક સૂક્ષ્મ ભેદ જોવામાં આવે છે. નવલકથાઓમાં તનમન સિવાયની સર્વ માનિનીઓ પોતાના કરતાં વધારે પ્રતાપી કોઈ નરપુંગવના ચરણ આગળ પોતાનું ઉન્નત મસ્તક નમાવતી લાગે છે, ત્યારે નાટકોમાં પુરુષો કરતાં સ્ત્રીપાત્રોનો પ્રભાવ વધારે દેખાય છે. રંભા મોહન મેડિકોના કરતાં જબરી લાગે છે; જોઈતો સવિતાને પગે પડતો આવે છે; પ્રેમલી લલભલાને નમાવે છે; ધ્રુવસ્વામિની ચંદ્રગુપ્ત જેવા વિક્રમના કરતાં યે ચડી જતી લાગે છે; સુકન્યા વિદન્વન્તના બળના અભિમાનના ચૂરા કરે છે; અરુંધતી સપ્તર્ષિઓના તેજને ઝાંખું પાડતી લાગે છે; પ્રેમ માટે આત્મબલિદાન કરતી સુવર્ણાની નબળાઈ જબરામાં જબરા ગણાતા પુરુષોના બળ કરતાં પણ વધારે માનાર્હ લાગે છે; અને દેવયાની તો એકલી અને અજોડ છે, ત્રણે લોકમાં તેના પ્રતાપી વ્યક્તિત્વની છાપ પડે છે!'

મુનશીનાં નાટકો એમના પુરોગામીઓનાં નાટકો કરતાં પદ્ધતિની તેમજ વિષયની દૃષ્ટિએ નિરાળાં જણાય છે. એમણે સંસ્કૃત નાટકોનાં નાન્દી-સૂત્રધાર તો ત્યજ્યાં જ છે, પરંતુ નાનાલાલનાં નાટકોમાં કે રમણભાઈના 'રાઈનો પર્વત'માં આવતાં ગીતો-શ્લોકોને પણ ત્યાગ્યાં છે અને કેવળ ગદ્યમાં જ એમનાં નાટકોનાં પાત્રોનો વહેવાર ચાલે છે. પશ્ચિમમાં ઈબ્સન, બર્નાર્ડ શૉ વગેરેની નાટકોમાંથી ગીતો રદ કરી ગદ્યમાં જ તે પ્રયોજવાની પદ્ધતિ મુનશીએ પણ સ્વીકારી છે. તદુપરાંત પશ્ચિમી નાટકોમાં પ્રાણતત્ત્વરૂપ મનાતો સંઘર્ષ પણ એમણે પોતાનાં નાટકોમાં કલાત્મકરીતે વિકસાવવામાં પૂરતું ધ્યાન આપ્યું છે.

એમનાં નાટકોમાં ઘણી વાર પ્રેમ અને કર્તવ્ય વચ્ચેનો કે રૂઢિ અને સ્વાતંત્ર્ય વચ્ચેનો સંઘર્ષ રજૂ થયો છે. પોતાની કેટલીક નવલકથાઓમાં તેમ નાટકોમાં પણ એમણે સ્ત્રી-સ્વાતંત્ર્ય, લોક-સ્વાતંત્ર્ય વગેરે પ્રશ્નોની છણાવટ કરી છે. 'પુરંદર પરાજય'માં સુકન્યાના ચિત્તમાં પ્રેય ને શ્રેય વચ્ચેનો સંઘર્ષ ચાલે છે; 'પુત્ર સમોવડી'માં સરમુખત્યારી ને લોકશાહી વચ્ચેનો સંઘર્ષ રજૂ થયો છે, 'તર્પણ'માં પ્રેમ ને કર્તવ્ય વચ્ચેનો સંગ્રામ છે. એમનાં સામાજિક નાટકોમાં ઘણુંખરું રૂઢિ અને વ્યક્તિસ્વાતંત્ર્ય વચ્ચેનો સંઘર્ષ તેમણે નિરૂપ્યો છે.

મુનશીની નવલકથાઓની જેમ જ એમનાં નાટકોએ પણ સમાજની કેટલીક રૂઢ માન્યતાઓને આઘાત આપ્યો હતો. 'કાકાની શશી'માં છેવટે કાકા સાથે શશીનું લગ્ન જોઈને ઘણા વિદ્વાનો પણ ચોંકી ઊઠ્યા હતા. તેમ છતાં યે એ મુનશીનું વારંવાર સફળતાપૂર્વક ભજવાએલું નાટક છે. એ નાટકની પ્રેરણા એક માળીની જીવનકથા પરથી એમને મળી હતી. એઓ લખે છે : 'પુરાણે પૂજેલી સતી નર્મદાની માફક ભાગી માલણ વૃદ્ધ પતિની પરિચર્યા કરતી. માળી વૃદ્ધ પણ કામગરો, એટલે બાગની ખબર રાખ્યા જ કરે. એની જીવનકથા પરથી મેં 'કાકાની શશી'નો ખયાલ લીધો હતો. તેનો પણ કિસ્સો થઈ ગયો. ભાગીને તેની વૃદ્ધ દાદીએ મહાબળેશ્વરમાં ઉછેરી હતી. એ વખતે બાવીસેક વર્ષનો એક માળી પંચગનીમાં રહેતો. ડોસી મરવા પડી ત્યારે માળી ત્યાં ગયો અને પાંચ વર્ષની ભાગીને માગી લીધી. એને જોઈતી હતી પત્ની; અને મા મરી ગઈ એટલે માળી ભાગીને ખભે બેસાડીને પંચગની લઈ આવ્યો ને તેને પરણી ગયો! ભાગી તો બાળક હતી, એટલે માના હેતથી માળી તેને નવાડે ખવાડે ને સુવાડે; તેનો ચોટલો ય વાળે ને સરસે કા યે કરે. ભાગી મોટી થઈ ને પતિનું ઘર માંડ્યું.' 'કાકાની શશી'માં સ્ત્રીસ્વાતંત્ર્ય નહિ પણ સ્ત્રીઓ સ્વતંત્રતાને બદલે સ્વચ્છંદતા આચરીને વિલાસમય બની કેવી પરિસ્થિતિ સર્જે છે તેના પર કટાક્ષ છે.

'સ્નેહસંભ્રમ : પીડાગ્રસ્ત પ્રોફેસર', એ પ્રહસનમાં, શ્રી રા. વિ. પાઠકે લખ્યું છે તેમ, 'બે અસમાન શીલનાં દંપતીમાં, એકમાંના પુરુષ અને બીજાની સ્ત્રીના, વેતરાઈ ગએલા જીવનને ફરી સારું કરવાના મિથ્યા ઉધામાથી હાસ્ય આવે છે. આખું નાટક આપણા જમાનાના સમાજના અમુક સ્વભાવનું સાચું પૃથક્કરણ અને મૂર્ત દર્શન છે.'

'બ્રહ્મચર્યાશ્રમ'નું પ્રહસન મુનશીએ યરવડા જેલમાં લખેલું. એની પ્રસ્તાવનામાં એમણે લખ્યું છે : 'ઘણી વસ્તુઓ જેને હું સુંદર કે ભવ્ય માનું છું તેની આમાં ગમ્મત કરી છે... એમાં ગંભીર અને સુંદર વસ્તુની ઠેકડી જોઈ ગાંભીર્યપ્રેમી ગુજરાતને જરા આઘાત થશે.' પરંતુ મુનશીનું આ મંતવ્ય બરાબર નથી. શ્રી રા. વિ. પાઠકે યોગ્યરીતે જણાવ્યું છે કે 'આમાં મશ્કરી બ્રહ્મચર્યની નહિ, પણ બ્રહ્મચર્યની ખોટી વિડંબનાની

થઈ છે.' આ પ્રહસનમાં મુનશીએ જાતીય આકર્ષણનું પ્રાબલ્ય દર્શાવ્યું છે. જેલમાં નિશ્ચય કરીને થોડાક યુવાનો બ્રહ્મચર્યાશ્રમ સ્થાપે છે ખરા, પણ બધાના ચિત્તમાં સુંદરી ભરાઈને બેઠી છે, અને એક ગામડિયણ કિશોરી પેમલીનું આશ્રમમાં આગમન થતાં જ બધા બ્રહ્મચારીઓ તેની પાછળ ઘેલા બને છે. શ્રી રા. વિ. પાઠકના શબ્દોમાં : 'આખું નાટક એક સારા પ્રહસનનો દાખલો છે.'

મુનશીનાં નાટકોમાં છેક છેલ્લું 'વાહ રે મૈં વાહ' ઈ. ૧૯૫૩માં રચાયું હતું. એ પછીનાં ચૌદ વર્ષમાં એમની પાસેથી નાટક મળ્યું નથી. એમની દૃષ્ટિએ 'આ નાટક નથી, ફૅન્ટસી છે. એમાં ઠઠ્ઠાખોરી છે–મોટાં માણસોની, પૂજ્ય પાત્રોની અને બધાથી વધારે મારી પોતાની; તેથી એનું નામ 'વાહ રે મૈં વાહ' રાખ્યું છે. To laugh at oneself, પોતાની જાતે જ પોતાની ઠેકડી કરવી, એ શક્તિ સામાન્યરીતે સ્વભાવમાં હોતી નથી, મારામાં એ છે, તો એનો પણ અતિશયોક્તિભર ચિતાર શા સારુ ન આપવો?'

(ચાલુ)



એક શિક્ષણશાસ્ત્રીએ, કેવળ પોતાની ધગશના બળે, શૂન્યમાંથી સર્જેલા અલ્લાહાબાદ કલાસંગ્રહાલયની નાની પણ પ્રેરક વાત–આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલી શ્રી રવિશંકર રાવળની સંસ્કારયાત્રામાંથી એટલા માટે ઉતારી છે કે કોઈ પણ ગામ-ગામડાના સામાન્ય શિક્ષકને પણ પોતાને ત્યાં આવો પ્રયત્ન કરવાની પ્રેરણા મળે.

અલ્લાહાબાદમાં ત્યાંના મ્યૂઝિયમની સજાવટ ને પ્રચાર કરનારા કલાપ્રિય સજ્જન શ્રી રામચન્દ્રજી ટન્ડનને મળવાનું અને રોરિક ચિત્રાલય તથા મ્યૂઝિયમ જોવાનું કામ હતું.

અલ્લાહાબાદ મ્યૂઝિયમને પોતીકું મકાન નથી, મ્યુનિસિપાલિટીએ ઑફિસોના મકાનમાં નીચેના ભાગમાં થોડા ઓરડા કાઢી આપ્યા છે. તેમાં એડ્યુકેશનલ ઑફિસર શ્રી વ્યાસના પ્રયાસથી તેનો પ્રારંભ થયો છે. મકાનના પાછળના ભાગમાં જતાં જ ચારે તરફ ખંડેરોમાંથી આણેલી આખીપાખી મૂર્તિઓ તથા સ્તંભોના ઢગલા ને ઢગલા દેખાયા. અત્યંત મહત્ત્વની મૂર્તિઓ જ મકાનમાં મૂકવાની જગ્યા મળી હતી. એક ખંડમાં વીસેક જેટલાં અસલ રોરિક-ચિત્રોનો સમાવેશ સુંદર રીતે કરેલો છે. ભીંત પર તેમનાં છપાએલાં ચિત્રોની ફોટો મૂકી છે. શ્રી રોરિકનું દૃષ્ટાંત લઈ લખનૌના કલાધ્યક્ષ શ્રી અસીત હાલદારે પણ પોતાનો કેટલોક ચિત્રસંગ્રહ આપી દીધો છે. અહીં એ કલાકારનાં કેટલાંક નાનાં સુંદર કાવ્યચિત્રો જોવાનાં મળ્યાં. તેમનાં મોટાં ચિત્રો કરતાં એમાં તેમણે વિશેષ ગીતપ્રિયતા બતાવી છે. તેઓ સારા કવિ પણ છે એ અહીં જાણ્યું. ત્રીજા કલાકાર શ્રી અનાગરિક ગોવિંદનાં સુંદર ધાર્મિક ભાવનાવાળાં ચિત્રોનો એક ખંડ ત્યાં જોયો. આ કલાકાર જન્મે યુરોપિયન અને ધર્માંતરથી બૌદ્ધ થએલા એ મહાપંડિત અને કવિ હવે હિંદમાં કાયમ માટે વસ્યા છે. એમની કળામાં ચિંતન, સર્જકતા તથા શાંતિ, આધ્યાત્મિક સૌંદર્યભાવ પ્રવર્તે છે; રંગ અને ચિત્રવિધાનમાં તે પૂર્ણ કુશળતા દાખવે છે.

આવા ભેટના સંગ્રહો ઉપરાંત શ્રી જવાહરલાલજીએ પોતાને દેશમાંથી મળેલાં માનપત્રો અને ભેટપદાર્થો પણ અહીં આપી દીધાં છે. તેનો આખો એક ઓરડો ભરચક બનેલો છે.

મ્યૂઝિયમનું ખાસ આકર્ષણ તો ૨૭૦૦ વર્ષ પૂર્વે જાહોજલાલી ભોગવી ગએલા પ્રાચીન કૌસામ્બી નગરીમાંથી જથ્થાબંધ મળી આવેલી મૃણ્મૂર્તિઓ છે, ને તેનું માન મ્યુનિસિપલ વિદ્યાધિકારી શ્રી વ્યાસજીને ભાગે જાય છે. વિદ્યા અને કળાના એ મહા વિદ્વાને આ કામ પાછળ નથી જોયાં રાત કે દહાડો. નોકરી ઉપરાંતની આવી સંસ્કૃતિસેવા બજાવનાર અધિકારીઓ વિરલ હોય છે. અલ્લાહાબાદથી ચાળીસ માઈલ ઉપર જંગલમાંનાં ખંડેરો ખોદીખોદી તેમણે માટીમૂર્તિઓ અને સંખ્યાબંધ શિલ્પમૂર્તિઓ અહીં ભેગી કરી છે. સરકારી પુરાતત્ત્વના વડા પાસેથી પણ મથુરા, સાંચી, મોહેં-જો-ડરો વગેરે સ્થળોના અવશેષોમાંથી ભાગ મેળવ્યો છે. જગ્યાનો અભાવ હોવાથી કેટલાક તો બહાર પતરાંની છત્રીઓ ને છાપરાંમાં મૂક્યાં છે. હાલ તો એક કારકુન અને થોડા નોકરોથી કામ નભે છે. વાર્ષિક માત્ર રૂ. ૨,૦૦૦ જેટલા જૂજ ખર્ચમાં આ મહાન ઉપયોગી જનકાર્ય ચાલે છે, તેનો યશ શ્રી વ્યાસ જેવા સેવાભાવી સજ્જનને ઘટે છે. કૌસામ્બીની માટીપ્રતિમાઓમાં કેટલીક બાળકોએ કરેલી લાગે, તો કેટલીકમાં ઉસ્તાદી હાથોએ ભાવ લાવણ્ય ને મુદ્રાની પરિપૂર્ણતા દાખવેલાં લાગે. આપણને એમ જ લાગે કે ત્યારે ઘેરઘેર આ કળા હસ્તગત કરવાની રૂઢિ પડી હશે. મૂઠી કે ખોબામાં સમાય એવડી આ પૂતળીઓમાંથી એ કાળનાં હજારો નરનારીઓનાં મોં, વસ્ત્રપરિધાન, કેશગુંફન, ચહેરાની દાઢી, મૂછો કે વાળની ઢબો વગેરે સ્પષ્ટ સમજતાં વાર લાગતી નથી. એ ખંડેરોમાંથી કેટલીક માળાઓ ને મણકા નીકળ્યાં છે. તેના આધારે મૂર્તિઓના આકાર પ્રમાણે સ્થાનિક કલાકાર પાસે જે સંપૂર્ણ મોટાં ચિત્રો કરાવ્યાં છે, તે જોતાં આજની વસ્ત્રસજાવટ ઝાંખી પડે છે.

મ્યૂઝિયમમાં મુઘલ અને રાજપૂત યુગનાં અસલ ચિત્રોનો પણ સારો સંગ્રહ જોયો. હિંદનું કલાશિક્ષણ અને સૌંદર્યભાવના પ્રકટાવવાને આટઆટલો વિપુલ ભંડાર તૈયાર હોવા છતાં તેનો પ્રયોગ કેમ નથી થઈ શક્યો તે જ વિમાસણ મને થઇ.

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે ૬

પરિષદની પૂર્ણાહુતિ • વિદ્યાધામ હાઈડલબર્ગ

કદર ઉચ્ચારવાની પરદેશીઓની વૃત્તિ મને હમેશાં આકર્ષક લાગી છે. એમાં આપણે ઉપચાર જોઈ શકીએ, તોપણ. તે જ સાંજે શહેરના પ્રસિદ્ધ થીએટરમાં 'ઇલેક્ટ્રા'નો ઓપેરા (સંગીત નાટક) ભજવાએલો: પરિષદના માનમાં. મારી જોડે એક અંગ્રેજ લેખિકા બેઠાં હતાં, ફિલિપ્પા બરેલ નામનાં. મને જોયો કે હસ્યાં. કહે: 'તમારું ભાષણ પૂરું સાંભળવા ન મળ્યું એનું દુ:ખ રહી ગયું.' મેં આભારવચનો કહ્યાં. પછી એમણે પૂછ્યું: 'ઇંગ્લંડ આવવાના છો કે નહિ?' મેં હા પાડી.

'તો મારી સાથે વીક એન્ડ જરૂર ગાળજો. હું તમને કન્ટ્રીસાઈડમાં મારે ઘેર બોલાવીશ. તમારી બધી સગવડ જળવાશે.'

હું હસ્યો: 'એ ખાતરી તો તમને જોતાં જ થઈ જાય છે.'

'ને અમારા દેશની કન્ટ્રીસાઈડ ખૂબ જ સુંદર છે.'

'છે જ. બનશે તો જરૂર આવીશ.' મેં કહ્યું. એમણે પોતાનું સરનામું અને ટેલિફોન નંબર આપ્યાં.

એવાં જ એક બીજાં બહેન પણ હતાં. એ પણ અંગ્રેજ. સ્ટેલ્લા મીડ નામનાં. વૃદ્ધ હતાં. બસમાં અમે ડાર્મ્સ્ટાડ જતાં હતાં ત્યારે મારી આગલી સીટ પર બેઠેલાં. એમની જોડે બેઠેલા લેખક જોડે હું વાત કરતો હતો ત્યારે ઓચિંતાં મારી તરફ ફર્યાં, મીઠું હસ્યાં ને પૂછ્યું: 'તમે ઇંગ્લંડમાં કઈ યુનિવર્સિટીમાં અભ્યાસ કરેલો, મિ. બ્રોકર?'

હું હસી પડ્યો. મેં એમને સમજાવ્યું કે બાળપણથી અમે અંગ્રેજીની છત્રછાયા નીચે ઊછરેલા, એટલે અંગ્રેજી બોલવું ફાવે. એમણે પણ લંડનમાં એમને મળવા કહ્યું. એમને ભારતમાં પુષ્કળ રસ હતો.

એ લોકોની કદર ઉચ્ચારવાની આ વૃત્તિનાં સુભગ દર્શન તો 'ઈલેક્ટ્રા'નો ઓપેરા પૂરો થયો ત્યારે થયાં. બે-અઢી કલાક સુધી પ્રેક્ષકોને ઓપેરાએ સંગીતમસ્ત બનાવી દીધા હતા. અભિનય પણ ઉત્તમ પ્રકારનો હતો. જર્મનીની અત્યંત વિખ્યાત બૅલેરિના તેમાં ઈલેક્ટ્રાનો પાઠ ભજવતી હતી. મારા જેવા સંગીતમાં ન સમજનાર માણસને ય એ ઇલેક્ટ્રા ને ઓરેસ્ટિસ ને ઍગેમૅમ્નૉનની ચિરપરિચિત કથાએ આકર્ષી રાખ્યો હતો. સંગીત નહોતો સમજતો, એટલે જ્યારે એમાં રસ નહોતો લઈ શકતો ત્યારે ચારે બાજુ જોતો હતો. એમાં ડૂબી ગએલા લોકોના ચહેરા ઉપર શી દીપ્તિ હતી! વિશાળ એવું એ થીએટર ખીચોખીચ ભર્યું હતું. દબદબો, સગવડ અને ધ્વનિપ્રસારક શક્તિમાં તો કહેવાનું હોય જ શું? સહુ અત્યંત શાંતિથી શ્રવણ કરી રહ્યાં હતાં. માત્ર અભિનેતાઓના અવાજ સિવાય બીજો કશો અવાજ કાને જ ન પડે.

પણ એ શાંતિ તો નાટક પૂરું ન થાય ત્યાં સુધી જ. જેવું નાટક પૂરું થયાનું સૂચવતો પડદો પડ્યો કે આ પક્ષના શાંતિના સાગરમાં જાણે ઓચિંતાનું અવાજોનું મોજું ઊછળી આવ્યું. આખું પ્રેક્ષકગૃહ તાળીઓના જબરદસ્ત ગડગડાટથી ભરાઈ રહ્યું. પડદો ઊઘડ્યો, અભિનેત્રી આગળ આવી. મુખ ઉપર પ્રસન્નતાનું, કૃતજ્ઞતાનું સ્મિત ફેલાવી તેણે પ્રશંસા વેરી રહેલા પ્રેક્ષકોને નમન કર્યું. પ્રેક્ષકો ઊભા થઈ ગયા. પેલી પાછી વળી કે ફરીથી તાળીઓનો ગડગડાટ ચાલુ થઈ ગયો! નાયિકા આ વેળા નાયકને લઈને આવી. બંને એકબીજાને નમ્યાં, પછી પ્રેક્ષકો તરફ ફરી અમને નમી રહ્યાં. ફરી પાછી તાળીઓ ગગડી ઊઠી.

પાંચસાત મિનિટ સુધી આ અદ્ભુત દૃશ્ય ચાલ્યું. નાટકનો પડદો પડે કે તરત ઉતાવળા ઉતાવળા બહાર નીકળવાની મથામણ કરતા મારા જેવા માણસો માટે આ દૃશ્ય પાવક હતું તેટલું જ પ્રેરક હતું. સમૂહે પોતાના ભાવનો ઉમળકો આવી સરસ રીતે વ્યક્ત કરવો જ જોઇએ.

રસ્તે શ્રી ચાઉ અને એની મંડળી સાથે થઈ ગઈ. એ તો લગભગ ભેટી પડ્યા: 'આજે બે લાભ મળ્યા મને.' એમણે કહ્યું. 'શા?'

'એક આ અદ્ભુત ઓપેરા જોવા મળ્યો એ. ને એક—'જરા અટકીને: 'તમારો સાચો પરિચય મળ્યો એ — આજે બપોરે.'

એ બપોરનું નામ પડતાં મનમાં વિષાદ વ્યાપી ગયો. મેં પેલી ઈવાને પેલી રેસ્ટોરાંમાં મળવાનું વચન આપ્યું હતું. ભોજન પણ તેની સાથે જ લેવાનું હતું બપોરનું. એટલે કૉન્ફરન્સનું કામ પૂરું થતાં તરત જ હું એ રેસ્ટોરાં તરફ દોડી ગયો હતો. પણ આપણામાં કહ્યું છે તેમ અજાણ્યા અને આંધળા સરખા. બધા રસ્તા એકસરખા લાગે. એક જેવી જ બીજી ગલીમાં ઘૂસી ગયો હોઈશ. એટલે કલાક સુધી એ રેસ્ટોરાં મને મળી નહિ. ને મળી ત્યારે ઈવાનો બપોરની વિશ્રાંતિનો સમય પૂરો થઈ ગયો હશે. એ ન મળી. આવીને ચાલી ગઈ હશે, બિચારી; ને હિંદીઓ અને તેમના સમયપાલન વિષે ગમે તેવા ખયાલો બાંધી ગઈ હશે, તેના મનમાં. મને તો એના આવા પ્રેરક સાથ અને સંવાદનું આકર્ષણ જતું કરવું પડ્યું એનો જ અફસોસ રહી ગયો.

પણ આ તો પરદેશનો પ્રવાસ. જેવાં આકસ્મિક મિલન થાય તેવાં જ એ સમેટાઈ પણ જાય. એવો અફસોસ કર્યે શો ફાયદો?

કૉન્ફરન્સનો ચર્ચાવિભાગ હવે પૂરો થયો હતો. એક બે ઔપચારિક કાર્યક્રમ બાકી રહ્યા હતા. એક તો બીજે દિવસે બપોરે અગિયાર વાગ્યે પાંચ નામાંકિત લેખકોને ગેટે મૅડલ અર્પણ કરવાનો કાર્યક્રમ હતો. એ પાંચમાંના એક ડૉ. રાધાકૃષ્ણન હતા, એટલે ત્યાં જવાનું હતું. પણ એ તો છેક અગિયાર વાગ્યે. ત્યાં સુધીના બધા જ કલાક મારા હતા.

તેનો ઉપયોગ કરવાનો નિશ્ચય કર્યો. પગના ભ્રમણ દ્વારા જેટલું શહેર જુઓ એટલું એ તમારું બની જાય, બાકીનું બધું તો અસ્પષ્ટ રહે. એટલે જેટલું બને એટલું આ ફ્રૅન્કફર્ટને મારું બનાવવા હું વહેલી સવારે તૈયાર થઇને બહાર નીકળી પડ્યો...

સમય થવા આવ્યો એટલે ફ્રૅન્કફર્ટના હિસ્ટૉરિકલ મ્યૂઝિયમ પર પહોંચ્યો, ત્યાં પેલા ગેટે મૅડલના અર્પણની તૈયારી થઈ ગઈ હતી. મૅડલના વિજેતા પાંચ હતા: જુદાજુદા દેશના. બધા જ બોલ્યા; પણ ઉત્તમ બોલ્યા ડૉ. રાધાકૃષ્ણન. હૃદયે ફરી એક વાર અનોખું ગૌરવ અનુભવ્યું. આનંદ પણ. આ કાર્યક્રમ પૂરો થયા પછી આજે, જર્મની આવ્યા પછી કદાચ પહેલી જ વાર, મને બહુ સારું ખાવાનું મળવાનું હતું. જર્મની ખાતેના આપણા એલચી શ્રી તૈયબજીએ ડૉ. રાધાકૃષ્ણનના માનમાં લંચ ગોઠવ્યું હતું. હિંદી પ્રતિનિધિઓ તરીકે અમારે તેમાં જવાનું હતું. હંસાબહેનનાં પુત્રી અંજનીબહેન અને ત્યાંના આપણા રાજદૂતાવાસમાં કામ કરતાં બહેન સ્ટેલા વિશ્વાસે ખાસ શ્રમ લઇને શાકાહારી ખોરાક તૈયાર કર્યો હતો. ને અંજનીબહેન તો ગુજરાતી હતાં. એટલે—

સમારંભ પૂરો થતાં ઉતાવળો ઉતાવળો હું પેલા ખાણા માટે જઈ રહ્યો હતો, ત્યાં માદામ ઓલિવીઅરની પુત્રી મળી ગઈ. હસીને કહે: 'મિ. બ્રોકર, તમે મારી માને શું કરી દીધું છે?' 'કેમ?'

'રાતના મોડે સુધી એ તમારી વાર્તા વાંચતી હતી, ને હું બોલાવું તો જવાબ પણ આપતી નહોતી.' કહીને એ હસી, હું યે હસ્યો. ફરી



નેકર નદીને કાંઠે જર્મનીનું વિખ્યાત વિદ્યાધામ હાઈડલબર્ગ. છેક ઈ. ૧૩૮૬માં અહીંની વિદ્યાપીઠની સ્થાપના થઈ હતી. અહીંનો પ્રાચીન કિલ્લો જર્મન સ્થાપત્યનો એક ઉમદા નમૂનો ગણાય છે. સદ્‌ભાગ્યે વિશ્વયુદ્ધમાં આ નગરને બહુ નુકસાન નથી થયું.

પાછી આ પશ્ચિમના લોકોની સારું લગાડવાની આવડતનાં સુભગ દર્શન.

લંચ સરસ હતું. હસમુખી વાતોચીતોના ફુવારા ઊડતા હતા. મારી બાજુમાં પ્રિન્સ ઑવ હેસે બેઠા હતા. જુવાન અને તૈયાર માણસ. રીતભાત અને વિનયવિવેકમાં તો કોઈને પણ હરાવી દે એવા. એમણે મંડળીને કહ્યું: 'હું હિંદુસ્તાનમાં હતો ત્યારે કલકત્તામાં એક ટૅક્સીમાં બેઠેલો. ડ્રાઇવર બડો વાતોડિયો. વાતચીતમાંથી એણે જાણી લીધું કે હું જર્મન છું. એટલે જ્યારે હું એની ટૅક્સીમાંથી ઊતર્યો ત્યારે એણે મને પૂછ્યું: 'તમે મૅક્સમ્યુલરને ઓળખો છો ખરા!' બધાં એટલું બધું હસ્યાં કે એ પછી એ શું બોલ્યા એ કશું સંભળાયું નહિ.

આવી સરસ વાત થઈ એટલે મારાથી રહેવાયું નહિ. મેં કહ્યું: 'એ બાપડો ટૅક્સીવાળો ભોળો હતો.' એમણે પૂછ્યું: 'કેમ?' મેં કહ્યું: 'તેણે તો તમને મૅક્સમ્યુલરથી જુદા માનેલા. પણ બે દિવસ પહેલાં અહીં...'

ને મેં પેલા જુવાને મને 'તમે કાફકા છો?' એવો અત્યંત નિર્દોષતાભર્યો પ્રશ્ન કર્યો હતો તે વાત કરી! ફરી પાછાં બધાં ખડખડાટ હસી પડ્યાં. સૌથી વિશેષ હસ્યા પ્રિન્સ ઑવ હેસે.

બીજે દિવસે વિદાય-સમારંભ ગોઠવાયો હતો હાઇડલબર્ગમાં. રસ્તો એકધારો સરસ હતો. વળી હાઇડલબર્ગ સાથે તો આપણા હિંદીઓના મનમાં એક જાતનું રોમાન્સ જોડાએલું છે, એટલે એ પ્રવાસ સવિશેષ સરસ લાગતો હતો. પૌરસ્ત્ય વિષયોના અભ્યાસનું એ જૂનું મથક છે. નગરી પણ પુરાણી છે. યુનિવર્સિટી-ટાઉન. નદીને કિનારે. મિનારા ને દેવળોના ઘુમ્મટો કાવ્યમય ચિત્ર ઊભું કરે. એના કિલ્લામાં સમારંભ. ભોજનનો તો ખરો જ; પણ વિદાયનો હતો, એટલે ભાષણો પણ ખરાં જ. દીકરીને વળાવતી વેળાની જેમ આવા સમારોહોમાં પણ વિદાયવેળા આર્દ્ર બની જતી હોય છે. ભૂલચૂક માફ કરવાની વિનતિઓ કરાઈ. આનંદ આવ્યાનો એકરાર થયો. વાતાવરણ આખુંયે મૈત્રીના સૂરમાં વહેવા લાગ્યું. એમાં હંસાબહેને પણ સુંદર સૂર પુરાવ્યો. મહેમાનો તરફથી એમણે પણ આભાર માનવાનો હતો. જર્મન પ્રજાનાં વખાણ તો તેમણે કર્યાં જ, પણ આ હાઈડલબર્ગ યુનિવર્સિટીમાં એમના કાકા ભણેલા હતા ત્યારની વાત તેમણે એવી સરસ રીતે કરી કે એ પળે જાણે ભારત અને જર્મની જોડાઈ ગયાં!

બપોરે પાછાં ફરવા માટે બસમાં ગોઠવાતાં હતાં એ પહેલાંનું દૃશ્ય હૃદયસ્પર્શી હતું. બધાં એકબીજાની વિદાય લેતાં હતાં. આ સાત-આઠ દિવસોમાં કેટલી બધી મૈત્રીઓ થઈ ગઈ હતી! તેમાંના મોટા ભાગનાને તો ફરી કદી જોવા પણ મળવાનું નહિ. આંખો ભીની થતી જતી હતી. મિલાવાતા હાથોમાં અણધારી ઉષ્મા પુરાઈ જતી હતી. અહીં કોઈ જાપાનીઝ કોઈ અમેરિકનની બાથમાં લપાઈ જતો હતો, તો ત્યાં એક કોરિયન મહિલા એક અંગ્રેજ મહિલા જોડે પ્રેમભર્યા આશ્લેષમાં ભીની આંખે વીંટળાઈ ગએલી હતી. સૌથી વિશેષ આકર્ષક તો ફ્રેન્ચ ને જર્મન લેખકો એકબીજાની વિદાય લેતા હતા તે લાગ્યું. પ્રેમના એ પુનિત દૃશ્યને જોનાર માની જ કેમ શકે—કે આ પ્રજાઓ હજી પંદર વર્ષ પર તો એકબીજા સામે ભયંકરમાં ભયંકર શસ્ત્રાસ્ત્રો વડે લડી રહી હતી;—કે ફ્રેન્ચો કહેતા કે જર્મનો માનવહત્યારા જ માત્ર નથી, બાળહત્યારા છે, દયાહીન રાક્ષસો છે;—કે જર્મનો કહેતા કે...

પણ એ બધું યાદ કરવાથી યે શો ફાયદો? આજે તો આ બધા જ — જર્મનો, ફ્રેન્ચો, અંગ્રેજો, ઇટાલિયનો, અમેરિકનો, જાપાનીઓ એકબીજા જોડે માત્ર પ્રેમના સંબંધે જ જોડાઈ જતા હતા.

એ એમ જ જોડાએલા રહે તો તો દુનિયાનું ભાવિ ફરી ન જાય? પણ, આમાંના કોઈને અંગતરીતે કશું યે લાગેવળગે તેમ ન હોય તેવાં કારણોસર, ફરી પાછું જો એમના દેશો વચ્ચે આપસઆપસમાં યુદ્ધ ફાટી નીકળે, તો ફરી પાછા ફ્રેન્ચો કહેવાના કે જર્મનો...ને જર્મનો કહેવાના કે અંગ્રેજો...ને અંગ્રેજો કહેવાના કે ઇટાલિયનો... એ વિષચક્ર માનવજાત ચાલ્યા કરશે ત્યાં સુધી ચાલ્યા જ કરવાનું શું?

એક બાજુ વિદાયના, ને બીજી બાજુ આ વિચારોના ભારથી પ્રેરાએલા વિષાદના ભાવને હૃદયમાં ભરીને પાછી ફરતી બસમાં હું બેઠો.

પણ એ વિષાદનો બધો યે ભાર મારા મન પરથી જાણે ઉતારી નાખવો હોય તેમ રાત્રે મારા મુકામે પહોંચી ગયા પછી ધોધમાર વરસાદ પડ્યો. બારીમાંથી દેખાતી સૃષ્ટિનું આખું સ્વરૂપ ફરી ગયું. હવામાં ઠંડકની માત્રા વધી ગઈ. પણ બંધબારણે બેઠેલા મને તે કશી અસર ન કરી શકી. મને તો તેણે માત્ર કોઈ માદક સુખસ્પર્શ જ કરાવ્યો. એવો જ સુખસ્પર્શ તે જ દિવસે ઘેરથી આવી પડેલા પત્રોએ કરાવ્યો.

એ અનુભવની માદક મીઠાશ સવારે ઊઠચો ત્યારે પણ કાયમ રહી હતી. તૈયાર થઈને મેઈન નદીને કિનારે ચાલ્યો ગયો.

પાછો ફર્યો ત્યારે બધું કામ પૂરું થઈ ગયું હતું એટલે મિત્રો બધાં ચાલી ગયાં હતાં. મારે છેક રાત્રે સાડા આઠ વાગ્યે હૅમબુર્ગ જતા પ્લેઈનમાં ઊડવાનું હતું, એટલે આખી બપોર મારે માટે ફાજલ હતી. આ સુસંસ્કૃત શહેરને છેલ્લી ખંડણી ચૂકવી દેવી જોઇએ. ચાલ્યો. ક્યાં તેનો વિચાર ખાસ કર્યો નહોતો, છતાં પગ ક્યાં દોરી જતા હતા?

સખે, બીજે તો ક્યાં, પ્રિય હૃદયની પાસ...

ગેટેના, પેલા બગીચાના મધ્યભાગમાં ગોઠવેલા પૂતળા પાસે પહોંચી ગયો. મહામના એ તો એવા ને એવા ઊભા હતા—અલિપ્ત અને ગૌરવભર્યો. માનવોની વંદના તેને પહોંચતી હતી, તેમના રાગદ્વેષો નહિ. એ વંદના તેને કરી. તેને અને તેના સાથીદાર, બાજુમાં જ, એવા જ ગૌરવભર્યા અને અલિપ્ત બનીને ઊભા રહેલા શિલરને પણ.

પણ ગેટેને કે શિલરને અર્ઘ્ય આપ્યો એથી આખા ફ્રૅન્કફર્ટને અર્ઘ્ય અપાઈ જતો નહોતો. એથી તો ત્યાંથી સીધો નદીકિનારે ગયો. જઈને એક બાંકડા ઉપર બેસી ગયો. વહી જતાં જળને જોતો રહ્યો. આ તો વહેતાં જ રહેશે, વહેતાં જ રહેશે. ચાહે તેટલા હિટલરો આવી જાય, કે ચાહે તેટલી ક્રાંતિઓ થઈ જાય, તો યે આ જળ તો વહેતાં જ રહેવાનાં. ને મનુષ્યોને એ ધન-ધાન્ય અર્પવાનાં, કાવ્ય બક્ષવાનાં, આહ્લાદની અનુપમ ભેટ ધરવાનાં. વહેતાં જળ જેવું વહેતું જીવન- (અનુ. પૃ. ૩૬૨)

ગુનાશોધન-૨૯
લેખક • પુષ્કરભાઈ ગોકાણી

નકલી લખાણ અને બનાવટ

હિંદુ વારસા-ધારા પ્રમાણે મરનારની મિલકતના વિધવા, પુત્ર ને પુત્રી વગેરેમાં સરખા ભાગ પડે છે; પણ જો મરનારે વિલ કર્યું હોય તો તેની ઇચ્છા મુજબ જ વહેંચણી થઈ શકે. વિલ જો રજિસ્ટર કરેલું ન હોય તો ઘણી વાર બનાવટી વિલ રજૂ કરવામાં આવે છે, યા તેમાં કુશળતાથી અનુકૂળ સુધારાવધારા કરી નખાય છે. આવા ગુના પકડવા માટે ગુનાશોધનમાં એક અલગ વિભાગ છે. ચેકમાં રકમ બદલી નાખવી, બનાવટી ચેક ઊભા કરવા, કોઈના નામે ચેકમાં સહી કરવી, ખોટા દસ્તાવેજ કરી કરારો અને મિલકતોના વેચાણ વગેરેની શરતો સાથે ચેડાં કરવાં, બનાવટી ચલણી નોટો છાપવી, બ્લૅક મેઇલિંગ માટે બનાવટી પત્રવ્યવહાર ઊભો કરવો, બનાવટી ઑર્ડરો આપવા, આંતરરાષ્ટ્રીય સ્તર પર બનાવટી કરારો ને દસ્તાવેજો ઊભા કરવા, બનાવટી પહોંચો, ચોપડા, પાસપોર્ટ, ઓળખ-પત્ર ને હુકમો તૈયાર કરવાં, લૉટરી, રેઈસ, સિનેમા, ક્રિકેટ આદિની નકલી ટિકિટો છાપવી ને વેચવી, નકલી ફોટો ઊભા કરવા, કસ્ટમના નકલી કાગળો વગેરે રજૂ કરવા, — આ બધા ગુનાઓની તપાસ આ વિભાગમાં આવી જાય છે. આજે દરેક ક્ષેત્રમાં ગુનેગારો બનાવટ અને નકલ કરી રહ્યા છે. તેને ઓળખવાનું અને ગુનેગારને પકડી પાડવાનું એક શાસ્ત્ર છે. પણ ઘણુંખરું આવો ગુનો પકડાયા વિના રહેતો નથી. આમાં બનાવટી સહી કરવાના ગુના ખૂબ જ બને છે.

જેમ કોઈની મુખાકૃતિ કે કોઈનાં આંગળાંની છાપ એકસરખી હોતી નથી, તેમ કોઈના હસ્તાક્ષરો એકસરખા થતા નથી. કોઈ પણ બે માણસ-ની લખવાની ઢબ, રીત, લઢણ એકસરખી હોતી નથી. હ્રસ્વ ઇ, દીર્ઘ ઈ, વિરામચિહ્નો લખવાની દરેકની રીત આગવી હોય છે. એક જ ટાઈપ-રાઈટર ઉપર જુદાજુદા માણસોએ છાપેલું લખાણ પણ એકસરખું હોતું નથી. એવી જ રીતે એક જ કંપનીનાં અલગ અલગ ટાઇપરાઈટર ઉપર એક જ માણસે છાપેલું લખાણ પણ એકસરખું મળતું આવતું નથી. આવાં નકલી અને બનાવટી લખાણો શોધવા માટે એક જ ગુરુચાવી છે: 'કશી બે વસ્તુ એક જ સરખી બની શકતી નથી.'


સૂક્ષ્મદર્શક યંત્ર, બહિર્ગોળ કાચ, ફોટોગ્રાફીનાં સાધનો, પારજાંબલી (અલ્ટ્રા વાયૉલેટ) અને અધોરક્ત (ઈન્ફ્રા રેડ) કિરણો, તથા દર્પણ અને રાસાયણિક પદાર્થો દ્વારા આવા ગુનાઓ શોધી શકાય છે.

આવાં લખાણોમાં નીચેની બાબતો ઉપર લક્ષ અપાય છે: (૧) ભૌતિક અને રાસાયણિક કસોટી દ્વારા બારીક અભ્યાસ કરી ઓળખ કરવા માટે-(અ) લખવાનાં સાધનો, કાગળ, લેખિની, શાહી, પેન્સિલ, ટાઈપરાઈટર વગેરે; (બ) ચેકી નાખેલી, ભૂંસી નાખેલી, સુધારેલી, વધારેલી વિગતો; (ક) લખાણની રીત, લઢણ, ઢબ; (ડ) લખાણ થયા-નો સમય અને (ઇ) અન્ય કોઈ વિશિષ્ટ ચિહ્ન વગેરેની તપાસ થાય છે.

(૨) લખાણ કરનાર અને બનાવટ કરનારની ઓળખ.

સામાન્ય રીતે બૅંકમાં કામ કરનારાઓ, વેપારીઓ વગેરે સહી-ઓ, બનાવટી ચેકો અને બનાવટી નોટો ઓળખવામાં પાવરધા હોય છે. વળી, લખીવાંચી શકનાર દરેક જણ ઓછાવત્તા અંશે હસ્તાક્ષરોનો ફેરફાર પકડી શકે છે. રોજ જે અક્ષરો જોવા આંખ ટેવાએલી હોય છે તેમાં સહેજ ફેરફાર થાય તો તે પરખાઈ આવે છે. પણ જ્યારે કુશળતા-પૂર્વક નકલ કરવામાં આવી હોય ત્યારે તો નિષ્ણાતોની જરૂર પડે છે.

બૅંકમાં બૉલપેનથી કરેલી સહી ચાલતી નથી, કારણ કે તે બહુ સહેલાઈથી દૂર કરી શકાય છે. પણ ઠગ લોકો તો પાકી શાહી ઉપર ભીની ખાંડ ભભરાવી કીડીઓ પાસે શાહીનું લખાણ (સહી સિવાયનું) સાવ દૂર કરાવી શકતા. તેથી ચેકના કાગળ ઉપર ખીચોખીચ ઝીણા અક્ષરોમાં બૅંકના નામની પ્લેટ, સહેલાઈથી ધોવાઈ જાય તેવી આછી શાહીથી છાપવામાં આવે છે. આથી હવે તે બનાવટ થતી અટકી ગઇ છે; પણ બનાવટી સહીથી ઠગાઈ કરવાનું પ્રમાણ ઘણું વધી ગયું છે.



ફેરફાર કરેલા લખાણવાળા પાસપોર્ટનો એક ભાગ. એમાં અસલમાં લખાએલી વિગતો દૂર કરી નવેસરથી લખાણ કરેલું છે. ગુનાશોધનખાતાએ તે અસલ લખાણને ફરી ઉપસાવ્યું છે તે કેટલું સ્પષ્ટ થઇ શકે છે તે આ ફોટો પરથી જણાશે.

સામાન્ય ભૌતિક તપાસમાં નીચેની બાબતો ખાસ તપાસાય છે: લખાણમાં (૧) કંઈ સુધારો કે વધારો થયો છે? (૨) સહી થઈ ગયા પછી કંઈ ઉમેરો થયો છે? (૩) તે કોઈ બીજી શાહી કે પેન વાપરીને કરેલો છે? (૪) જુદી બનાવટનો બીજો જ કાગળ દસ્તાવેજમાં જોડી દેવામાં આવ્યો છે કે કેમ? (૫) શાહી કે કાગળ દસ્તાવેજ લખાયો તે તારીખ પહેલાંનાં છે કે નહિ? (૬) લખાણમાં છેકછાક કરવામાં આવી છે? અને (૭) છેકછાક હોય તો તે કઈ રીતે કરેલી છે?

એકધારા લખાણમાં તો સુધારોવધારો તુરત દેખાઈ આવે છે. લખાણમાં સહી થયા પછી ફેરફાર થયો હોય અને ત્યાં ટૂંકી સહી ન કરી હોય તો તે ફેરફાર શંકાસ્પદ ગણાય છે. સુધારાવધારામાં શાહી અને પેનને કારણે પણ તફાવત દેખાઈ આવે છે. શાહીનું લખાણ દિવસો જતાં રંગ બદલતું જાય છે, તેથી એક જ શાહી અને એક જ પેનથી, પાછળથી કરેલું લખાણ નિષ્ણાતો શોધી શકે છે. દસ્તાવેજ ત્રણચાર કાગળ જેટલો લાંબો હોય ત્યારે એમાંના એકાદ કાગળમાંનું લખાણ બદલીને ઘુસાડી દેવાયાની શંકાવાળા કિસ્સામાં કાગળની બનાવટ બહુ જ ચીવટથી તપાસાય છે. ક્યારેક દસ્તાવેજની તારીખ પછીથી બનેલા કાગળ પર નવું લખાણ થયું હોય છે, અને તેથી એ પકડાઈ જાય છે.

લખાણમાં ચેકચાક થઈ હોય તો સપાટી ઉપર થોડો પણ ઘસારો લાગે જ છે. પેન્સિલના લખાણને સારા રબ્બરથી છેક્યું હોય તો યે ઓછો પણ ઘસારો તો લાગે જ છે. છાપેલી શાહીને બ્લેડથી ઘસીને કે શાહીના યા ટાઈપના રબ્બરથી ભૂંસવામાં આવે છે. ગમે તે રીતે ભૂંસેલા લખાણથી કાગળ ઉપર ઘસારો લાગે જ છે. કાગળને સામાન્ય પ્રકાશમાં ધરીને જોવાથી કે તેની સપાટીને સમાંતર પ્રકાશ ગોઠવી તેની ધાર તરફથી જોવાથી, આવો ઘસારો દેખાઈ આવે છે.

રાસાયણિક રીતે દૂર કરેલું લખાણ પારખવામાં પારજાંબલી અને અધોરક્ત પ્રકાશનો ઉપયોગ થાય છે.

આવા કોઈ પુરાવા ન મળે ત્યારે હસ્તાક્ષરોની તપાસ થાય છે. જેણે અસલ લખાણ લખ્યું તે માણસનાં બીજાં લખાણો સાથે એની સરખામણી કરાય છે. પોતાની મેળે લખાતાં લખાણોની ભાષા આગવી હોય છે. એમાં પૂર્ણવિરામ, અલ્પવિરામ વગેરે અમુક રીતે જ વપરાયાં હોય છે. અમુક અક્ષર કે કાના-માત્ર અમુક રીતે જ લખાતા હોય છે. અમુક અક્ષરો છૂટા, અમુક જોડાએલા, અમુક ત્રાંસા ઢળતા, ભાર દઈને કે હળવે હાથે લખાએલા, એમ અનેક રીતે પ્રત્યેક વ્યક્તિનું લખાણ બીજાના લખાણથી જુદું પડે જ છે. વળી, લખાણ વેળાની લખનારની મનઃસ્થિતિની છાપ પણ લખાણમાં ઊતરે છે. ગુનાહિત માનસ સ્વસ્થ મને લખાએલા અક્ષરો પેઠે એકધારા અક્ષરો પાડી નથી શકતું. અસલ લખાણ અને શંકાસ્પદ લખાણના ફોટો પાડી તેના ખૂબ જ મોટા એન્લાર્જ કરીને જોતાં તેવા ફેરફાર સ્પષ્ટ જોઈ શકાય છે, દાર્શનિક પુરાવો ઊભો કરી શકાય છે. લખાણમાં વપરાએલી કલમના લસરકા અને તેની પહોળાઈ ઉપરથી પણ ઘણી વખત બનાવટ પકડાઈ જાય છે.

વળી, માણસ પોતે વિચારીને જે લખાણ લખે અને કોઈના લખાવ્યાથી લખે તે બન્ને લખાણ એક જ વ્યક્તિએ લખ્યા છતાં તેમાં તફાવત પડે છે. નિષ્ણાતો આ વાત લક્ષ્યમાં રાખીને જ પછી લખાણને તપાસે છે. તમારી પોતાની જ બે સહી પણ તદ્દન એકસરખી હોતી નથી, પણ છતાં બનાવટી સહીથી તે તુરત જુદી પાડી શકાય છે.

લખાણની તપાસમાં લખનારની ઉમર, તેની તંદુરસ્તી અને માનસિક સ્થિતિ પણ લક્ષમાં લેવાય છે. એક કિસ્સામાં સાત વર્ષ અગાઉ કરેલા વિલ બાબત તકરાર ઊઠી હતી. બનાવટ કરનારે બહુ કુશળતાથી હસ્તાક્ષરોની નકલ કરી હતી. પણ અસલ વિલ કરનાર છેલ્લાં સાડા સાત વર્ષથી પક્ષઘાતથી પીડાતો હતો અને તેથી એ લખી શકે તેમ નહોતો, એ વાત સાત વર્ષ પછી બનાવટ કરનાર ભૂલી ગયો હતો! ડૉક્ટરી સર્ટિફિકેટ ઉપર તે વિલની બનાવટ સાબિત કરાઈ હતી.

ઘણી વાર લખનાર ઊઠી શકે તેમ નહોય ને તેણે સૂતા રહીને સહી કરી હોય તો તે સહી જરૂર જુદી પડે છે, પણ છતાં નિષ્ણાતો તે સમજી શકે છે. લકવાથી ધ્રુજતા હાથે થએલી સહી ઉપર તકરાર ઉઠાવવામાં આવે છે, પણ નિષ્ણાત તેમાં પણ બનાવટને પકડી શકે છે.

જ્યારે લખાણ અંગે શંકા જાગે ત્યારે એ શંકાસ્પદ લખાણથી જેને જેને લાભ મળતો હોય તેમના સૌના હસ્તાક્ષરો પણ તપાસાય છે. એ માટે ક્યારેક એવી વ્યક્તિ પાસે થોડું લખાણ લખાવવામાં પણ આવે છે. પણ આ રીતે લીધેલું લખાણ સરખાવતી વખતે નિષ્ણાતે લખનારની માનસિક સ્થિતિનું ધ્યાન રાખવું જરૂરી છે. ભયને કારણે નિર્દોષ પણ પોતાનું લખાણ સ્વાભાવિકતાથી લખી શકતો નથી. વળી આ રીતે લખાવતાં ગુનેગાર સાવધ બની જાય છે.

લખાણ અંગેની તપાસમાં લખવાનાં સાધનોની તપાસ પણ એટલી જ જરૂરી છે. લખવા માટે, ઇન્ડીપેન, હોલ્ડર, ટીકુપેન, બૉલપેન, પેન્સિલ અને કોઈક વાર રંગીન પેન્સિલો વપરાય છે. બૉલપેન સિવાય દરેકમાં ભાર દઈને લખવામાં આવતાં તુરત ફેરફાર જણાઈ આવે છે. પેન્સિલ અને સામાન્ય પેન ભાર દેવાતા ઘાટા અક્ષરો પાડે છે. હોલ્ડર વગેરેની ટાંક ફાટી જવાથી કોઈ વાર બેવડા અક્ષરો મળે છે. બૉલપેનથી સામાન્ય રીતે જે દિશામાં લખાણ થતું હોય તેની બીજી દિશામાં બૉલની બાજુમાં શાહી ભરાય છે; એટલે લખાણની દિશા બદલાય કે લખતાંલખતાં વચ્ચે પેન મૂકી દીધી હોય તો ફરી લખતી વખતે પેન હાથમાં ફરી જવાથી શરૂઆતમાં લખાણ ઘાટું અને કોઈ વાર ડાઘો પાડનારું બને છે. ફાઉન્ટન પેનમાં શાહી નિયમિત ભરાતી ન હોય કે વારંવાર તેને ખુલ્લી મૂકી દેવાતી હોય તો તેના લખાણમાં શાહીનો એકધારો પ્રવાહ દેખાતો નથી અને એથી લખાણ શંકાસ્પદ લાગે છે. હોલ્ડરથી જે લખાણ થાય છે તે અક્ષરો એકસરખી જાડાઈના હોતા નથી, કારણ કે હૉલ્ડરને વારંવાર શાહીમાં બોળવું પડે છે. પરિણામે ટાંકમાં શાહી ઓછીવત્તી થવાથી અક્ષરોમાં ફેર પડે છે.

પેન્સિલમાં વપરાતું લેડ, ગ્રેફાઈટ અને માટીનું બનેલું હોય છે. કોપીઈંગ પેન્સિલમાં ઍનેલીન રંગ વાપરવામાં આવે છે, જેને કારણે લખાણમાં જાંબુડી ઝાંય પડે છે. માટીનું પ્રમાણ વધારે તેમ પેન્સિલનું લેડ કડક બને છે. રંગીન પેન્સિલોમાં રંગીન માટી મીણ અને ગુંદર વપરાય છે. રંગીન કે કોપીઈંગ પેન્સિલનું લખાણ ભૂસવું સરળ નથી, પણ સાદી પેન્સિલનાં લખાણો ઓળખવાં મુશ્કેલ હોઈ દસ્તાવેજો માટે પેન્સિલનો વપરાશ કાયદેસર ગણાતો નથી. પણ પેન્સિલથી લખેલું વિલ જો સાચું હોય તો કાયદેસર ગણાય છે.

કાગળ તો આજના જમાનામાં ભાષા જેવું જ વ્યવહારનું માધ્યમ બની રહ્યો છે અને એની અનેકવિધ જાતો મળે છે. વનસ્પતી, વાંસ, લાકડું, સુતરાઉ ડૂચા, અમુક પ્રકારનું ઘાસ અને અમુક રસાયણોમાંથી, અને હવે તો પ્લાસ્ટિકમાંથી પણ કાગળ બનવા લાગ્યા છે. કાગળમાં કરવામાં આવેલાં એમ્બૉસિંગ, વૉટરમાર્ક, કૅલૅન્ડરિંગ વગેરે કાગળની ખાસિયત અને જાત પારખવામાં ઉપયોગી છે. ગુનાશોધક માટે કાગળની જાડાઈ, રંગ, વજન, વૉટરમાર્ક, તેના રેસાની ગોઠવણી, સુંવાળપ વગેરેની સમજ જરૂરી છે. વૉટરમાર્ક વિનાના સાદા કાગળને પણ અજવાળા સમક્ષ ધરીને જોતાં તેમાં કાગળના આખા ભાગ ઉપર તેના માવાની એક પ્રકારની ભાત ઊભી થએલી લાગશે, એટલે તે પણ વૉટરમાર્ક જેવી જ ગરજ સારે છે. કાગળને વાળવામાં આવે છે ત્યારે તેના રેસાઓમાં જે થોડો ભૌતિક ફરક પડે છે તે પણ ગુનાશોધકે જાણવો જરૂરી છે.

અનુસંધાન] **નવા ગગનની નીચે** [પૃ. ૩૬૦થી

ફળદ્રુપ અને કાવ્યમય—આપણું કદી યે થાય ખરું? થાય, જો આપણે હોઇએ કોઈ બુદ્ધ કે મહાવીર, ઈસુ કે ગાંધી, પણ વહ દિન કહાં કે…'

મિયાંના પાંઉમાં જૂતી કઠતી હતી. જવાનું મોડું થતું હતું. એ વહેતાં જળ સામે પણ બે હાથ જોડી દીધા, ને હોટેલ પર પહોંચી ગયો.

મારા ઓરડાની ચાવી માગી, ત્યાં જ કાઉન્ટર પરનો માણસ બોલી ઊઠ્યો: 'ઓહ મિ. બ્રોકર!' મેં સાશ્ચર્ય પૂછ્યું: 'કેમ?'

'હજી તમે અહીં જ છો?'

'આ હમણાં જ જાઉં છું ને? કેમ?'

'હું તો સમંજ્યો કે તમે ચાલી ગયા છો.'

'તમારા પૈસા ચૂકવ્યા વગર તે જવાય, ભલા માણસ?'

'આઈ એમ સો સૉરી.' તે બોલ્યો. 'પણ થયું શું?' મેં પૂછ્યું.

'તમારે માટે ટેલિફોન આવ્યો હતો.' 'કોનો હતો?'

'કોને ખબર? મેં તો કહ્યું કે તમે ચાલ્યા ગયા.'

'કંઈ નહિ, પણ કોણ હતું એ જણાયું?'

'કોઈ સ્ત્રીનો અવાજ હતો. તમે ચાલ્યા ગયા એમ જાણ્યું એટલે જરા નિરાશ થએલી લાગી.' હું હસ્યો: 'મારા ચાલ્યા જવાથી નિરાશ થાય એવી કોઈ સ્ત્રી આ દેશમાં જન્મી નથી.' પછી મનમાં થયું: 'પેલી ઈવા તો નહિ હોય? એક વાર જો એને મળાયું હોત…'

પણ એમ 'આ થયું હોત, ને તે થયું હોત' એમ કહેવાનું રહી ન જાય તો તો આ જિંદગીને માનવ જિંદગી કેમ કહેવાય?

તેને તેનું બિલ ચૂકવી દીધું, મારો સામાન લઈ લીધો, ને બાજુમાં જ આવેલા એર ટર્મિનલ પર પહોંચી ગયો. (ચાલુ)



મધુકરી

આપ પૂછો છો મને 'હું કોણ છું?'
મેં જ શૂળીની કરી'તી સાધના, ક્રૉસની મારી હતી આરાધના,
મેં હળાહળ પણ પીધું છે વિશ્વનું, પ્રાણપણથી હું ખપી જનાર છું.
જોરતલબી, અંધશ્રદ્ધા, વેદના, જૂઠ, હિંસા, વાસના, ધિક્કાર પર—
આજ પણ છે એટલી નફરત મને, આજ પણ હું એજ ટંકણખાર છું.
ભાગ્યના ઘડનારને પૂછી જુઓ, કેટલાં હથિયાર છે તૂટી ગયાં!
ના ઘડાયું ભાગ્ય એનાથી કઠણ, હું જ મારા ભાગ્યનો ઘડનાર છું.

—જમિયત પંડ્યા

વેદનો પ્રાથમિક પરિચય

આર્યકુળનું પ્રાચીનમાં પ્રાચીન વાઙ્મય તે વેદ. આર્યકુલ કહ્યું એટલે ભારતનું આર્યકુલ. ઉપરાંત ઇરાનનું અને યુરોપનું એ બે આર્યકુલોનાં પોતાનાં પ્રાચીન વાઙ્મયો છે. એમના કરતાં યે ભારતીય આર્યકુલનો વેદ પ્રાચીન. ભારતના સર્વ વાઙ્મય-સાહિત્યમાં પણ વેદ પ્રાચીનતમ.

વેદનો અર્થ થાય જ્ઞાન, વિદ્=જાણવું ઉપરથી. એ અર્થમાં ભારતનો પ્રાચીનતમ જ્ઞાનરાશિ એ વેદ. આપણી પરંપરા પ્રમાણે મૂળમાં વેદ એક; પણ યજ્ઞમાં હોતા, અધ્વર્યુ, ઉદ્ગાતા અને બ્રહ્મા, એવા ચાર ઋત્વિજો મહત્ત્વનો ભાગ લેતા, તેમને માટે વેદની ચાર જુદીજુદી સંહિતાઓ કરવામાં આવી. તે ચાર સંહિતાઓ ચાર વેદ રૂપે કહેવાઈ: ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. આ ચાર વેદમાં કાલક્રમની દૃષ્ટિએ, વિષયની મૌલિકતાની દૃષ્ટિએ અને ઐતિહાસિક ઉપયોગિતાની દૃષ્ટિએ ઋગ્વેદનું મહત્ત્વ સૌથી વધારે છે.

ઋગ્વેદમાં મુખ્યત્વે દેવતાઓની ઋચાઓ—સ્તુતિઓ છે. એને મંત્ર પણ કહે છે. ઋચાઓનાં સૂક્ત બને છે. ઋગ્વેદમાં આવાં સૂક્તોની સંખ્યા ૧૦૧૭ છે. તેને દશ ભાગમાં વિભક્ત કર્યાં છે, જેને 'મણ્ડલ' કહે છે. આ દશ મણ્ડલો ઋષિઓએ દૃષ્ટ કરેલાં (રચેલાં) છે. આપણા પ્રાચીન વિદ્વાનોને મતે વેદ અનાદિ છે. પરંતુ આધુનિક ઐતિહાસિકો મંત્રરચનાનો યુગ ઈ. સ. પૂર્વે ૧૫૦૦ (આજથી સાડાત્રણ હજાર) વર્ષ પૂર્વે મૂકે છે.

આ મંત્ર-સંહિતાઓ સાથે બીજાં બે સાહિત્યો મૂકવામાં આવે છે: બ્રાહ્મણ ગ્રંથો અને એમાં વળી આરણ્યકો ને ઉપનિષદો. આમ પ્રત્યેક વેદસંહિતામાં મંત્રભાગ અને બ્રાહ્મણ-આરણ્યક તથા બ્રાહ્મણ-ઉપનિષદ ભાગ હોય છે.

ઋગ્વેદ પ્રાર્થનાગ્રંથ છે. એમાં વિવિધ દેવતાઓની સ્તુતિઓ આવે છે. દેવતાઓમાં અગ્નિ, ઈન્દ્ર અને વરુણ છે. આને આપણે વૈદિક ત્રિમૂર્તિ કહી શકીએ. અગ્નિને ગૃહસ્થાશ્રમનો દેવ કહીએ, ઈન્દ્ર શક્તિનો દેવ શચીપતિ છે, તો વરુણ ઋત-સત્ય-ધર્મનો પાલક દેવ છે.


દેવતાઓની સ્તુતિઓમાં તે તે દેવતાનાં સ્વરૂપોનાં વર્ણન કર્યાં છે, અને તેમની પાસે જીવનને આવશ્યક વસ્તુઓની યાચના કરેલી છે. તેમાં ગોધન ને ધાન્ય ઉપરાંત 'વીર પુત્રો'ની યાચના મહત્ત્વની છે. આવી યાચનાઓ ઉપરાંત અપરાધોની ક્ષમા, કરુણાની યાચના, પ્રત્યક્ષ દર્શન થવાની ભાવના આ સૂક્તોમાં છે.

નાસદીય જેવા સૂક્તમાં વિશ્વનું મૂળ તત્ત્વ શું છે (સત્ કે અસત્) એનો તાર્કિક ઊહાપોહ છે, તો પુરુષસૂક્તમાં આ પરમ સત્ ચૈતન્યમય પુરુષ છે એનું દર્શન કરે છે: 'જે હજાર હાથવાળો, હજાર નેત્રોવાળો, હજાર પગવાળો પુરુષ ભૂમિને બધી બાજુએથી વીંટીને રહ્યો છે, છતાં એ બધાથી દશ આંગળ વધે છે.'

सहस्रबाहुः पुरुषः सहस्राक्षः सहस्रपात् ।
स भूमिं विश्वतो वृत्वाऽत्यतिष्ठद् दशांगुलम् ॥

—રસિકલાલ છો. પરીખ

તારાપરિચય-૨૧



આકાશગંગાના પટ પર વિહરતા 'હંસ' (cygnus)ને તો આપણે જાણીએ છીએ. એની પૂછડીને સ્થાને આવેલા 'હંસપુચ્છ' (deneb) તારાને ગાંધીજીની સ્મૃતિમાં 'મહાત્મા' નામ આપવાના પ્રસ્તાવની વાત પણ યાદ હશે. એ હંસના અગ્નિકોણે પાંચ તારાનું એક મંડળ છે. વૃષપર્વા (cepheus) એનું નામ. એનો એક તારો પાંચેક હજાર વર્ષ પહેલાં આપણો ધ્રુવતારો ગણાતો હતો. એમાંના પશ્ચિમ તરફના તારા આગામી ૨૫૦૦ થી ૫૦૦૦ વર્ષ દરમિયાન ધ્રુવતારા બનશે. વૃષપર્વામાં એક રૂપવિકારી (cepheid) તારો છે. આ પ્રકારના તારાઓના આધારે અતિ દૂરનાં તારાજગતો અને તારક જૂથોનાં અંતર અંદાજી શકાય છે.

વૃષપર્વાની બાજુમાં અંગ્રેજી મૂળાક્ષર M કે Wના આકારે ગોઠવાએલા તારાઓનું એક મંડળ છે. વૃષપર્વાની પુત્રીના નામ પરથી એ 'શર્મિષ્ઠા' (Cassiopeia) તરીકે ઓળખાય છે. 'શર્મિષ્ઠા' બરાબર 'સપ્તર્ષિ'ની સામે હોવાથી આકાશમાં જ્યારે એ દેખાય ત્યારે 'સપ્તર્ષિ'ના તારા જોઈ શકાતા નથી અને એ જ રીતે જ્યારે 'સપ્તર્ષિ' દેખાતા હોય ત્યારે 'શર્મિષ્ઠા'ના તારા દેખાતા નથી. નકશામાં દર્શાવેલા સ્થાને 'શર્મિષ્ઠા'માં ઈ. ૧૫૭૨ના નવેમ્બરમાં ડૅનિશ ખગોળશાસ્ત્રી ટાઈકો બ્રાહેએ એક સ્ફોટક તારો (Novae) જોયાની નોંધ છે. આકાશપટમાં એકાએક નજરે ચડેલો એ તારો ઉત્તરોત્તર વધુ ને વધુ તેજસ્વી થતો જઈ 'શુક્ર'ના જેટલો ને પછી તો ધોળે દિ' પણ જોઈ શકાય એટલો પ્રકાશમાન બનેલો. ત્યાર બાદ ધીરેધીરે એનું તેજ ઘટતું જઈ બે-એક વર્ષમાં તે અદૃશ્ય થઈ ગયો. વિસ્ફોટ પામી ખલાસ થઈ ગએલા એ તારાના સ્થાનેથી હજી પણ રેડિયોસંકેતો ઝીલી શકાય છે.


મણિલાલ નાણાવટી


અંબાલાલ સારાભાઈ


જુગલકિશોર બિડલા


કવિ ઑડેન


સત્યજીત રાય


આલ્ફ્રેડ ક્રપ

વિવિધ વ્યક્તિવિશેષ

સર મણિલાલ બાલાભાઈ નાણાવટી

સમર્થ વહીવટકર્તા, કુશળ અર્થશાસ્ત્રી, નિષ્ણાત બૅંકર અને કૃષિશાસ્ત્રી એવા ગુજરાતના એક સપૂત સર મણિલાલ નાણાવટીના ગઈ ૧૩મી ઑગસ્ટે થએલા નિધનથી ગુજરાત જ નહિ, સમસ્ત ભારત રંક બન્યું.

ઈ. ૧૮૭૭ના જાન્યુઆરીની ૧૨મીએ અમદાવાદમાં બાલાભાઈ નાણાવટીના પ્રથમ પુત્ર તરીકે જન્મેલા શ્રી મણિલાલે પ્રાથમિક શિક્ષણ અમદાવાદમાં ને માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણ વડોદરા અને મુંબાઈમાં લઈ ૧૯૦૪માં બી એ. એલએલ.બી. થયા બાદ વડોદરા રાજ્યના ન્યાયખાતાથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. વડોદરાના મહારાજાની પ્રેરણાથી અમેરિકા જઈ ત્યાંની વિસ્કન્સિન ને કોલંબિયા યુનિવર્સિટીના એમ એ. થઈ આવેલા એમણે વડોદરા રાજ્યના સહકારી, ઉદ્યોગ, આંકડા આદિ અનેક ખાતાંઓના અધિકારી તરીકે, મહારાજાના સેક્રેટરી ને ચીફ ઑફિસર તરીકે, જુદાજુદા જિલ્લાઓના સૂબા, રાજ્યના ઍકાઉન્ટન્ટ જનરલ, બૅંકિંગ ઇન્કવાયરી કમિટીના પ્રમુખ તથા રેવન્યુ કમિશનર, ડેવેલપમેન્ટ મિનિસ્ટર આદિ તરીકે કામ કરી ગ્રામવિકાસ, પંચાયત અને સહકારી પ્રવૃત્તિના વિકાસની દિશામાં રાજ્ય અને પ્રજાની અપૂર્વ સેવા કરેલી, જે માટે પ્રથમ 'રાજ્યરત્ન'નો અને પછી રાજ્યનો સૌથી મોટો ખિતાબ 'અરુણાદિત્ય' આપીને એમની કદર કરાએલી. ઓખાને બંદર તરીકે વિકસાવવાની યોજના એમણે જ ઘડેલી. એમની પ્રતિભાથી આકર્ષાઈ બ્રિટિશ સરકારે એમને વડોદરા રાજ્ય પાસેથી માગી લઈને રીઝર્વ બૅંકના ડેપ્યુટી ગવર્નર બનાવ્યા. એ પદ પરની એમની કુશળ કામગીરીને સરકારે 'નાઈટહૂડ' બક્ષીને અને પાંચ વર્ષ પછી ત્યાંથી છૂટા થયા ત્યારે ૮૦ તોલા સોનાની પ્લેટ આપીને નવાજી હતી. એ પછી ઇન્ડિયન સોસાએટી ઑવ ઍગ્રિકલ્ચરલ ઈકૉનૉમિક્સના પ્રમુખ તરીકે નિમણૂક થઈ. ત્યાંની એમની ૧૮ વર્ષની કારકિર્દી દરમિયાન કૃષિવિષયક અર્થશાસ્ત્રનાં ૩૨ પ્રકાશનો થયાં છે. શ્રી જે. જે. અંજારિયા સાથે એમણે લખેલું The Indian Rural Problem નામનું પુસ્તક ભારતની યુનિવર્સિટીઓમાં અનુસ્નાતક અભ્યાસક્રમમાં પાઠ્યપુસ્તક તરીકે સ્વીકારાયું છે. કૃષિક્ષેત્રના એમના આવા અભૂતપૂર્વ કાર્ય બદલ સરદાર વલ્લભભાઈ યુનિવર્સિટીએ એમને ડૉક્ટરેટની પદવી આપેલી. એમની નિવૃત્તિ પછી એમણે એક ટ્રસ્ટ સ્થાપી એ દ્વારા વિવિધ સામાજિક ક્ષેત્રે લાખો રૂપિયાની સખાવતો કરી છે. સતત કાર્યમગ્ન, અસાધારણ સંશોધનનિમગ્ન અને અધ્યયનશીલ સર મણિલાલના જીવનમાં કર્મયોગ સાથે બુદ્ધિમત્તા, શ્રમપરાયણતા અને સેવાનિષ્ઠાનો અપૂર્વ સમન્વય થએલો.

ભૂતકાળ વિષે સંતોષ અનુભવતું, વર્તમાન વિષે પ્રસન્નતા દાખવતું અને ભવિષ્ય વિષે શ્રદ્ધા ધરાવતું એમનું જીવન હતું. ઈ. ૧૯૩૦થી તેઓ યોગ અને આધ્યાત્મિક ઉપાસના તરફ વળ્યા હતા, જે તંતુ જીવનના અંત સુધી જોડાએલો રહ્યો હતો.

સ્વ. અંબાલાલ સારાભાઈ

માત્ર અમદાવાદમાં જ નહિ, પણ બૃહદ્ ગુજરાત અને ભારતમાં અગ્રણી ઉદ્યોગપતિ, ઉત્તમ નાગરિક, પ્રગતિશીલ વિચારક અને દેશપ્રેમી સદ્‌ગૃહસ્થ તરીકે લબ્ધપ્રતિષ્ઠ શ્રી અંબાલાલ સારાભાઈનું ૭૮ની વયે અવસાન થતાં ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રે ભારે ખોટ અનુભવી છે. મૅટ્રિક પાસ થઈ ગુજરાત કૉલેજમાં ઉચ્ચ શિક્ષણ મેળવતાં એ તેજસ્વી કિશોરે બુદ્ધિનો એટલો વિકાસ કરેલો કે ૧૮ની વયે પિતા ગુમાવતાં કાકા શ્રી ચિમનલાલ નગીનદાસે કૅલિકો મિલમાં લેતાંવેંત એમણે એ ક્ષેત્રમાં કાબેલિયત મેળવી લીધી. જૈન ધર્મના કર્મકાંડમાંથી મુક્ત થઈ પોતાનાં કુટુંબીજનોને લગ્નવ્યવહારમાં સંપૂર્ણ છૂટ આપનાર આ સ્વતંત્ર વિચારકે લોકનિંદાની કદી પરવા કરી નથી. પોતાનાં બાળકોને યોગ્ય શિક્ષણ આપવા પોતાના ઘરની જ શાળા ચલાવવાનો અભિનવ પ્રયોગ કરનાર આ શિક્ષણપ્રેમીએ કરેલી ઉદાર સખાવતો (જેમાં ગાંધીજીને આશ્રમના પ્રારંભકાળની કટોકટી વેળા કરેલું મોટી રકમનું ગોપિત દાન પણ) પ્રસિદ્ધ છે. વિશાળ વાચને એમને જેમ ઉદ્યોગમાં નવાનવા પ્રયોગો કરવા પ્રેર્યા એમ અંગત જીવનમાં શિસ્ત, સંયમ ને બુદ્ધિમત્તા તરફ દોર્યા. એમના જીવનવ્યવહારમાં, બાળકોના શિક્ષણમાં, ને લોકહિતનાં જાહેર કાર્યોમાં એમનાં પત્ની સરલાબહેને એમને અવિરત સહાય કરેલી. ઉત્તમ નાગરિક, સ્વતંત્ર વિચારક, બુદ્ધિમાન ને અગ્રણી ઉદ્યોગપતિ તથા સંસ્કારપ્રેમી સજ્જન અંબાલાલભાઈના અવસાનથી અમદાવાદે તો ભારે ખોટ અનુભવી છે.

સ્વ. જુગલકિશોર બિડલા

બિડલા ભાઈઓમાં જ્યેષ્ઠ શ્રી જુગલકિશોર બિડલાનું ગયા જૂનની ૨૩મીએ, ૮૫ની વયે અવસાન થતાં ભારતે એક દાનવીર અને ચરમ કોટિનો ઉદ્યોગપતિ ગુમાવ્યો છે. કુટુંબીઓમાં અને મિત્રોમાં તેઓ 'બાઈજી'ના લાડીલા નામે ઓળખાતા. આર્ય સંસ્કાર અને ધર્મમાં અપૂર્વ શ્રદ્ધાવાન, સાદા, સરળ, નમ્ર ને નિરાડંબરી જુગલકિશોરે, અઢાર વર્ષની વયે કલકત્તા જઈ ઉદ્યોગમાં ઝંપલાવેલું, અને એ ચપળ, બુદ્ધિશાળી ને ઉત્સાહી તરુણે ચીન, જાપાન આદિ એશિયાઈ દેશો સાથે વ્યાપારી સંબંધો બાંધી અઢળક સંપત્તિ પ્રાપ્ત કરી.

પણ એમણે ઉદ્યોગપતિ તરીકે મેળવેલી નામના કરતાં (રૂઢિચુસ્ત હિન્દુ હોવા છતાં) ગાંધીજીના આગમન પહેલાં અસ્પૃશ્યતાનિવારણ માટેના પ્રારંભક તરીકે અને બિડલા જનકલ્યાણ ટ્રસ્ટના સ્થાપક તરીકે મેળવેલી નામના વધુ ચિરંજીવી રહેશે. દિલ્હી, કાશી, મથુરા, મુંબાઈ, પિલાની, ભોપાળ, બ્રજરાજનગર આદિ શહેરોમાં એમણે બંધાવેલાં કૃષ્ણ, શિવ ને બુદ્ધનાં મંદિરો અને હિન્દુ મહાસભાના આંદોલન માટે પંડિત મદનમોહન માલવિયજીને એમણે કરેલી સહાય એમની હિન્દુ ધર્મ પ્રત્યેની શ્રદ્ધાનાં દ્યોતક છે. ઈ. ૧૯૨૯માં અવસાન પામેલી પત્નીના સ્મરણાર્થે કલકત્તામાં ગૃહવિજ્ઞાન કૉલેજની સ્થાપના કરનાર, માર-

વાદી રિલીફ સોસાયેટીના સ્થાપક, ને ગુરુદેવ ટાગોરને જાપાનના પ્રવાસમાં સહાય કરનાર ભાઈજીની હિન્દુ ધર્મની વ્યાખ્યા અત્યંત વ્યાપક ને વિશાળ હતી. હિન્દુ ધર્મની પુનઃસ્થાપનાને પોતાનું જીવન-કાર્ય માનતા આ ધર્મપ્રેમીએ આર્ય સંસ્કારના પુનઃપ્રસારણ માટે અનેક પ્રકાશનો કરાવેલાં. જુગલકિશોર બિડલાના અવસાનથી ભારતે એક પરમ દાનવીર ને બિડલા કુટુંબે એક સાત્ત્વિક સ્ફૂર્તિ ગુમાવી છે.

ડબ્લ્યુ. એચ. ઑડેન

અમેરિકન વાઙ્મયમાં સમગ્ર સાહિત્યિક અર્પણને ધ્યાનમાં લઈ દર વર્ષે અપાતું, રાષ્ટ્રીય સુવર્ણચંદ્રક અને પાંચ હજાર ડૉલરનું પારિતોષિક આ વર્ષે નૅશનલ બુક કમિટીએ કવિ વાયસ્ટૅન હ્યુ ઑડેનને આપવાનું જાહેર કર્યું છે. ઈ. ૧૯૦૭ની ૨૧મી ફેબ્રુઆરીએ એમનો ઈંગ્લૅંડમાં જન્મ થએલો, પણ ૧૯૪૬થી તે અમેરિકાના નાગરિક બન્યા છે. ત્રીસીના કવિઓમાં અગ્રણી એવા એલિયટ પછી, સમગ્ર યુરોપિયન કવિતામાં દૃષ્ટિપલટો આણનાર ને પરમ આશાવાદી કવિ ઑડેનનો પ્રથમ કાવ્યસંગ્રહ ૧૯૩૦માં પ્રકટ થએલો. યુદ્ધના પરિવેશમાં ઊછરેલા ઑડેન સામાજિક અને રાજકીય પરિબળોથી સભાન હોઈ નૂતન સમાજનો અધિકાર ને માનવમૂલ્યોની પુનઃપ્રતિષ્ઠા ઝંખતા હતા. માર્ક્સ પાસેથી નૂતન સમાજનો ને ફ્રૉઈડ પાસેથી માનવીના અભ્યંતરને સમજવાનો સંદેશ લઈ એમણે આભિજાત્ય, નર્મ ને પ્રેમ વડે વર્તમાન જીવન અને સમયને અજવાળ્યાં છે. ધાર્મિક ને નૈતિક પ્રકાશથી અંકિત એમનું સર્જન વાગ્વૈભવ, દર્શન અને બૌદ્ધિક તેજથી દીપ્તિમાન છે. ઑડેનમાં એલિયટ જેટલો સૌંદર્યવિચાર ભલે ન હોય, પણ પ્રયોગવિસ્તાર ઘણો છે. એમની કવિતાનો બંધ શિથિલ નથી બન્યો. સ્વભાવે આત્મલક્ષી એમની કવિતામાં પત્રકારત્વના અંશો હોવાનો આક્ષેપ પણ થયો છે, પરંતુ ભાષાની તમામ શક્યતાઓ કામે લગાડી, રૂઢ ઢાંચાની કવિતાને મુક્તિ અપાવનાર એમની કૃતિઓ પોતાની પવિત્રતા ગુમાવતી નથી. સ્પૅનિશ આંતરવિગ્રહમાં ઍમ્બ્યુલન્સ હાંકનાર તરીકે એમણે ભાગ લીધેલો, તેથી સામ્યવાદી બન્યાનો આરોપ પામનાર ઑડેને પોતાની જાતને 'લાલ ઉદારમતવાદી' તરીકે ઓળખાવીને, વિકાસશીલ સંવેદનાવાળા કવિજીવ તરીકે, રાજકારણમાં પડવા છતાં, એને કવિતા કરતાં કદી આગળ આવવા દીધું નહોતું.

સત્યજીત રાય

બંગાળી સાહિત્યમાંથી ઘટનાઓ લઈને ભારતની સાચી તસવીર ઉઠાવતાં ચલચિત્રો નિર્માણ કરવા બદલ કૅઈન્સ, બર્લિન, વેનિસ આદિ સ્થળે આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવોમાં ઉપરાઉપર ઉચ્ચ પારિતોષિકો પ્રાપ્ત કરનાર, ભારતીય સિનેમાના 'કવિ', ૪૫ની વયના સત્યજીત રાયને આ વર્ષે રૅમૉન મૅગ્સેસે પારિતોષિક અપાયું છે. ઈ. ૧૯૫૭માં હવાઈ અકસ્માતમાં માર્યા ગએલા ફિલિપાઈન્સ પ્રજાસત્તાકના ત્રીજા પ્રમુખ રૅમૉન મૅગ્સેસેની સ્મૃતિમાં પ્રતિ વર્ષ અપાતા આ ઍવૉર્ડમાં ૧૦ હજાર ડૉલર, સુવર્ણચંદ્રક તેમજ માનપત્રનો સમાવેશ થાય છે. ભારતીય ફિલ્મ-ઉદ્યોગની એ ગૌરવાંકિત ઘટના છે.

પ્રથમ સર્જન 'પથેર પાંચાલી'થી જ ફિલ્મક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામનાર સત્યજીત રાયે છેલ્લાં ૧૫ વર્ષોમાં અપરાજિત, જલસા-ઘર, પારસ પતર, અપુર સંસાર, દેવી, તીન કન્યા, રવીન્દ્રનાથ ટાગોર, પોસ્ટ માસ્તર, કાંચનજંઘા, અભિયાન, કાપુરુષ-મહાપુરુષ, મહાનગર, ચારુલતા, નાયક, ચિડિયાખાના આદિ અનેક કલાત્મક અને 'ઉત્તમ બનવા મથતા સાધારણ માનવીનો જીવનસંઘર્ષ રજૂ કરતાં' કલાત્મક ચલચિત્રો સર્જ્યાં છે. ૧૯૨૨ના મેની ૨જીએ એમનો જન્મ. કલકત્તા યુનિવર્સિટીના ગ્રૅજ્યુએટ થઈ, શાંતિનિકેતનમાં ત્રણ વર્ષ ચિત્રકલાનો અભ્યાસ કરી કારકિર્દીનો આરંભ કર્યો; અને એ સમય દરમિયાન જ ફિલ્મકલા પરનાં પુસ્તકો વાંચતાં શૉખને ખાતર [illegible] લખેલા. ત્યારથી ફિલ્મસર્જન એમનો એક છંદ બની રહ્યો અને [illegible] પ્રેરાઈને ઈ. ૧૯૫૦માં 'કલકત્તા સોસાએટી'ની સ્થાપના કરી એમણે ચલચિત્રનું નિર્માણકાર્ય શરૂ કર્યું. સૌપ્રથમ 'પથેર પાંચાલી' અને પછી 'અપૂર સંસાર' માટે અનુક્રમે ૧૯૫૫ અને ૧૯૫૯માં [illegible] રાષ્ટ્રપ્રમુખના સુવર્ણચંદ્રકો મળ્યા. એમણે [illegible]રેલાં લગભગ બધાં ચિત્રો વિખ્યાત થએલાં છે. ઈ. સ. ૧૯૫૮[illegible] 'પદ્મશ્રી' ને ૧૯૬૫માં 'પદ્મભૂષણ'ના ખિતાબથી એ વિભૂષિત થયા[illegible]


આલ્ફ્રેડ ક્રપ

ઈ. ૧૮૧૧માં સ્થપાએલી ને યુદ્ધનાં શસ્ત્રો પૂરાં [illegible] એસ્સેન (પશ્ચિમ જર્મની)ની કોલસા અને પોલાદનું ઉત્પાદન કરતી વિશાળ ઔદ્યોગિક સંસ્થાના સ્થાપક ક્રપના પાંચમા વંશજ આલ્ફ્રેડનું ગઈ ૩૦મી જુલાઈએ, ૫૯ની વયે હૃદયરોગના હુમલાથી અવસાન થતાં, વિશ્વમાંથી એક મહાન ઉદ્યોગપતિની વિદાય સાથે એક જ વંશની માલિકીની દુનિયાની સૌથી જંગી ઔદ્યોગિક પેઢીનો પણ કદાચ અંત આવે છે. વિશ્વની સૌથી ધનવાન વ્યક્તિઓમાંના એક, સ્વભાવે શરમાળ, ને પ્રસિદ્ધિ તથા ઝાકઝમાળથી દૂર રહેતા આલ્ફ્રેડ ક્રપની એ પેઢીએ ગયાં બે વિશ્વયુદ્ધો દરમિયાન જગતને તોબા પોકરાવનાર જર્મનીને શસ્ત્રો પૂરાં પાડ્યાં હતાં. એથી બીજા મહાયુદ્ધ પછી અમેરિકન અદાલતે ૧૯૪૮માં એમને ૧૨ વર્ષની કેદ ફરમાવેલી, પણ ત્રણ વર્ષ બાદ મુક્ત કરી એમની જપ્ત થએલી મિલકત પરત કરવામાં આવેલી.

ઈ. ૧૯૦૭ના ઑગસ્ટની ૧૩મીએ એસ્સેનમાં જન્મેલા આલ્ફ્રેડ ક્રપે ૧૯૩૫માં મ્યુનિખ, બર્લિન ને આર્મનની ટેકનિકલ યુનિવર્સિટીઓમાં એન્જિનીઅરિંગના ડીપ્લોમા મેળવી, વિચિત્ર ને ઉગ્ર મિજાજના પોતાના પિતાના હાથ નીચે ઉદ્યોગમાં પ્રવેશ કર્યો હતો. જેલમુક્તિ બાદ એણે પોતાના ખંડિયેર કારખાનાનું નવસર્જન કરીને યુદ્ધશસ્ત્રો બનાવવાનું બંધ કરી, પોતાના ઉદ્યોગ-સામ્રાજ્યમાં રેલવેનાં એન્જિનો, ડિઝલ લૉકૉમૉટિવ, ટ્રકો, પુલ આદિ ૩૦,૦૦૦ ચીજોનું ઉત્પાદન કરતી ૩૦ કંપનીઓનો સમાવેશ કર્યો હતો. કહેવાય છે કે લોખંડની એક પણ એવી ચીજ નથી કે જે ૧,૦૨,૪૦૦ માણસોને રોજી આપતા આ વિશાળ ઉદ્યોગ સામ્રાજ્યમાં ન બનતી હોય. એ કંપની તરફથી ભારતમાં સ્થપાએલું રૂડકેલા ખાતેનું લોખંડનું કારખાનું સૌથી મોટું છે. ધંધામાં અત્યંત કાબેલ આલ્ફ્રેડનું જીવન અને મૃત્યુ બંને એકાકી ને કરુણ હતાં.

ભાગવતજીવનના પુરુષાર્થી

વાતચીતમાં સહેજે ઊંડાણ અને વ્યાપકતાનો અનુભવ કરાવે એવી વ્યક્તિઓ વિરલ હોય છે. સદ્‌ગત મણિલાલ પારેખ એવી એક વિરલ



સંસ્કારસમૃદ્ધ વ્યક્તિ હતા. વિશાળ એવું ચિત્તનું સંદર્ભ માળખું, પાયાની વસ્તુ પર જ નજર ઠેરવવાની ટેવ, વિશ્વનો સમગ્ર ધર્મવારસો અપનાવવાની ઝંખનાને એ બધા પાછળ ઋજુ, જાગ્રત પુરુષાર્થ ભરી ભાગવતી વૃત્તિ—આ બધાં લક્ષણો સદ્‌ગત મણિલાલ પારેખના જીવન ને એક અનોખું વ્યક્તિત્વ અર્પતાં હતાં.

યુવક તરીકે ધર્મમંથનો અનુભવતાં તેઓ બ્રાહ્મસમાજ તરફ આકર્ષાયા. બ્રાહ્મસમાજ એમને ઈસુ ખ્રિસ્ત તરફ લઈ ગયો. પણ એ કોમ તરીકે ફેલાતો લાગવાથી એ પણ તજ્યો. 'ભાઈ મણિલાલ પારેખ'ના નામે તેઓ ધર્મપ્રેમીઓમાં ઓળ-

ખાતા. ધર્મભાવના પ્રચારાર્થે તેઓએ દેશમાં અને અમેરિકા આદિમાં પર્યટન કર્યું તથા અનેક પુસ્તકો તેમ જ લેખો લખ્યા. તેમના લેખો અને ગ્રંથો દેશમાં જ નહીં પણ પરદેશોમાં પણ બહુ આદરથી વંચાતા.

ધર્મોની સંવાદિતા એમને પ્રિય હતી. પોતાના રહેઠાણનું નામ તેમણે 'હાર્મની હાઉસ' રાખ્યું હતું. છેલ્લો હું મળ્યો ત્યારે એમણે, શ્રી સ્વામીનારાયણ વિષે ભાવ પ્રગટ કરેલો. શ્રી સ્વામીનારાયણનું ધર્મપુરુષપણું, અધ્યાત્મપુરુષપણું, અવતારીપણું એમને રોમેરોમ સ્પર્શી ગયું હતું. ભાગવતજીવનના એ પુરુષાર્થી ૮૨ વરસની વયે, શ્રી સ્વામીનારાયણ લીલા કરી ગયા તે દિવસે જ, પ્રભુચરણોમાં જઈ ઠર્યા.

(સંસ્કૃતિ) —ઉમાશંકર જોશી

ફ્લાય-એશ

ગંજાવર કારખાનાઓમાં બળતા ખનિજ કોલસાની હજારો ટન રાખ–ફ્લાય ઍશ બિનઉપયોગી સમજીને ફેંકી દેવાય છે, એટલું જ નહિ એ ફેંકાવવા માટે પણ ખર્ચ કરવો પડે છે. અગાઉ રોમનો જ્વાળામુખી-માંથી નીકળેલી રાખમાંથી ઈંટો બનાવતા હતા. આજે હવે અમેરિકા પણ આ ફ્લાય ઍશને વિવિધ ઉપયોગોમાં પ્રયોજવાની દિશામાં જે સંશોધનો ને પ્રયોગો કરી રહ્યું છે તેમાં જણાયું છે કે ધોરી માર્ગો પર આસ્ફાલ્ટના એક પૂરક દ્રવ્ય તરીકે તે ઉપયોગી છે. ખેતીમાં એના ઉપ-યોગથી જમીન છિદ્રાળુ બની છોડવાઓનો બમણો વિકાસ થાય છે. એના યોગ્ય પ્રમાણના મિશ્રણવાળો કૉંક્રિટ બધુ મજબૂત બને છે ને તેમાં તિરાડો પડતી નથી. ફ્લાય ઍશ ભેળવેલી ઇંટોની ધાર વધુ ચોક્કસ બની શકે છે. પાણી શુદ્ધ કરવાના પ્લાન્ટમાં પણ એ ઉપયોગી જણાઈ છે.

તત્ક્ષણ ૨૦૪૮ શબ્દો

ઓહાયોમાં એક્રોન ખાતે ગૂડઈયર ઍરોસ્પેસ કૉર્પોરેશને તાજે-તરમાં બનાવેલું 'એસોસીએટ લિસ્ટ સર્ચર'નામનું માત્ર ૬×૪×૩ ફૂટનું ૧૬૦૦ રતલનું એક અદ્ભુત યંત્ર ફક્ત એક માઇક્રોસેકન્ડના સમયમાં ૨૦૪૮ શબ્દોની તારવણી કરી શકે છે. એક માઇક્રોસેકન્ડ એટલે એક સેકન્ડનો દસ લાખમો ભાગ. એક માઇક્રોસેકન્ડમાં ૩૨ હજાર બાબતો ચકાસી શકે એવું વધુ શક્તિશાળી એક બીજું યંત્ર પણ બની રહ્યું છે. ઘણી કામગીરીઓમાં માહિતી એટલી ઝડપથી બદલાતી હોય છે કે તે તમામને સંખ્યા કે આદ્યાક્ષરો પ્રમાણે ગોઠવવી અશક્ય બની રહે છે. આવાં યંત્રો એ કામ તત્ક્ષણ પતાવી દે છે. દસ્તાવેજોની ચકા-સણીમાં, બૅન્કો જેવા વ્યવસાયોમાં ને જાસૂસી કાર્યો તથા સૈન્યમાં લક્ષ્ય ઓળખવાના કામોમાં આવાં યંત્રોને પ્રયોજવાની જરૂર છે.

અંધજનોના હિતાર્થે ચક્ષુ ભેટ

ભારતની 'નૅશનલ આઈ બૅંક'ની છ લાખ આંખની જરૂરિયાત આપણે પૂરી કરી શકતા નથી. એ માટે 'ઈન્ટરનૅશનલ આઈ બૅંક' પાસે ભીખ માગવી પડે છે. તે આ દેશની કરોડોની વસ્તી માટે શરમ-જનક છે અવસાન પછી છ કલાક દરમિયાન ચક્ષુઓ આપી શકાય છે. અમદાવાદમાં સિવિલ હૉસ્પિટલમાં એ અંગે વ્યવસ્થા છે. સમ-યસર જાણ કરતાં ઘેર આવી તેઓ આંખ લઈ જાય છે.

અંક રહસ્ય

૩, ૫, ૭ એ ત્રણ પાસપાસેની વિષમ (એકી) સંખ્યાઓ છે. એમાં એવું રહસ્ય સમાએલું છે કે પહેલી અને બીજી સંખ્યાના વર્ગમાં એ જ બે સંખ્યાનો ગુણાકાર ઉમેરવાથી ત્રીજી સંખ્યાનો વર્ગ આવે છે. જેમ કે:

(૧) $૩^૨=૯;\ ૫^૨=૨૫;\ ૩\times૫=૧૫;\ ૭^૨=૪૯$

$\therefore\ ૩^૨+૫^૨+(૩\times૫)=૯+૨૫+૧૫=૪૯=૭^૨$

(૨) વળી એ ત્રણે સંખ્યાનો સરવાળો ક્રમિક સંખ્યાના સરવાળ બરાબર થાય છે. જેમકે $૩+૫+૭=૧૫=(૧+૨+૩+૪+૫)$. તદુપરાંત એ ત્રણે સંખ્યાનો ગુણાકાર પણ ક્રમિક સંખ્યાના સરવાળા બરાબર થાય છે. જેમ કે–

$૩\times૫\times૭=૧૦૫$ અને ૧૦૫ એ ૧ થી ૧૪ સુધીની તમામ ક્રમિક સંખ્યાના સરવાળા બરાબર થાય છે.

$૧+૨+૩+૪+૫+૬+૭+૮+૯+૧૦+૧૧+૧૨+૧૩+૧૪=૧૦૫$

(૩) વળી ૧ થી ૩ સુધીનો સરવાળો $૧+૨+૩=૬$

૧ થી ૫ સુધીનો સરવાળો $૧+૨+૩+૪+૫=૧૫$

૧ થી ૭ સુધીનો સરવાળો $૧+૨+૩+૪+૫+૬+૭=૨૮$

આ ત્રણે ક્રમિક સરવાળાનો સરવાળો ૩, ૫, ૭ એ ત્રણ પૈકી છેલ્લી સંખ્યા ૭ નો વર્ગ થાય છે. $૬+૧૫+૨૮=૪૯=૭^૨$. મતલબ કે $(૧+૨+૩)+(૧+૨+૩+૪+૫)+(૧+૨+૩+૪+૫+૬+૭)=૪૯=૭^૨$

(૪) વળી ચોથી ખાસ વિશિષ્ટતા એ છે કે $(૩\times૭-૫)$ એ $(૩\times૫-૭)$ થી બમણા છે, તેમજ $(૫\times૭-૩)$ એ $(૩\times૭-૫)$થી બમણા છે. એ નીચે મુજબ પણ બતાવી શકાય.

$$\left(\frac{૩\times૭-૫}{૩\times૫-૭}\right)=\left(\frac{૫\times૭-૩}{૩\times૭-૫}\right)=૨$$

—એમ. એન. ખત્રી

જર્મન પત્રમિત્રો

દરેક સરનામાને છેડે West Germany ઉમેરવું. 58. Veronika Bachmeier, 5401 Guls/Mosel, J. V. Eichendorffstr. 32, (F–15), stamps, reading, modern music correspondence. 59. Gudrun Brug, 855 Forchheim, John F. Kennedy-Ring 4b, (F–16), general interests. 60. Dorofhea Klostermann, 4752 Heeren–Werve, Unnaer Strape 7, (16), stamps, postcards, sports, pop music. 61. Gisela Hoffmann, 8453 Reisach 13½, P. Vilseck/opf. (F–17), stamps, view-cards, dancing, reading, history, swimming, studying strange countries, buildings, animals. 62. Editle Beer, 8591, Waldershof, August Mayerstrape. 36, (F–15), swimming, dancing, stamps, view-cards, reading, history. 63. Trmengard Sclueder, 8591, Triedenfels. Schlopberg 97½ (F–15), general interests. 64. Hiltraud Zolch, 8595, Wounderb, L. Waldsassen, (F–16), 'music viewcards, dancing. 65. Miss Gabriele Schmid, 6764 Kleinheubach, Hauptstrabe 34, (F–16), stamps, viewcards. 66. Liese Barth, 5208 Eitorp, Burgstr. 18–(?–18), sports, literature, art. 67. Doris Mr,etzhe 439 Gladbech, Postfach 442, (F–15), general interests. 78. Miss Gunda Aurnhammer 6703 Limburgerhof ipfalz, Weinbiet strabe 20. (F–17,) reading, geography, music, travelling. 69 Rainer Heb, 87 Warzburg, Postamt II, Postfa-339. (?–21), collecting butterflies, beetles and other insects.

અનુસંધાન] **સાહિત્યસંપર્ક** [પૃ. ૩૪૭થી

હાથી (૬) મોતની વાત (૭) સાધુ છોકરો (૮) મોતનો કૂવો (૯) રૂપની આગ (૧૦) આઠ વિરલા (૧૧) નવું સ્વપ્ન (૧૨) સાચું ધન (૧૩) સોનામહોર (૧૪) ના બને? (૧૫) પરી રાણી (૧૬) વીર બેટી (૧૭) અમીકૂપ (૧૮) જાદુગર (૧૯) નરવીર (૨૦) હું હું. દરેકના લે. જીવરામ જોશી; દરેકનાં પૃ. ૪૦; દરેકના છૂટક ૭૫ પૈસા, આખા સેટના રૂ. ૧૫.

હર્ક્યુલિસ ગ્રંથાવલિ: મહાભારતના ભીમ જેવો જોરાવર, પણ ભીમ જેમ હાસ્યરસનું પાત્ર નહિ એવો હર્ક્યુલિસ ગ્રીક પુરાણકથાઓનો અજોડ યોદ્ધો છે. એવા આત્મનિર્ભર સાહસિક શૂરવીરનાં પરાક્રમોની બાલભોગ્ય કથાઓની પુસ્તિકાઓ. (૧) પરાક્રમવીર હર્ક્યુલિસ, પૃ. ૮૯, રૂ. ૨; (૨) અજિત યોદ્ધો હર્ક્યુલિસ, પૃ. ૭૯, રૂ. ૧।।; (૩) હર્ક્યુલિસનાં બાર પરાક્રમો, પૃ. ૧૦૭, રૂ. ૨-૨૫; (૪) હર્ક્યુલિસનાં અદ્ભુત પરાક્રમો, પૃ. ૧૦૫, રૂ. ૨-૨૫; (૫) હર્ક્યુલિસ દેવલોકમાં, પૃ. ૧૧૨, રૂ. ૨-૫૦; (૬) હર્ક્યુલિસ મૃત્યુલોકમાં, પૃ. ૧૩૭, રૂ. ૨-૭૫. સેટના રૂ. ૧૩-૫૦. દરેકના લે. હરીશ નાયક.

ઇતિહાસ બોલે છે: ઐતિહાસિક પ્રસંગો પર આધારિત કિશોરભોગ્ય નાટકો; રૂપાંતર: પ્રાગજી ડોસા ને વનલતા મહેતા; પૃ. ૧૧૪, રૂ. ૨-૫૦.

હર્ક્યુલિસનાં પરાક્રમો: ગ્રીકોના આપણા ભીમ જેવા પૌરાણિક પાત્ર હર્ક્યુલિસનાં પરાક્રમોની કથા; કાચું પૂઠું, પૃ. ૧૬૪, રૂ. ૨.




ચિત્રવાર્તા ગ્રંથાવલિ: બાળકો માટે લખાએલી ચિત્રવાર્તાની પુસ્તિકાઓ; (૧) ભેદી ટાપુ (૨) ફિરસ્તાની વીંટી (૩) દલા શેઠનું ભૂત (૪) ભૂતિયા હવેલી (૫) નવ નંદ: લે. જીવરામ જોશી, કિં. ક્રમશ: ૨-૭૫, ૨, ૧-૫૦, ૨, ૩ રૂપિયા; આખા સેટના રૂ. ૧૧-૨૫.

ટિકિટ-સંગ્રહ

આરબ રાજ્યો પરના વિજયને સ્મરણાંકિત કરતી ઈઝરાએલની ખાસ ટિકિટો



હમણાંના આરબ-ઈઝરાએલ સંઘર્ષમાંના પોતાના વિજયને બિરદાવતી ઈઝરાએલની ત્રણ ખાસ ટપાલટિકિટો. એમાં પહેલી ટિકિટ પર 'વેઇલિંગ વૉલ'નું ચિત્ર છે. જૉર્ડનના પ્રતિબંધને લીધે એના સ્પર્શ ને દર્શનથી વંચિત યહૂદીઓએ આખરે સાડા અઢાર વર્ષ પછી જેરુસલેમ પર વિજય મેળવી પોતાના એ પવિત્ર સ્થાનને મુક્ત કર્યું છે. બે હજાર વર્ષ પહેલાં સોલોમનના સમયમાં બંધાએલા યહૂદી દેવળનો એ એક માત્ર અવશેષ છે. બીજી ટિકિટ પર પોતાનો વિજય સૂચવતું સંજ્ઞાત્મક આલેખન અને ત્રીજી પર તેરાનની જે ખાડી ઇજિપ્ત ઈઝરાએલ માટે બંધ કરવા માગતું હતું તેના પર મેળવેલા કબજાને નિર્દેશતું ચિત્ર છે. પોતાની દરેક ખાસ ટપાલટિકિટ સાથે, તેમાંના ચિત્રવિષયને અનુરૂપ અવતરણો આપવાની ઈઝરાએલની એક આગવી લાક્ષણિકતા છે. આ નવી ટિકિટો માટેની રદીકરણની ખાસ છાપમાંનું રેખાંકન 'ડેવિડના મિનારા'નું છે. (પ્રેષક: કિરણ જોષી-અમદાવાદ)




જમણી બાજુની બ્રિટનની ચાર ટિકિટો આ ૧૯મી સપ્ટેમ્બરે બહાર પડશે. એના પર રડાર સ્ક્રીન, પેનિસિલિન મૉલ્ડ, 'વી. સી.-૧૦' વિમાનનું જોડિયું જેટ અને ટેલિવિઝન કૅમેરાની બ્રિટનની શોધ નિર્દેશતાં આલેખનો છે. (પ્રેષક: રમણિકલાલ સોલંકી-લંડન). માજી રાષ્ટ્રપતિ શ્રી રાધાકૃષ્ણનના માનમાં બહાર પડેલી ભારતની ટિકિટ. →





શતરંજનો કોયડો



D. JOSEPH

સ્થિતિ: 1k1K4/1p5P/1P6/24/p7/8.

કોયડો: સફેદે રમવાનું અને જીતવાનું.

અહીં બંને પક્ષે રાજા અને બે-બે પ્યાદાં છે અને બન્નેનાં RP સાતમી હરોળ ઉપર છે. આમાં સફેદ કેમ જીતે છે તે માટે ઉકેલ જુઓ પૃ ૩૭૧ પર.

સુરેશ મોદી

પાંખાળો ઘોડો : એક પાશ્ચાત્ય પરીકથા પરથી રચાએલી વાર્તા; કાચું પૂઠું, પૃ. ૬૩, કિં. ૮૫ પૈ બંનેના લે. ધનંજય ર. શાહ.

ઘરગથ્થુ બાલવાર્તાવલિ : બાળકોને રસ સાથે જીવનોપયોગી બોધ આપતી બાળવાર્તાઓનીપુસ્તિકાઓ:(૧)તાંબિયોસાચો, મહોર ખોટી (૨) માલિકને સો આંખો (૩) માખી મધમાં મરી (૪) આપણે બે ગોઠિયા (૫) અક્કલનો સાવરણો (૬) પૂંછડીની મશાલ (૭) કુહાડીનો હાથો (૮) પ્રાર્થનાનો ઘંટ (૯) જાદુગર ગધેડો (૧૦) વાંદરાનો નાચ (૧૧) ખાટી દ્રાક્ષ (૧૨) પૂંછકટ્ટો. લેખક : રમણુલાલ સોની;દરેકનાંપૃ.૪૦, ૭૫ પૈસા, સેટના રૂ. ૯.

સોટી અને પોઠી : સોટીરામ અને પોઠીરામ નામના બે મિત્રોનાં હાસ્યપ્રેરક પરાક્રમો વર્ણવતી પ્રસંગમાળાઓની પુસ્તિકાઓ : (૧) સિંહ સાથે બાથ (૨) પૂતળું કે ચોર ? (૩) બેડીમાં બંધાયા (૪) લૂંટારાની ટોળી (૫) માખણિયા મામા (૬) લોખંડની બેડી (૭) ગોઝારો ગુલબાંગ-૧ (૮) ગોઝારો ગુલબાંગ-૨ (૯) ભૂતિયો બંગલો ૧ (૧૦) ભૂતિયો બંગલો ૨; પૃ. અનુક્રમે ૬૦, ૬૮, ૭૨, ૬૩, ૬૦, ૫૪, ૬૭, ૮૬, ૬૫, ૫૧; કિં. અનુક્રમે–૧-૫૦, ૧-૫૦, ૧-૫૦, ૧-૫૦, ૧-૫૦, ૧-૨૫, ૧ ૫૦, ૨ ૦૦, ૧ ૫૦, ૧-૨૫. દરેકના લે. ધનંજય શાહ. એજમાળાના ચોથા ગુચ્છની દસ પુસ્તિકાઓ, (૧) સોનાની ખાણ, પૃ. ૯૪, ૩૬૮ ('કુમાર' અંક ૫૨૫) રૂ. ૨; (૨) દીપડા પર સવારી, પૃ. ૭૦, રૂ ૧-૫૦; (૩) હાડપિંજર હાથ, પૃ. ૬૩, રૂ. ૧-૫૦; (૪) ઝવેરાતનો ચોર, પૃ. ૬૮, રૂ. ૧-૫૦; (૫) બોલતું મડદું, પૃ. ૯૧, રૂ. ૨; (૬) ભયંકર ભાલૂતો, પૃ. ૫૬, રૂ ૧; (૭) દગલબાજ ડોશી, પૃ. ૭૨, રૂ. ૧-૫૦; (૮) બોલતી કીટલી, પૃ. ૫૮, રૂ. ૧-૨૫; (૯) લશ્કરમાં જોડાયા, પૃ. ૭૨, રૂ. ૧-૫૦; (૧૦) કિટ્ટુનાં કરતૂતો, પૃ. ૫૮, રૂ. ૧-૨૫. આખા સેટના રૂ. ૧૫.

ગમ્મતમાળા : (૧) એપ્રિલ ફૂલ (૨) ફાંકડા ફિતૂરી (૩) પસ્તીની મસ્તી (૪) જેવા સાથે તેવા (૫) મોટાની મિત્રતા (૬) ઉતરાણની મોજ (૭) મૈથિલીનો બિરબલ (૮) કાકા: હોળીનું નાળિયેર (૯) દેવાળિયાઓની દિવાળી (૧૦) શાહજહાનના વારસદાર. લેખક હરીશ નાયક; દરેકનાં પૃ. ૪૦, કિ. ૦·૭૫; સેટના રૂ. ૭-૫૦. બાળકોમાં હાસ્ય ઉત્પન્ન કરે એવી એમના જેવા ટિંગુ-પિંગુનાં પરાક્રમો વર્ણવતી કથાઓની માળા.

બાલગોવિંદ પ્રકાશન

ગાંધીરોડ • અમદાવાદ-૧

માનવતાના વેરી : વિશ્વશાંતિને ભયરૂપ, ગરીબાઈના કારણુ સમા તથા પ્રગતિને રૂંધનારી રાજકીય ને વૈજ્ઞાનિક સમસ્યાઓને ચર્ચતા સ્વામી આનંદના લેખોનો સંગ્રહ. પાકું પૂઠું, પૃ. ૧૯૭, રૂ. ૭-૫૦.

સોમવારની સવારે : 'ગુજરાત સમાચાર'માં પ્રસિદ્ધ થતી આ જ નામની હાસ્યલેખ શ્રેણીના જાણીતા લેખક બકુલ ત્રિપાઠીનો બીજો સંગ્રહ. પાકું પૂઠું, પૃ. ૨૨૪, રૂ ૪.

ભારતીય ખગોળશાસ્ત્ર : મૌલિક કે પરપ્રાસ ? એ પર છોટુભાઈ સુથારના સંશોધનાત્મક વિચારો. પાકું પૂઠું, પૃ ૧૯૯, રૂ. ૫.

વનસ્પતિનો જાદુગર : વિવિધ વનસ્પતિ પર સફળતાથી અવનવી કલમો લગાડનાર વિખ્યાત વનસ્પતિવિદ્ લ્યૂથર બુરબૅન્કના પ્રયોગોનો રસમય ચિતાર. લે. ઈશ્વરભાઈ પટેલ, કાચું પૂઠું, પૃ. ૭૨, રૂ. ૧-૨૫.

સમાજ-નવનિર્માણ (ભા. ૨) : ઉત્તર બુનિયાદીનાં નવ ધોરણ માટેનું પાઠ્યપુસ્તક. લે. નવલભાઈ શાહ અને મનુભાઈ પંડિત, કાચું પૂઠું, પૃ. ૭૦, રૂ. ૧-૫૦.

રાષ્ટ્રીય આયોજન : ભારતીય આયોજનના વિવિધલક્ષી પ્રશ્નો ચર્ચતા લેખોનો સંગ્રહ. સં૦ જયંત મ. શાહ અને રામજીભાઈ પટેલ, કાચું પૂઠું, પૃ. ૧૧૧, રૂ. ૩·૨૫.

સાહિત્યકારો માટે
એક અભિનવ અધ્યયન કેન્દ્ર

પૂનામાં ચતુશ્રૃંગી ટેકરીની તળેટીમાં 'સેન્ટર ફૉર ઇંડિયન રાઈટર્સ' નામે અભિનવ સાહિત્યકેન્દ્રની સ્થાપના થઈ છે. સાહિત્ય, તત્ત્વજ્ઞાન, માનસશાસ્ત્ર, સુરુચિશાસ્ત્ર, કાવ્ય, વિવેચના ને સાંસ્કૃતિક પ્રશ્નો અંગેના એક નાનકડા પણ ચુનંદા પુસ્તકાલયની સાથોસાથ નજીક જ આવેલી પૂના વિદ્યાપીઠના પુસ્તકાલયનો પણ લાભ લેવાની વ્યવસ્થા સાથે આ કેન્દ્રમાં, શાંતિથી એકાંતમાં પોતાનું લેખનકાર્ય કરવા ઇચ્છતા લેખકો માટે પ્રાથમિક બધી સગવડોવાળા સ્વતંત્ર આવાસોની યોજના કરવામાં આવી છે. અલબત્ત, લેખકના આવવાજવાના કે જમવાના ખર્ચનો બોજ તો કેન્દ્ર હજી ઉપાડી શકે તેમ નથી, પણ અહીં નજીકમાં જ સારા એવા રેસ્ટોરાંની સગવડ છે અને શહેરમાં આવવાજવા માટે નિયમિત બસની વ્યવસ્થા પણ છે.

લેખકોને શાંત એકાંત આવાસ આપવા ઉપરાંત, આ કેન્દ્ર પરદેશમાં તેમજ દેશના જુદાજુદા પ્રાંતોમાં ભારતીય સાહિત્યનો પરિચય કરાવવાના ઉદ્દેશથી (મુંબાઈના નિર્મલ-સદાનંદ પબ્લિશર્સના સહયોગમાં) ભારતીય પુસ્તકોનાં અવલોકનો આપતું એક ત્રૈમાસિક, એક સાહિત્યિક વાર્ષિક તથા ગ્રંથ-માળાઓ પ્રકટ કરવાની પણ ઇચ્છા રાખે છે.

સાહિત્ય મંડળો અને અભ્યાસ વર્તુળો વચ્ચે વિચારવિનિમય, તથા સાહિત્ય ને કલા અંગેના વાર્તાલાપો, પરિસંવાદો વગેરે પણ આ કેન્દ્ર દ્વારા પ્રયોજાતા રહે છે. ભારતની જુદીજુદી ભાષાના લેખકોને આ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા આમંત્રણ છે. રસ ધરાવનારે વધુ વિગત માટે આ કેન્દ્રના નિયામક શ્રી પ્રભાકર પાધ્યેને 'પિતૃછાયા', ૧૦ અંબિકા સોસાએટી, ચતુશ્રૃંગી, પૂના-૧૬ એ સરનામે લખવું.

'રમ્ય-કથા' પેપરબૅક સીરીઝ

સૂરતની પ્રકાશન સંસ્થા 'સાહિત્ય સંગમે' જાણીતા લેખકોની નવી નવલકથાઓ આમ જનતાને સસ્તી કિંમતે મળી રહે તે માટે એક યોજના વિચારી કાઢી છે, જેનો હેતુ લોકોને સુરુચિપૂર્ણ સાહિત્ય સસ્તી કિંમતે આપવાનો છે. જે કૃતિઓ સાત આઠ રૂપિયાની કિંમતે મળે છે તેટલું વાચન માત્ર બે રૂપિયામાં આપવાનો એમાં ઇરાદો છે. સર્વશ્રી ગુલાબદાસ બ્રોકર, શિવકુમાર જોષી, ચંદ્રકાન્ત બક્ષી, ચંદુલાલ સેલારકા, રસિક મહેતા, મધુ રાય વગેરે જાણીતા લેખકોનો આમાં સહકાર મળ્યો છે.

આ માસ (સપ્ટેમ્બર) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્ય. વિ.: રાણી ઇલિઝાબેથ પહેલી



સોળમી સદીના ઇંગ્લંડના રાજકારણ પરના ધર્મસંપ્રદાયોના ઘેરા પ્રભાવને કારણે ત્યાંની ઇતિહાસપ્રસિદ્ધ રાણી ઇલિઝાબેથ પહેલીને આરંભના જીવનમાં બહુ ઉપેક્ષા સહેવી પડેલી. હેન્રી ૮માએ કૅથેરીનને તલ્લાક આપ્યા પછી નવી રાણી ઍન બોલીનથી ઈ. સ. ૧૫૩૩ની ૧૭ સપ્ટેમ્બરે ગ્રીનિચમાં ઇલિઝાબેથનો જન્મ થયો. પણ ગાદી પર એનો હક્ક રહ્યો ન હતો; પછી એ સ્વીકારાએલો, ત્યારે હેન્રીના પુત્ર એડવર્ડ છઠ્ઠાને કારણે તેનું મહત્ત્વ નહોતું. એડવર્ડ છઠ્ઠા પછી મેરીને ઇંગ્લંડની ગાદી મળી અને એની સામે કાવતરું કરવાના આરોપ તળે ઇલિઝાબેથને લંડન ટાવરમાં કેદમાં રહેવું પડ્યું. ઈ. ૧૫૫૮માં મેરીનું અવસાન થયું ને ઇલિઝાબેથ ઇંગ્લંડની રાણી બની.

એ કાળે ઇંગ્લંડ રાજકીય કટોકટીમાં હતું. ફ્રાંસ ને સ્પેઇનનો એના પર સદા ભય ઝઝૂમતો હતો. સ્કૉટલૅન્ડની રાણી ને ઇલિઝાબેથની ભત્રીજી મેરી ફ્રાંસમાં પરણી હતી ને ઇંગ્લંડની ગાદી પર પણ એ દાવો કરતી હતી. આવા સમયે ચકોર ઇલિઝાબેથે ધાર્મિક ને રાજકીય ક્ષેત્રે ભારી મુત્સદ્દીગીરી અજમાવી પોતાનું વર્ચસ વધારવા માંડ્યું. સ્કૉટલૅન્ડમાં પોતાની વગ વધારીને એવી પરિસ્થિતિ સર્જવી કે ઈ. ૧૫૬૧માં વિધવા થઈ મેરી પાછી ફરી ત્યારે રાજકાજનો દોર હાથ રાખી શકી નહિ, એટલું જ નહિ પણ સ્કૉટલૅન્ડની ગાદી પણ એને છોડવી પડી ને બહારથી મીઠો દેખાવ રાખી ઇલિઝાબેથે એ પછી એને ૧૯ વર્ષ સુધી ઇંગ્લંડમાં 'માન સાથે' કેદ રાખી મૂકી.

બીજી બાજુ ફ્રાંસનો તો નહિ, પણ સ્પેઈનનો ઇંગ્લંડને પૂરો ભય હોઈ, એને નબળું પાડવાના પ્રયત્નો કરવા માંડ્યા. સ્પેઇન સામે સ્વતંત્રતામાટે લડતા હોલૅન્ડને એણે આડકતરી સહાય કરવા માંડી, એનાં વહાણો લૂંટવા માંડ્યાં, વેસ્ટ ઇંડિઝમાંની સ્પૅનિશ વસાહતોને પણ લૂંટી અને પૅસિફિકમાંના સ્પૅનિશ મથકો પણ સર કર્યાં. ઇંગ્લંડ આ રીતે ઠીકઠીક સમૃદ્ધ પણ બનવા માંડ્યું. પોતાનું ખૂન થાય એ ભયથી એણે ૧૫૮૭માં મેરીનો વધ કરાવ્યો.

સ્પેઈનના ફિલિપ બીજાએ ઇંગ્લંડ સામે પોતાનો અજેય નૌકાકાફલો—'સ્પૅનિશ આર્મેડા' મોકલ્યો. એ સમયે રાણીએ ગજબ હિંમત દાખવી ને ઇંગ્લંડે એ કાફલાને હરાવ્યો. ઇંગ્લંડ માટે આ બહુ મોટી સિદ્ધિ હતી. 'સાગરની રાણી'નું બિરુદ હવે ઇંગ્લંડે લઈ લીધું.

ઇલિઝાબેથના અમલમાં નૅશનલ ચર્ચની સ્થાપના થઈ, ધાર્મિક ઝગડા શાંત પડ્યા, પ્રૉટેસ્ટંટ અને કૅથૉલિક બંને સંપ્રદાયમાં ચાલી શકે એવી નવી પ્રાર્થનાપોથી અમલમાં આવી, નવીનવી 'ચાર્ટર્ડ કંપની'ઓ સ્થપાઇને પરદેશોમાં ઇંગ્લંડનો વ્યાપાર વધ્યો ને પરિણામે લંડન ઘણું સમૃદ્ધ થતાં એનું મહત્ત્વ પણ વધી ગયું. ઇલિઝાબેથે ઇંગ્લંડને ભવિષ્યના એક મોટા સામ્રાજ્યના પથ પર લાવી મૂક્યું. લગભગ ૪૫ વર્ષના દીર્ઘ રાજ્યકાળ દરમિયાન ઇંગ્લંડમાં મજૂરોને લગતા કાયદાઓ પણ થયા ને અંગ્રેજી સાહિત્ય એની ચરમ કક્ષાએ પહોંચ્યું. એના રાજદરબારનો દબદબો ભવ્ય બની રહ્યો અને લોકોએ એને આપેલું 'ગ્લોરિયાના' નામ સર્વથા સાર્થક બની રહ્યું.

દરબારીઓની અતિરેકભરી પ્રશંસા અને પોતાની સુંદરતાના વખાણમાં મહાલતી ઇલિઝાબેથને અવનવા પોશાકો ને ઝવેરાતનો ઊંડો શોખ હતો. એના લગ્ન અંગે અનેક અફવાઓ ઊડતી, પણ એ જીવનભર કુંવારી જ રહેલી. એ મિથ્યાભિમાની અને ટૂંકા મનની હતી, પણ ભારી મુત્સદ્દીગીરી, હિંમત અને બુદ્ધિબળે એણે ઇંગ્લંડનો પ્રભાવ ઘણો વધાર્યો હતો. પોતાના દેશ પ્રત્યે એને ખરેખરો ભક્તિભાવ હતો. ઈ. સ. ૧૬૦૩માં ૨૪મી માર્ચે રિચમંડ મુકામે એનું અવસાન થયું.



પ્રસંગવિશેષ: ૧૮૫૭માં વિપ્લવમાં દિલ્હી અંગ્રેજોને હાથ ગયું: ૧૪ સપ્ટે.

ઈ. સ. ૧૮૫૭ના વિપ્લવમાં ચારચાર મહિનાના ઘેરા પછી યે અંગ્રેજો દિલ્હી હાથ કરી શક્યા નહોતા. બરેલી ને નીમચની સેનાઓ એનું રક્ષણ કરતી હતી. આ સેનાઓ લઇને બખ્તખાંએ અંગ્રેજ મથક નઝફગઢ પર હુમલો કર્યો ત્યારે અંગત વૈમનસ્ય અને ખોટી સ્પર્ધાથી પ્રેરાઈને નક્કી કરેલી યોજનાની અવગણના કરી નીમચની સેના નિર્ધારિત સ્થળે ન પહોંચી. જનરલ નિકલ્સનને બાતમી મળી ગઈ, ને એણે એકાએક હુમલો કરી એ સેનાને ખલાસ કરી નાખી. બખ્તખાંને પાછા ફરવું પડ્યું. ૧૪મી સપ્ટેમ્બરે અંગ્રેજોએ કાશ્મીરી દરવાજા, કાબુલી દરવાજા ને સબ્જી મંડીની દિશામાંથી ભારે હુમલો કર્યો. કાશ્મીરી દરવાજાને દારૂગોળાથી ઉડાડી મૂક્યો અને શહેરમાં પ્રવેશ કર્યો. પણ ત્યાં એને ગલીએ ગલીએ ને મકાને મકાને વિપ્લવકારીઓએ લડત આપી. બંને પક્ષે હજારો સૈનિકો મર્યા. પણ વિપ્લવકારીઓમાં અવ્યવસ્થા વધી પડી. બખ્તખાંની અનેક પ્રકારની સમજાવટ છતાં, અંગ્રેજોના મળતિયા મિરઝાં ઈલાહીબખ્શની વાતોમાં ફસાઈ હુમાયૂંના મકબરામાં રોકાઈ રહેલા બાદશાહ બહાદુરશાહ કેદ પકડાયો. એના શાહઝાદાઓ અને કુટુંબીઓને શોધીશોધીને ફાંસી દીધી કે કેદમાં સખત મજૂરી કરાવી માર્યા. માત્ર શિસ્તના અભાવ અને ખુટલ દગાખોરીને કારણે એક મોટો વિપ્લવ નિષ્ફળ ગયો અને પછીની સદી સુધી અંગ્રેજોએ સમગ્ર હિંદુસ્તાન પર એકે ચક્રે રાજ કર્યું.

—પૃથ્વી—


વિખેરી દઈ મોહને તું મુજ ચિત્તને પ્રેરજે,
ભલે મલિન દીન હીન પણ કોઈ કર્તવ્યમાં.

—'શેષ'—


અમદાવાદના અરવિંદ મંડળે શ્રી અરવિંદ-ની જયંતીએ વેદવિદ્ પંડિત શ્રીપાદ દામોદર સાતવળેકરને આમંત્રેલા ત્યારે એમના સ્વાગતમાં યોજકે કહ્યું કે વૃદ્ધાવસ્થાને લીધે શ્રમ ના પડે, માટે તેઓ એક જ વેદમંત્ર બોલશે. પંડિતજીએ કહ્યું: 'વેદમંત્રના પાઠથી શ્રમ પડે એમ કહેવામાં અજ્ઞાન રહેલું છે.' ને ૯૭ વર્ષના સાતવળેકરજીએ ચારે વેદોના મંત્રોનો બુલંદ નાદ સસ્વર ગજાવી સભાને મુગ્ધ કરી દીધી.

કહેવતોના અર્થ: 'જીવતા બાપને મારે દંડા, મૂઆ પછી પહોંચાડે ગંગા.' માણસના અસ્તિત્વ દરમ્યાન તેની મહત્તા પ્રત્યે નીંભર બની દુષ્ટ વર્તાવ કરનાર તેના મૂઆ પછી લોકલાજે (કે પશ્ચાત્તાપથી) તેના વિષેના આદરનો દંભ આચરે છે તે વર્ણવતા આ કથનને મળતી બીજી કહેવત 'મૂઈ ભેંસના મોટા ડોળા.'

ગઈ ૨૯મી જુલાઈના ન્યૂ યૉર્કના ખબર અનુસાર ૧૯-૨૦ ઑગસ્ટે ત્યાં 'વિશ્વ ડાકણ સંમેલન' ભરાવાનું હતું, જેમાં જાદુગરો ને જ્યોતિષીઓ, મનકળા અને ભવિષ્યવેત્તાઓ પણ ભાગ લેવાના હતા; અને શહેરના 'જાહેર સ્થાનકોના સત્તાવાળાઓ' રજા આપે તો દરિયાકાંઠે યોજાનારા એમના ભોજન સમારંભમાં ભૂંજેલાં ઘૂવડ, વીંછીનો સેરવો (સૂપ), શાર્ક મચ્છીનો ખીમો અને ડંડા તેમજ ગરમ સાપનાં માંસની વાનીઓ પીરસાવાની હતી!



દુનિયામાં રેડિયો-ટેલિવિઝનના પ્રસરણ માટે ૧૦૦૦ ફૂટથી વધુ ઊંચા ૮૦ મિનારા છે, જેમાંના ૭૯ અમેરિકામાં છે. ન્યૂ મૅક્સિકોનો ૧૬૧૦ ફૂટ ઊંચો મિનારો દુનિયામાં સૌથી ઊંચો છે. ટોકિયોનો ૧૦૮૨ ફૂટ ઊંચો મિનાર અમેરિકા બહાર ઊંચામાં ઊંચો મિનાર છે.



ઘોડિયાના ખોયામાં વચ્ચે કોંટો લગાડવામાં આવે તો દોરી ખેંચવા માટે દિશાફેર કરતી વેળા ખોયું કે ઘોડિયું ફેરવવું નહિ પડે.

ચિત્રનો ટેકો



કોઈ નાના ચિત્રની ફ્રેમ કે ફોટોગ્રાફ ટેબલ પર શોભા તરીકે રાખવા માટે જાડા પૂઠામાંથી બનાવેલી આ નાનકડી ફોલ્ડિંગ પીઠ બહુ સરસ કામમાં આવશે. ચિત્રમાં જમણી બાજુ બતાવેલી આકૃતિ મુજબ તે પર આપેલા આંકડાનાં માપ પ્રમાણે પૂઠાં કાપી, તેના આગળના ભાગમાં ફૂદડીઓવાળાં કાણાં રાખી તેમાં બૂટની લેસ બાંધવાથી જોઈએ તેટલો ખૂણો પાડીને તે ઊભી રાખી શકાશે.



કલાકણિકા: રોમન સંસ્કૃતિનો જ્યારે ઉદય પણ નહોતો થયો ત્યાર પહેલાં ઇટાલીની ઉત્તરે એટ્રુસ્કન નામે એક સંસ્કૃતિ જાહોજલાલ હતી. ઉપરના બક-આકારના પાત્ર પર દેખાતી પાંખાળી સ્ત્રી તે એક એટ્રુસ્કન દેવી 'લાસા'ની છે. આ નમૂનો ઈ. સ. પૂર્વે ૪થી સદીની એટ્રુસ્કન કારીગરોની કળાનો દ્યોતક છે.

ગણિતગમ્મત

જે સંખ્યાને છેડે પાંચનો આંકડો આવતો હોય તેવી કોઈ પણ સંખ્યાનો વર્ગ શોધવાની એક સરળ રીત છે: દા. ત. ૬૫નો વર્ગ કરવો હોય તો પ્રથમ ૫નો આંકડો કાઢી નાખો. પછી જે સંખ્યા (૬) રહે તેનો તે રકમમાં એક ઉમેરતાં (૬ + ૧ = ૭) આવતી સંખ્યા સાથે ગુણાકાર કરો (૬ × ૭ = ૪૨). આ રકમની જમણી બાજુ પાંચનો વર્ગ ૨૫ મૂકતાં ૪,૨૨૫ મળે છે, જે ૬૫નો વર્ગ છે. આ જ પ્રમાણે ૧૧૫નો વર્ગ કરવો હોય તો ૧૧×૧૨=૧૩૨-ની જમણી બાજુ ૨૫ મૂકતાં સાચો જવાબ ૧૩,૨૨૫ મળી જશે. —પ્રતિભા વ્યાસ

ડામરનો ડાઘ પેટ્રોલથી જાય છે.

आदानस्य प्रदानस्य
कर्त्तव्यस्य च कर्मणः ।
क्षिप्रं अक्रियमाणस्य
कालः पिबति तद् रसम् ॥

આદાન-પ્રદાનના (આપ-લેના) વ્યવહારમાં અને જરૂરી કાર્યોને વહેલી તકે પતાવી દેવામાં જો વિલંબ થાય તો તે કાર્યોના સાફલ્યની મજા ઊડી જાય છે.

શતરંજના કોયડાનો ઉકેલ

1 P–R8(=Q). સફેદ પ્યાદું વજીર થતાં કાળાના પ્યાદાને વજીર થવાના ખાના ઉપર પણ કાબૂ મેળવે છે.

1…, P–R8(=Q)!

હવે સફેદ 2 Q×Q રમે તો Satlemate થાય છે. એટલે 2 Q–N8!

આ સિવાય બીજે ક્યાંય જઈ શકાય તેમ નથી. દા. ત. 2 Q–B8, Q–R6; 3 Q–N8, (3 Q×Q થી Stalemate થાય માટે) Q–Q3ch અને પછી 4…, Q×P ને સફેદ તે જીતી શકે. તેમજ 2 Q–K8, Q–N2. સફેદ રાજા પુરાઈ ગયો.

2…, Q–R7.

ફરી કાળો વજીરનો ભોગ આપે છે. પણ સફેદ તે સ્વીકારે તો Stalemate થાય.

3 Q–K8, Q–R5.

ત્રીજી વખત Stalemate મેળવવા વજીરનો ભોગ અપાય છે.

4 Q–K5ch, K–R1; 5 Q–R8.


અહીં કાળો 5…, Q–R8થી વજીરનો ભોગ આપી શકે નહિ, કારણ કે 6 Q×Qથી પોતાના રાજાને શેહ આવે છે, Stalemate નહિ. હવે કાળો સફેદ રાજાને સાતમી હરોળ ઉપર આવતો રોકી શકે નહિ અને મહાત થાય. આમ, અંતે સફેદ જીતે છે.



૧ મલ્હાર • રાજપૂત કલમ (પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમ-મુંબાઈના સંગ્રહમાં) વર્ષાના જળ-સજમાળ બનેલી પ્રકૃતિના સ્વચ્છ સુંદર નિખાર અને એના આનંદથી કિલ્લોલતાં પક્ષીઓ દ્વારા મેઘરાજના પ્રભાવને સ્પષ્ટ કરતું સુંદર ચિત્ર.



કાર્તિકેય • ૧૬-૧૭મી સદીની દ. ભારતની કાંસ્યમૂર્તિ (Courtesy: Sothby's, London) પદ્માકાર આસન પર સ્થિત કાર્તિકેયની ગૌરવાંકિત પૌરુષભરી સુંદરતાને તાદશ કરતી આ કાંસ્ય-મૂર્તિ લંડનના જાણીતા કલાવિક્રેતા (પરિચય કલાવાર્તામાં)એ ૨૧૦૦ પાઉન્ડમાં હમણાં વેચી.



રાજકોટની ખડપીઠ

મગનલાલ ત્રિવેદી

સવારના કૂમળા તડકામાં મંડાઈ જતી 'ખડપીઠ' (લીલા ઘાસની બજાર)નાં દૃશ્યો હવે તો શહેરમાં દુર્લભ છે. અહીં ચિત્રકારે આવી એક તક ઝડપી લેવા સાથે એના તાઝગીભર્યા વાતાવરણને તાદૃશ ઉતાર્યું છે. સ્થળ પર જ બેસી જઈ ત્વરાથી એમણે આવાં સંખ્યાબંધ જલરંગ-ચિત્રો કરેલાં છે. મૉડર્ન આર્ટના ધખારામાં આજે તો આપણે ત્યાં આ માધ્યમમાં અને આ શૈલીએ કામ કરનારા ગણ્યાગાંઠ્યા ચિત્રકારો જ રહ્યા છે. પણ આ માધ્યમને ભૂલી જવા જેવું નથી. પશ્ચિમમાં તો ખાસ 'વૉટર કલર સોસાએટી'ઓ ચાલે છે અને અનેક ચિત્રકારો આ માધ્યમના ચિત્રાલેખનમાં ખ્યાત થયા છે. આમાં પણ પૂરતા અભ્યાસ, કામની ઝડપ અને હાથની નજાકત માટે પુરુષાર્થ ખેડવાનો હોય જ છે. જલરંગો એટલે પાણી સાથે મેળવીને વપરાતા રંગો એવો એક સામાન્ય અર્થ ખરો, અને એમાં યે થોડા ઘણા ફેર-ફાર સાથે અનેક પ્રકારો પણ ખેડાયા છે. પૂર્વના દેશોમાં કાગળ અને રેશમના પટ પર મોટે ભાગે આ માધ્યમથી જ કામ થએલું છે. પરંતુ શુદ્ધ 'વૉટર કલર' તરીકે જે પ્રકાર વિકસ્યો છે તે આ ઉપરના દૃષ્ટાંત જેવો છે. એના રંગોમાં પારદર્શિતા અને તેજસ્વિતા એ બે મુખ્ય ગુણો છે. શૈલી અને માધ્યમની વિશુદ્ધિના આગ્રહી તો આમાં સફેદ અપારદર્શક રંગના ઉપયોગને તદ્દન વર્જ્ય ગણે છે. આ મર્યાદા સ્વીકારીને કામ કરવું એ એક કસોટી છે. તૈલરંગની ઘૂંટાતી પીછીની વિગતસભરતાને બદલે ફટાફટ ઊતરતા જલરંગની પીછીના લસરકા ચિત્રમાં સજીવતા આરોપે છે એટલું જ નહિ, ચિત્રકાર અને ભાવકને જોડતા એક કલાતંતુ રૂપ બની રહે છે. જલરંગની આવી કૃતિ દસ્તાવેજી નોંધવાળી હોવા છતાં ફોટોગ્રાફિક નકલ જેવી ન બની રહેતાં એમાંથી ચિત્રકારની નિજી લાક્ષણિકતા પણ પ્રકટતી હોય છે.